ISSN-0971-8397

# યોજના

ફેબ્રુઆરી-૨૦૧૫ વિકાસને સમર્પિત માસિક ₹ ૧૦

## સમવાયતંત્ર અને ભારતીય રાજકારણ

ભારતની સફળતાની ચાવી : વિવિધતામાં એકતા

સમવાયતંત્ર શા માટે ?

સ્થાનિક સરકારોના પરિપ્રેક્ષ્યમાં નાણાકીય સંઘવાદ

વાયબ્રન્ટ ગુજરાત : સર્વાંગી વિકાસનું લક્ષ્ય

બેટી બચાવો, બેટી ભણાવો

મુખ્ય લેખ

**ડિજિટલ ઇન્ડિયા**

વિજાણું ભારત કાર્યક્રમ - જાહેર વહીવટીતંત્રમાં સુધારાઓનો પ્રેરણારૂપ પ્રયાસ






## Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :

**Business Manager (Journals)**
Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી આકર્ષણ**

**માર્ચ ૨૦૧૫**

**અંદાજપત્ર (વિશેષાંક) ૨૦૧૫-૧૬**

# યોજના

YR. XXXXII VO. XI

નિયામક અને મુખ્યતંત્રી
**રાજેશ કે. ઝા**

નાયબ નિયામક : **અમિતા મારુ**
તંત્રી : **અજય ઇન્દ્રેકર**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

| | | |
|---|---|---|
| **છૂટક નકલ** | : | **રૂ. ૧૦-૦૦** |
| **વાર્ષિક લવાજમ** | : | **રૂ. ૧૦૦-૦૦** |
| **બે વર્ષ** | : | **રૂ. ૧૮૦-૦૦** |
| **ત્રણ વર્ષ** | : | **રૂ. ૨૫૦-૦૦** |

લવાજમની રકમ “S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)”ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**

લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ,
યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦

# આયોજન અને વિકાસને સમર્પિત

**વર્ષ : ૪૨ અંક : ૧૧ ફેબ્રુઆરી-૨૦૧૫ સળંગ અંક : ૭૭૦**

## વિષયસૂચિ

| | | |
|---|---|---|
| સ્થાનિક સરકારોના પરિપ્રેક્ષ્યમાં નાણાકીય સંઘવાદ : નીતિ આયોગ | એમ. એ. ઓમ્મેન | ૫ |
| ભારતની સફળતાની ચાવી : વિવિધતામાં એકતા | એસ નારાયણ રોય | ૧૧ |
| ડિજિટલ ઇન્ડિયા | યોગેશ કે. દ્વિવેદી તથા અન્યો | ૧૫ |
| પાંચમા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી | – | ૨૨ |
| સમવાયતંત્ર શા માટે : એક પરિપ્રેક્ષ્ય | વિનાયક નારાયણ શ્રીવાસ્તવ | ૨૩ |
| બેટી બચાવો, બેટી ભણાવો... | – | ૨૮ |
| માઈક્રોબાયોમ (અતિ સૂક્ષ્મજંતુ) | – | ૩૧ |
| સમવાયતંત્ર અને ભારતમાં તેની રૂપરેખા | ધનુશ્રી ઉદાગે | ૩૨ |
| સમવાયતંત્ર અને ૧૩મું નાણાપંચ | પ્રા. રણછોડ ગાગલ | ૩૬ |
| સ્વચ્છતા અભિયાનનું પ્રથમ પગથિયું : શૌચાલય ક્રાંતિ | ડૉ. નિલેશ એમ. મારવણિયા | ૩૮ |
| ભારતીય સમવાયી નાણાં વ્યવસ્થા : એક બંધારણીય અભિગમ | ડૉ. સુરેશ ઉપાધ્યાય | ૩૯ |
| ભારતમાં સમવાયતંત્ર : આર્થિક પરિપ્રેક્ષ્યમાં | ડૉ. કપિલ પી. ઘોસિયા | ૪૩ |
| વાયબ્રન્ટ ગુજરાત – સર્વાંગી વિકાસનું લક્ષ્ય | યોગેશ પંડ્યા | ૪૫ |
| સ્પષ્ટ જનાદેશ અને સમવાયતંત્ર | ડૉ. પી. એસ. હિરાણી | ૫૦ |
| સમવાયતંત્ર અને કેન્દ્ર-રાજ્યો વચ્ચેના નાણાકીય સંબંધો | કિશોર વી. ગજેરા | ૫૨ |

## ટાઈટલ

- આવરણ ડિઝાઈન : – ૧
- યોજના જાહેરાત : – ૨
- સિબિલ સ્કોર : શું આપ જાણો છો ? ૩
- પ્રકાશન વિભાગનાં પુસ્તકો : – ૪

**Website : www.yojana.gov.in**
**E-mail Address : yojanagujarati@gmail.com**

# તંત્રીલેખ

## બુદ્ધને દેશવટો

**રા**જ્યના વિવિધ સ્તરો વચ્ચે સંગઠનના સિદ્ધાંત તરીકે સંઘ જેવા સમવાય તંત્રનો વિચાર ઘણો જૂનો છે. ગ્રીકના શહેરોમાં આવી જ વ્યવસ્થા પ્રવર્તમાન હતી. ઇ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં ઉત્તર ભારતના લિચ્છવી રાજ્ય ગણરાજ્યનું ઉત્તમ ઉદાહરણ છે. આધુનિક વિશ્વમાં અમેરિકા, બ્રાઝિલ, મેક્સિકો અને ભારત જેવા મોટા દેશોમાં અંદર સંઘ વ્યવસ્થા કે સમવાય તંત્ર સૌથી વધુ લોકપ્રિય શાસન વ્યવસ્થા છે. હકીકતમાં તાજેતરમાં યુરોપિયન યુનિયને આર્થિક સ્તરે વિવિધ ફાયદા વધારવા રાષ્ટ્રો વચ્ચેના જોડાણનો અમલ કર્યો તે સંઘવાદનું તાજું ઉદાહરણ છે. યુદ્ધ અને અન્ય પરિબળોના કારણે મોટા સંઘ માળખામાંથી છૂટા પડીને ૧૯૯૦ પછી અસ્તિત્વમાં આવેલા ત્રણ ડઝન જેટલા દેશો એકબીજાની નજીક આવ્યા હોવાનું આશ્ચર્ય થઈ શકે છે. મોટા ભાગના કેસમાં સંઘ માળખામાં અવ્યવસ્થા ઊભી થવાથી વંશીય અને રાષ્ટ્રીય સંઘર્ષનો જન્મ થયો હતો, જેના પગલે નવા રાષ્ટ્રોનો જન્મ થયો હતો.

નિષ્ણાતોએ નોંધ્યું છે કે સમગ્ર દુનિયામાં 'સંઘવાદમાં ખળભળાટ' જોવા મળે છે, પણ સંઘવાદનું કોઈ એક મોડેલ નથી. જ્યારે ફ્રાંસના રાજકીય વિચારક મોન્તેસ્ક્યુએ 'સાર્વભૌમ શહેરી રાજ્યો દ્વારા રચિત સંઘ ગણરાજ્ય' વિશે વાત કરી હતી, ત્યારે જેમ્સ મેડિસન જેવા સંઘવાદીઓએ 'સંકુચિત સ્થાનિક હિતોને કચડી શકે તેવી મજબૂત કેન્દ્ર સરકાર સાથે સંયોજક ગણરાજ્ય'ની અપીલ કરી હતી. ભારતીય બંધારણના રચયિતા ગણાતા બાબાસાહેબ આંબેડકર માનતા હતા કે ભારત જેવા સાંસ્કૃતિક, ભાષાકીય અને જાતિગત વૈવિધ્યતા ધરાવતા દેશ માટે મજબૂત કેન્દ્ર સાથે સંઘ કે સમવાય તંત્ર 'મુખ્ય સિદ્ધિ' છે. પંડિત જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ અને અન્ય રાષ્ટ્રીય નેતાઓની આ માન્યતા ગાંધીજીના સંઘવાદના વિચારથી અલગ હતી, જેઓ સત્તાના વિકેન્દ્રિકરણમાં અને પંચાયતના નીચામાં નીચા સ્તર સુધી સત્તાના વિકેન્દ્રિકરણમાં વિશ્વાસ ધરાવતા હતા.

વૈશ્વિકરણે સંઘવાદને વધારે મજબૂત બનાવ્યો છે. દુનિયાના વધુને વધુ દેશો એકબીજા સાથે મજબૂત રીતે જોડાઈ રહ્યા છે તેમ શક્તિશાળી નાણાકીય અને રાજકીય સંસ્થાઓની બાહ્ય અસર રાજ્યોના વિવિધ ભાગો પર કામગીરીની સ્વતંત્રતાને મર્યાદિત કરે છે. સરકારી સંસ્થાઓની નબળાઈઓમાં તે ઘણી વખત પ્રતિબિંબિત થાય છે. આ પ્રક્રિયામાં 'સ્પર્ધાત્મક સંઘવાદ'નો તબક્કો પણ જોવા મળી રહ્યો છે, જેમાં રોકાણ આકર્ષવા, પોતાના લાભ માટે મૂડી અને ટેકનોલોજી સંપાદિત કરવા રાજ્ય સરકારો કેન્દ્ર સાથે સ્પર્ધા કરે છે. બીજી તરફ ભારત નાણાકીય બાબતોમાં રાજ્યો પર કેન્દ્ર સરકારના નિયંત્રણો ધીમે ધીમે હળવા કરીને અને પોતાની કામગીરી નીતિગત બાબતો પૂરતી મર્યાદિત કરીને સહકારી સંઘવાદનો માર્ગ પ્રશસ્ત કરી રહ્યું છે.

લોકશાહીનું માળખું વ્યાપક બને અને તેના મૂળિયા ઊંડા ઊતરે તો જ સંઘવાદ તેના ખરા અર્થમાં સફળ થઈ શકે છે તે સમજવું મહત્ત્વપૂર્ણ છે. ભારતના કિસ્સામાં રાજકીય અને સંસ્કૃતિના અસ્તિત્વની ઓળખ સ્વરૂપે ભાષા, સંસ્કૃતિ, જાતિ અને ધર્મની વિવિધતાને સન્માન સંઘવાદને પોષી શકે છે અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને મજબૂત કરી શકે છે. ભારત બુદ્ધકાળની તેની સંઘવાદની તેની મહાન પરંપરાને આગળ વધારી શકે તે માટેનો આ એક જ માર્ગ છે.

ચાલો, આપણે આ વાતનો અંત લાવીએ. ઇ. સ. પૂર્વે પાંચમી સદીની આસપાસ લિચ્છવી અને શાક્ય ગણરાજ્યો સંથાગરા નામની સંસ્થાકીય વ્યવસ્થા ધરાવતા હતા, જેનો ઉપયોગ ગણરાજ્યના વિવિધ રાજ્યો વચ્ચે વિવાદો સહિત મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે થતો હતો. બુદ્ધે ૨૦ વર્ષની ઉંમરે શાક્ય સંથાગરાની પહેલ શરૂ કરી હતી. તે સમયે શાક્ય અને કોલિયા વચ્ચે રોહિણી નદીના પાણીને લઈને વિવાદ જન્મ્યો હતો. શાક્ય રાજ્યનો સેનાપતિ કોલિયા સાથે યુદ્ધ કરવા તલપાપડ હતો, પણ સિદ્ધાર્થે તેનો વિરોધ કર્યો હતો. જો કે ગણરાજ્યની બેઠકમાં સિદ્ધાર્થે રજૂ કરેલી શાંતિ સમજૂતી મતદાન દરમિયાન નામંજૂર થઈ હતી. સિદ્ધાર્થને ગણરાજ્યમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. બુદ્ધનો પરાજય થયો હતો અને તેમને ગણરાજ્યના સભ્ય તરીકે બહાર નીકળી જવું પડ્યું હતું, પણ ગણતંત્રનો વિચાર અને સૈન્યબળનો ઉપયોગ કર્યા વિના વિવાદોનું સમાધાન શાંતિપૂર્ણ રીતે કરવાનો માર્ગ હજુ પણ અસ્તિત્વમાં છે. ગણતંત્ર રાજ્યના આત્મા જ રાષ્ટ્રોની એકતા અને અખંડિતતાનું હાર્દ છે.

અને છેલ્લે, યોજનાના વાચકોને અંતિમ સલામ કહેવાનો સમય થઈ ગયો છે. છેલ્લાં બે વર્ષથી મેં તમારી સાથે વિવિધ વિષયો પર વિચારો વહેંચ્યા છે. યોજના તમને પ્રોત્સાહિત કરવાનું ચાલુ રાખશે અને રાષ્ટ્રનિર્માણની આ સફરમાં વાચકોને સહભાગી બનાવવા પ્રેરક સામગ્રી આપશે તેવો મને વિશ્વાસ છે.

# સ્થાનિક સરકારોના પરિપ્રેક્ષ્યમાં નાણાકીય સંઘવાદ : નીતિ આયોગ

● એમ. એ. ઓમ્મેન ●

**સં**ઘીય વ્યવસ્થા એટલે સરકારની બહુસ્તરીય પ્રશાસન પ્રણાલી. નાણાકીય સંઘવાદ એટલે ખર્ચની જવાબદારીનું વિભાજન, નાણાકીય કાર્યો, આંતર સરકાર લેવડ-દેવડ વ્યવસ્થા અને સંઘના આંતરિક નાણાકીય સંબંધોને લગતી પ્રવૃત્તિઓ. કોઈપણ સારી નાણાકીય સંઘ વ્યવસ્થાનો હેતુ હોય છે સરકારનાં વિવિધ સ્તરો વચ્ચે સ્રોતો અને જવાબદારીઓની અસરકારક, સક્ષમ અને સમતોલ ફાળવણીને સહાયરૂપ બનવું અને સ્થિર સંઘીય પ્રણાલીની દિશામાં - કામ કરવું - ભારતીય સંઘ વ્યવસ્થા મૂલતઃ કેન્દ્ર અને રાજ્ય સરકારોની બનેલી દ્વિસ્તરીય વ્યવસ્થા હતી. પરંતુ બંધારણના ૭૩મા/૭૪મા સુધારાએ ભારતીય બંધારણમાં ભાગ-૯ અને ભાગ-૯અ નો ઉમેરો કર્યો અને સરકારમાં પંચાયતી રાજ સંસ્થાઓના ઉમેરા સાથે સરકારમાં ત્રીજા સ્તરનો પણ ઉમેરો થયો. આ પગલાંએ ભારતીય સંઘને બહુસ્તરીય જાહેર નાણાકીય વ્યવસ્થા સાથે બહુસ્તરીય સંઘીય પ્રણાલીમાં ફેરવી નાખ્યો. આ સુધારાઓને વીસથી પણ વધુ વર્ષ વીતી ગયાં છે અને તેને સમર્થન આપતા કાયદા ૧૯૯૪માં બધાં રાજ્યો દ્વારા ઘડી દેવાયા છે. ખરેખર, છેવાડાના સ્તરે સ્થાનિક લોકતાંત્રિક સરકારની દિશામાં કામ કરવાના અને લોકભાગીદારી માટે લોકતાંત્રિક અવકાશ ઊભો કરીને નાણાકીય વિકેન્દ્રીકરણ તરફનો મુખ્ય પ્રયાસ હતો. નાણાકીય વિકેન્દ્રીકરણ એટલે સ્થાનિક સરકારોનું નાણાકીય સશક્તિકરણ છે. અહીં મહત્ત્વનો પ્રશ્ન એ ઊભો થાય છે કે શું 'સ્વરાજ સંસ્થાઓ' તરીકે કામ કરતી સ્થાનિક સરકારોને બંધારણની કલમ ૨૪૩ જી અને ૨૪૩ ડબ્લ્યુ હેઠળ આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય પહોંચતા કરવાની મહત્ત્વની કામગીરી સાથે કાયમી નાણા સ્રોતો પૂરાં પડાયાં છે ખરાં ? હવે જ્યારે બિનબંધારણીય સંગઠન આયોજન પંચ વિખેરી નખાયું છે અને તેના સ્થાને ભારતના નવસર્જન માટેની રાષ્ટ્રીય સંસ્થા - નીતિ પંચ નામની નવી સંસ્થા ૧ જાન્યુઆરી, ૨૦૧૫થી કાર્યરત કરાઈ છે ત્યારે તત્કાળ એક જ સવાલ ઊભો થાય છે કે બંધારણની કલમ ૨૪૩ ઝેડ ડી મુજબ જિલ્લા આયોજન સમિતિના નામે ઓળખાતા બંધારણીય સંગઠન માટે શું તમે નવી ભૂમિકાની કલ્પના કરી રહ્યા છો ?

તબદીલી વ્યવસ્થાને તાર્કિક બનાવવા માટે કેવા સુધારા જરૂરી છે ? નાણાકીય સંઘવાદને લગતા આવા અનેક પ્રશ્નો સ્થાનિક સરકારો સામે ઊભા થાય છે અને તેને નવી તથા નિકટતાથી જોવાની જરૂર છે. આવા જ કેટલાક સવાલો ઊભા કરવાનો આ લેખનો હેતુ છે, કારણ કે ખોટા જવાબો આપવા કરતાં સાચા સવાલો ઊભા કરવા વધુ મહત્ત્વના છે. જેમાં નવી સરકારે તેના વિશ્વાસ અને વચનબદ્ધતા વ્યક્ત કર્યા છે તે ભારતના સહકારી સંઘવાદનો દુનિયાની કોઈપણ સંઘીય પ્રણાલી સાથે સરખાવી શકાય તેમ નથી. ઉદાહરણ તરીકે તે જર્મની અથવા દક્ષિણ આફ્રિકાની વ્યવસ્થા જેવી પણ નથી કે જ્યાં મુખ્ય નીતિઓ સંઘ સરકાર નક્કી કરે છે અને તેની અમલકર્તા એજન્સીઓ તરીકે વિવિધ સ્તરની સરકારો કામ કરે છે. તે બ્રાઝિલના મોડેલ કરતાં પણ અલગ છે કે જ્યાં સરકારના ત્રણેય સ્તર સ્વાયત્ત અને સમાન દરજ્જાના છે તેમજ તેની સમસ્તરીય કે સમલંબ નીતિઓ સંકલન સાધે છે. ભારતને સહકારી સંઘવાદનું 'માર્બલ કેક મોડેલ' પણ કહી શકાય નહીં કે જ્યાં સરકારના વિવિધ સ્તરો જવાબદારીઓ વહેંચી લેતા હોય અને તેમને સમાન ભાગીદાર ગણવામાં આવતા હોય. ભારતમાં સરકારના વિવિધ સ્તરોને સમાન ભાગીદાર ગણવામાં આવતાં નથી.

હકીકતમાં ભારતીય સંઘમાં રાજ્ય અને સ્થાનિક સરકારના સ્તરે સ્રોતો અને જવાબદારીઓની બહુ મોટી અસમતુલા સાથે સંઘની તરફેણમાં અંતર્નિહિત ઝોક છે. તેમાં વળી સંઘના બહુસ્તરીય માળખા (સંઘ અને રાજ્યો ઉપરાંત ત્રિસ્તરીય પંચાયતી રાજ સંસ્થાઓ, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ)ને લીધે તેમજ વિવિધ હેતુ પૂરા કરવા માટે નાણાં તબદીલીના અનેકવિધ માર્ગોના કારણે આ સમસ્યા વધુ જટિલ છે.

**ચડતી-ઉતરતી સત્તાનો સિદ્ધાંત અને ભારતનો સહકારી સંઘવાદ**

એક વ્યવહારુ અને ગતિશીલ નાણાકીય સંઘવાદના ઘડતર માટે મહત્ત્વની આવશ્યક શરત છે કાર્યો, જવાબદારીઓ અને નિયમનકારી ભૂમિકાની વહેંચણી. સરકારના વિવિધ સ્તરોએ ખૂબ મહત્ત્વના બે સવાલ થવા જ જોઈએ કે કોણ શું કરશે ? અને કોણ ક્યાં કેટલો કરવેરો વસૂલ કરશે ? ભૂતકાળમાં નજર કરીએ તો એ સ્પષ્ટ થાય છે કે ભારતે નથી ક્યારેય આવા સવાલ ઊભા કર્યા કે નથી કદી તેના સંતોષકારક જવાબો શોધ્યા. પ્રશાસનના ખર્ચા, જવાબદારીઓ અને આવક ઊભી કરવાના કામોની વહેંચણીમાં માર્ગદર્શન માટેનો એક સરળ છતાં અત્યંત પ્રસ્તુત સિદ્ધાંતનું આ ચડતી-ઉતરતી સત્તાના સિદ્ધાંત વખતે પાલન કરવું જરૂરી છે. તે કહે છે : કોઈ એક ચોક્કસ સ્તરે જે સર્વશ્રેષ્ઠ કરી શકાય (અલબત્ત ઓછામાં ઓછા વ્યવહાર અને સંકલનના ખર્ચે) એમ હોય તે એ જ સ્તરે કરવું જોઈએ અને તેનાથી ઉપલા સ્તરે નહીં. બીજા શબ્દોમાં સરકારના દરેક ઉપલા સ્તરે કામ સોંપતી વખતે દેખીતું કારણ હોવું જ જોઈએ. જો કે લોકો ભૂતકાળની પંચાયતોનો સંદર્ભ આપે છે જેમાં વેદિકકાળમાં પણ તેમનું અસ્તિત્વ જોવા મળતું હતું અને બ્રિટિશરોના સમયમાં વસાહતી સરકાર વખતે પણ સ્થાનિક સ્તરે 'ટચુકડાં પ્રજાસત્તાક' સર્જવાના અને આ સંસ્થાઓને સ્વશાસિત બનાવવાના પ્રયાસ થયા હતા. ભારત સરકાર ધારો ૧૯૩૫ અને પ્રાંતીય સ્વાયત્તતાના પ્રારંભે નગરપાલિકાઓ અને ગ્રામપંચાયતોના સ્તરે લોકતાંત્રિક પ્રક્રિયા આગળ વધારવાના અનેક પગલાંના સર્જનની દિશા ખોલી હતી. આપણે સૌ જાણીએ છીએ કે, ભારતના સ્વતંત્રતા આંદોલનમાં ગ્રામપંચાયતો વૈચારિક કેન્દ્રમાં હતી અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ તેમના ગ્રામસ્વરાજના વિચારને ભાવિ ભારત માટે સમાજના કેન્દ્રમાં રાખ્યો હતો. તેમ છતાં, ભારતના બંધારણમાં ગ્રામપંચાયતોને કેવળ કલમ ૪૦ હેઠળ ઉલ્લેખિત કરાઈ છે. એટલે કે નિર્દેશાત્મક સિદ્ધાંતોના ભાગ તરીકે 'સ્વરાજ્યના એકમો' ઊભા કરવાની વાત છે અને બંધારણના કાનૂની રીતે ફરજિયાત ભાગ તરીકે પંચાયતોનું ઘડતર ગણાયું નથી. અરે બંધારણે તો ૧૮૮૪ના લોર્ડ રીપન ઠરાવમાં સ્થાનિક 'સ્વરાજની સંકલ્પના' જ સ્વીકારી જ ન હતી. આ ઐતિહાસિક ભૂલ સુધારીને સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવાનું ૭૩મા/૭૪મા બંધારણીય સુધારા પર છોડવામાં આવ્યું હતું.

ભારતીય બંધારણમાં કેન્દ્ર અને રાજ્યોની કામ કરવાની અને વેરા-વસૂલાતની ત્રણ અલગ યાદીઓ (પરિશિષ્ટ-૭ હેઠળ) આપવામાં આવી છે. એટલે કે કેન્દ્ર માટેની સંઘીય યાદી, રાજ્યો માટેની રાજ્ય યાદી અને બંનેના ક્ષેત્રમાં આવતી હોય તેવી યાદી. આમ, ભારત સરકાર ધારો, ૧૯૩૫ના પાલનમાં મોટાભાગે ચડતી-ઉતરતી સત્તાના સિદ્ધાંતને અમલમાં મૂકવાના બદલે બંધારણના ઘડવૈયાઓએ ઉચ્ચક ઐતિહાસિક વ્યવસ્થાનું જ અનુસરણ કર્યું હતું. બંધારણના ૭૩મા/૭૪મા સુધારાએ ત્રણેય સ્તરની કામકાજની અને નાણાકીય બાબતોના પુનઃપરિક્ષણની અને ભારતમાં વધુ વ્યવહારુ નાણાકીય શાસન સર્જવાની મોટી તક પૂરી પાડી છે. આ ઉપરાંત આ બંને સુધારાઓએ વધુ બે યાદીઓ, પંચાયતી રાજ સંસ્થાઓ માટે પરિશિષ્ટ-૧૧ અને શહેરી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ માટે પરિશિષ્ટ-૧૨નો પણ ઉમેરો કર્યો. આ બે પરિશિષ્ટો હેઠળ આપવામાં આવેલા વિષયોને રાજ્યની યાદીમાંથી દૂર કરાયા અને સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને પોષણના સ્રોત પૂરા પડાયા છે. તો પણ, સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ માટે નાણાકીય અવકાશ હજી પૂરતો વ્યાખ્યાયિત નથી. કેરળ રાજ્ય સરકારે ૭૩મા/૭૪મા સુધારાને ગંભીરતાથી લીધા અને તેના અમલમાં કાર્યાન્વયન મુશ્કેલીઓ અનુભવ્યા પછી પરિશિષ્ટ-૧૧ અને પરિશિષ્ટ-૧૨ હેઠળ આપવામાં આવેલી પ્રવૃત્તિઓ અને પેટા પ્રવૃત્તિઓના વિષયોને છૂટા પાડવાનો પ્રયત્ન કર્યો અને અસ્પષ્ટ અને પરસ્પર આવરી લેતી હોય તેવી સ્થિતિ અંગે ભૂમિકા સ્પષ્ટ કરવાનો પણ પ્રયાસ કર્યો.[૧]

---

૧. કેરળ સરકારે સત્તાના વિકેન્દ્રીકરણ માટે (૧૯૯૬-૧૯૯૯) સમિતિની નિમણૂક કરી (જે તેના પ્રથમ અધ્યક્ષ સુબ્રતો સેનના નામથી સેન કમિટી તરીકે ઓળખવામાં આવે છે), જેનું પ્રાથમિક કાર્ય પ્રવૃત્તિઓના માપન ઉપરાંત વિકેન્દ્રીત પ્રશાસનના સંસ્થાકરણ માટેના ઉપાયોની ભલામણનું તેમજ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની કાર્યને લગતી, નાણાકીય અને વહીવટી સ્વાયત્તતાના આયોજનનું હતું. આ શોધપત્રના લેખક આ કમિટીના સભ્ય હતા.

જોકે પાછળથી ૨૦૦૪માં સ્થાપવામાં આવેલા પંચાયતી રાજ મંત્રાલયે આ બીમારીનો અહેસાસ પારખીને રાજ્યસ્તરે પ્રવૃત્તિ માપન ઝૂંબેશ શરૂ કરી. ખેર, મોડે મોડેય કામ શરૂ થયું એ સારું થયું. પ્રવૃત્તિ માપન શરૂ ન થયું હોત તો તેના પગલે કાર્યો, ભંડોળો અને કામ કરનારી સંસ્થાઓનું વિકેન્દ્રીકરણ શરૂ જ ન થયું હોત.

આ વિભાગમાં હું લોકતાંત્રિક વિકેન્દ્રીકરણની તરફેણમાં છે તેમની સામેના વધુ એક અસ્પષ્ટ પાસા અને ખરેખર કેટલીકવાર અકળાવનારો મુદ્દો હું તારવીશ એ છે રાજ્ય યાદીમાં મુદ્દા નં. ૫-એ માં કહ્યું છે :

"સ્થાનિક સરકાર એટલે મ્યુનિસિપલ કોર્પોરેશનો, સુધારા ટ્રસ્ટો, જિલ્લા બોર્ડો, ખાણ સમાધાન સત્તામંડળો અને સ્થાનિક સ્વરાજ અથવા ગામના શાસનના હેતુથી રચાયેલાં અન્ય સ્થાનિક સત્તામંડળોનું ઘડતર અને સત્તાઓ. (ભારતનું બંધારણ, પરિશિષ્ટ-૭, રાજ્ય યાદીની યાદી-૨)

**સમવાયી વ્યવસ્થામાં 'નીતિ' (આયોગ) પંચ : ઊભા થઈ રહેલા પ્રશ્નો**

એ સ્વીકારવું મહત્ત્વનું બની રહેશે કે અગાઉનું આયોજન પંચ એક મહાકાય અજગર જેવું અને અતિ મહત્ત્વની નીતિવિષયક સલાહ આપવા કશા જ કામનું નહીં હોવા છતાં કેટલીક મહત્ત્વની બાબતોમાં તેણે રાષ્ટ્રની સેવા કરી છે. કોઈપણ સુધારા કે પુનઃઘડતરની પ્રક્રિયા ત્યાંથી શરૂ થતી હતી. પ્રથમ તો, વિસ્તારપૂર્વકની સમીક્ષાઓ અને અભ્યાસ આધારિત આર્થિક વિકાસ માટેનો પંચવર્ષીય નકશો આયોજન પંચ તૈયાર કરતું હતું. આ કામગીરી હવે કઈ રીતે ભવિષ્યમાં ચાલુ રાખવી તે નીતિ પંચે નક્કી કરવાનું છે અને નવા ઉકેલ શોધવાના છે. બીજું, દેશ સમવાયી પ્રજાસત્તાક બન્યો ત્યારથી જ અન્ય સંગઠનોની સાથે સ્રોતોની ફાળવણીની કામગીરી માટે ભારતના બંધારણ આધારિત આયોજન પંચ પણ શરૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર અને રાજ્યોની આવક અને ખર્ચની જવાબદારીઓમાં સમલંબ અસમતુલાના કારણે બંધારણની કલમ ૨૮૦ હેઠળ કેન્દ્રીય નાણાપંચ રચવાનું આવશ્યક હતું. અલબત્ત, જબરદસ્ત વિવિધતાવાળા આ મહાદ્વીપમાં સ્રોતોની (નાણાકીય, ભૌતિક અને કુદરતી) સમાંતર અસમતુલા સુધારવા, સાધવામાં આવેલા અને સાધવાના બાકી વિકાસ માટે, પછાતપણું, પર્યાવરણીય અસમતુલા વગેરે સુધારવા માટે પણ તેની આવશ્યકતા વધારે હતી. આવી અસામાન્ય સ્થિતિમાં જાહેર હેતુઓ માટે રાજ્યોને અનુદાન આપવાની બંધારણની કલમ ૨૮૨ની જોગવાઈના અમલ માટે આયોજન પચનું સર્જન થયું હતું. ચોક્કસપણે તે બંધારણીય દૃષ્ટિએ બહુ સ્પષ્ટ પગલું ન હતું. મૂળતઃ યોજનાકીય ફાળવણીકાર તરીકે શરૂ કરીને આયોજન પંચ ૧૯૬૯ પછીથી ચોક્કસ ફોર્મ્યુલા આધારિત સ્રોતોની ફાળવણી કરતું આવ્યું છે. આયોજન પંચના તે વખતના ઉપાધ્યક્ષ ડી.આર. ગાડગીલના નામથી ઓળખાતી આ ફોર્મ્યુલામાં આમ તો અનેકવાર સુધારા કરાયા છતાં તેમાં કેન્દ્રનો એકાધિકાર છતો થતો હતો, પરિણામે રાજ્યો દ્વારા વારંવાર તેનો વિરોધ થતો રહ્યો. બંધારણીય સુધારા ૭૩/૭૪ પછી ઉમેરાયેલી કલમ ૨૪૩ આઈ અને ૨૪૩ વાયએ રાજ્યની અંદરના પ્રદેશના સ્તરે પ્રવર્તતી સમલંબ અને સમાંતર અસમતુલાઓ દૂર કરવા બિલકુલ નાણાપંચની જ રાહે રાજ્ય નાણાપંચની રચનાની જોગવાઈ પૂરી પાડી. અહીં એ બાબત તરફ ધ્યાન દોરવું જરૂરી છે કે ૭૩મા અને ૭૪મા સુધારાના પગલે ઉમેરાયેલી કલમ ૨૮૦માં રાજ્ય નાણાપંચની ભલામણોના આધારે પંચાયતો અને નગરપાલિકાઓને સ્રોતો પૂરા પાડવાની કેન્દ્રીય નાણાપંચને સરળતા કરી આપી. ભારતના નાણાકીય સંઘવાદમાં મૂળભૂત રીતે જ આ બાબત પડેલી છે અને કોઈપણ પુનઃઘડતર વખતે તેને અવગણી શકાય નહીં. ત્રીજું, મુખ્ય નીતિઓના ઘડતરમાં અને યોજનાઓના મૂલ્યાંકનમાં આયોજનપંચે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. નીતિપંચ જો કેવળ વિચારક જૂથ જ બની રહેવાનું હોય તો ગુણવત્તાસભર સંશોધન અને વિચાર-વિમર્શ દ્વારા આ બાબત પર ભાર મૂકવો જ રહ્યો. જોકે આ કાંઈ માત્ર એક જ પ્રક્રિયા ન હોઈ શકે.

**તળિયાના સ્તરે આયોજન**

નીતિપંચનું માળખું હજી સુધી બહુ સ્પષ્ટ થયું નથી, પરંતુ એવા પૂરતા નિર્દેશો છે કે નવી વિતરણ વ્યવસ્થામાં ભારતમાં તળિયાના સ્તરે આયોજનની જરૂરને ઓળખવામાં આવી છે. બંધારણની કલમ ૨૪૩-જી, ૨૪૩-ડબ્લ્યુ અને ૨૪૩-ઝેડડી તેમજ ૨૪૩-ઝેડઈ તળિયાના સ્તરનું આયોજન શરૂ કરવાની તાકિદ કરે છે તે યાદ રાખવું રહ્યું. કલમ ૨૪૩-જી અને ૨૪૩-ડબ્લ્યુ અનુસાર ગ્રામીણ અને શહેરી સ્થાનિક સ્વરાજની

સંસ્થાઓ સ્વરાજ સંસ્થાઓ તરીકે કામ કરી શકે તે માટે તેમને આવી 'સત્તા, શક્તિ અને જવાબદારીઓ' આપવી પડશે અને ''આર્થિક વિકાસ તથા સામાજિક ન્યાય'' તેમજ સૂચિત યોજનાઓના અમલના આયોજન માટે તૈયાર કરવી પડશે. કલમ ૨૪૩-ઝેડડી મુજબ તમામ રાજ્યોએ જિલ્લા આયોજન સમિતિઓ - ડીપીસી અને શહેરી વિસ્તારોમાં નગર આયોજન સમિતિઓ - એમપીસી બનાવવી જરૂરિયાત છે. જિલ્લાની પંચાયતો અને નગરપાલિકાઓએ તૈયાર કરેલા આયોજનનું સંકલન કરીને આખા જિલ્લા માટેની વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવાનું કામ ડીપીસીનું રહે છે. સાથોસાથ આયોજન મુસદ્દાના ભાગ તરીકે કુદરતી સ્રોતોના કાર્યક્ષમ રક્ષણ તેમજ સુધારા-વધારાને અવકાશ રહે તે રીતે સંકલિત આયોજન ઘણા કરવાનું રહેશે. મુસદ્દાને અમલમાં મૂકી શકાય તે માટે રાજ્ય સ્તરે અને સ્થાનિક સરકાર સ્તરે યોગ્ય નીતિ પસંદ કરીને સંબંધિત સંસ્થાકીય અને પ્રક્રિયાકીય ઉપાયો કરવાના રહેશે.

દેશમાં અઢી લાખ પંચાયતી રાજ સંસ્થાઓ અને ૩૮૪૨ શહેરી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના કુલ ૩૦ લાખ લોકો પ્રતિનિધિઓ છે. ખાતરી રાખીએ કે આ એક અનન્ય લોકતાંત્રિક પાયો છે અને દુનિયાના કોઈપણ દેશમાં આવું લોકપ્રતિનિધિત્વ નથી. તળિયાના સ્તરનું આયોજન કરીને રાષ્ટ્રીય લક્ષ્ય સિદ્ધ કરવા સૌથી મોટી લોકતાંત્રિક કવાયત માટે દુનિયાભરમાં અજોડ એવી આ મહાન શક્તિ છે. દેશમાં આવા તળિયાના આયોજનમાં ગ્રામસભા, જિલ્લા આયોજન સમિતિ અને રાજ્ય નાણાપંચ જેવી સંસ્થાઓના માધ્યમથી લોકભાગીદારીનો ઊભો થયેલો અવકાશ ઉદ્દેશ્ય હાંસલ કરવાની દિશામાં યોગ્ય માળખામાં રહીને મળેલી શક્તિ તરીકે જોવો જોઈએ. કેરળે બહુ સ્પષ્ટપણે બતાવી આપ્યું છે કે જો રાજકીય ઇચ્છાશક્તિ હોય તો સ્થાનિક લોકશાહી માટેનો માર્ગ છે જ. કેરળમાં તળિયાના સ્તરની આયોજન કવાયત માટે લોકભાગીદારી અને લોકજાગૃતિ ઊભી કરવા શરૂઆતમાં ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ બાદમાં સેન સમિતિની ભલામણોના આધારે તેનું સંસ્થાકરણ કરીને સમાંતર કામ કરતી નિષ્ણાતોની સમિતિઓ પણ બનાવવામાં આવી છે. કેરળે ગ્રામસભા કક્ષાએ અનુભવાયેલી જરૂરિયાતોને ઓળખીને લોકભાગીદારીથી આયોજન માટે બહુસ્તરીય પ્રક્રિયા તૈયાર કરી છે જેને આખરી વહીવટી મંજૂરી જિલ્લા આયોજન સમિતિ આપે છે. તમામ ગ્રામ પંચાયતો અને નગરપાલિકાઓ પાસે તૈયાર કરાયેલો અને છાપેલો વિકાસ અહેવાલ હોય એ નાનીસૂની સિદ્ધિ નથી. દરેક વિસ્તારના સ્થાનિક સ્રોતોની માહિતી અને લાંબાગાળાના વિકાસ લક્ષ્યાંકો સાથેના આ વિકાસ અહેવાલોની વિકાસ પરિસંવાદના નામથી ઓળખાતી સભાઓમાં ચર્ચા કરાય છે. દરેક સ્થાનિક સ્વરાજની સંસ્થામાં ૧૦ થી ૧૨ જેટલાં કાર્યજૂથ રચાય છે જેની જવાબદારી યોજનાઓ તૈયાર કરવાની છે. બે વિદ્વાનોએ આપણું ધ્યાન દોર્યું છે તેમજ આ પ્રક્રિયાનો સૌથી મહત્ત્વનો હેતુ ''દરેક ગ્રામ પંચાયત અને નગરપાલિકામાં અહેવાલોની ચર્ચા માટે વિકાસ પરિસંવાદ યોજવા જેથી વોર્ડવાર વિકાસ ચર્ચા શરૂ થાય અને તેને ગામના ઉચ્ચ સ્તર સુધી લઈ જઈ શકાય'' તે હતો. (ઈસાક અને ફ્રેન્ક (૨૦૦૦) : ૧૦૫). આ લોક આયોજન ઝૂંબેશમાં ગ્રામસભાના સભાસદો, રાજકીય પક્ષોના નેતાઓ, મુલ્કી અધિકારીઓ, સ્થાનિક નિષ્ણાતો વગેરે મળીને લગભગ ૫ લાખ લોકો આ વિકાસ પરિસંવાદમાં ભાગ લે છે. (જુઓ રાજ્ય આયોજન બોર્ડ - એસપીબી (૨૦૦૦) આર્થિક સમીક્ષા). આ સમગ્ર પ્રક્રિયા વિકેન્દ્રીત અને લોકતાંત્રિક માળખામાં સભાનપણે સમસ્યાના ઉકેલ અને સહભાગિતાવાળી કવાયતની શક્તિનું મહત્ત્વ સમજાવે છે. અલબત્ત, એનો અર્થ એવો નથી કે બધા વિકાસ પરિસંવાદ એકસરખા સફળ થાય છે અને વિકેન્દ્રીત આયોજનવાળી યોજનાઓમાં કોઈ ખામીઓ નથી. તેમ છતાં સંપૂર્ણ સંસ્થાકીય ઢબે જે રીતે કામ થાય છે તે એક મોટી બાબત છે. શરૂઆતના દિવસોમાં રાજ્ય આયોજન બોર્ડે આયોજન ઝુંબેશના તબક્કે સ્થાનિક મલયાલમ ભાષામાં વિગતવાર માર્ગદર્શક પુસ્તિકા બહાર પાડી હતી અને આયોજન પ્રોજેક્ટ માટે લોકોને તૈયાર કરવામાં મદદ કરી હતી.[૨] કેરળ સરકારના (૨૦૦૯) અહેવાલમાં જિલ્લા આયોજન

---

૨. કેરળના વિકેન્દ્રીત આયોજન પ્રોજેક્ટના હેતુલક્ષી મૂલ્યાંકન માટે જુઓ કેરળ સરકાર (૨૦૦૯)

૩. વિકેન્દ્રીત આયોજન કવાયતના છેલ્લામાં છેલ્લા મૂલ્યાંકન માટે તેમજ કોલ્લમ જિલ્લા આયોજન માટે વાંચો ભારત સરકાર (૨૦૧૩) વોલ્યૂમ ૧, પ્રકરણ-૫

પદ્ધતિ અંગેનું પ્રકરણ છે અને તેની સાથે કોલ્લમ જિલ્લા આયોજનના વિગતવાર દસ્તાવેજો પણ છે. તળિયાના સ્તરે આયોજન અંગે ગંભીર નવી સરકાર માટે તે અદ્ભુત માર્ગદર્શક રૂપરેખા બની શકે છે. એ જ રીતે પસંદગીની ગ્રામ પંચાયતોમાં ડીએફઆઈડીની સહાય સાથે ૨૦૦૬-૦૭માં પશ્ચિમ બંગાળ સરકારે દાખલ કરેલું તળિયાનું આયોજન પણ આવી જ સ્તુત્ય પહેલ છે.

'આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય' માટે આયોજનના બંધારણીય આદેશનો ગ્રામપંચાયતો અને શહેરી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ દ્વારા અમલ કરાવવાનું કામ એક અલગ અભિગમ માગી લે છે. આ પ્રકારનું આયોજન એક સર્વગ્રાહી સંકલ્પના છે અને વિભાગીય સ્તરે વિચાર અને અમલ તેનો સાચો અભિગમ નહીં ગણાય. ખરું જોઈએ તો વિભાગવાદ ભારત માટે એક અભિશાપ સાબિત થયો છે.

જોકે તળિયાના સ્તરનું આયોજન અસરકારક રીતે કરવામાં આવે, પરંતુ પંચાયતોને જો કેવળ યોજના પ્રમાણે જ નાણાં પૂરાં પાડવામાં આવે તો તેનો કશો અર્થ નથી.

યોજના મુજબ નાણાં આપવાની કર્ણાટક અને પશ્ચિમ બંગાળની બહુ ગવાયેલી વિકેન્દ્રીકરણની યોજનાના હાલ જુઓ. તેથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પાસે બંધિયાર ન હોય તેવા પૂર્વનિર્ધારિત નાણાંની આવક હોવી જોઈએ અને તેનું આયોજન કરવાની તેમજ પ્રાથમિકતા નક્કી કરવાની સ્વતંત્રતા પણ હોવી જોઈએ.

તત્કાળ પગલાં તરીકે નીતિપંચે દેશવ્યાપી સ્થિતિ અહેવાલનો અભ્યાસ અને ૨૦૦૮માં સંકલિત આયોજન માટે તૈયાર કરાયેલી નિયમાવલી સહિત આયોજન પંચના પ્રયાસો વિષે પરિચર્યાનું આયોજન કરવું જોઈએ અને ત્યારબાદ સ્થાનિક ફેરફારોને સમાવી શકે તેવું માળખું તૈયાર કરવાનું કામ કરવું જોઈએ.

લાંબાગાળાની દૃષ્ટિ આધારિત મધ્યમ ગાળાના લક્ષ્યાંકો સાથે જો તમામ ૬૪૦ જિલ્લાઓ દ્વારા વાર્ષિક આયોજનો તૈયાર કરવામાં આવે તો દેશ તેની વિવિધતામાં એકતા સર્વશ્રેષ્ઠ રીતે વ્યક્ત કરશે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સ્તરે ભારતે જે રીતે સારી પ્રગતિ કરી છે તે જોતાં જે તે ગામનું ભૌગોલિક સ્થાન, જમીન, પાણીનું તળ, પાકો, નદીનો તટ, જળસ્રાવ વગેરેની માહિતી આધારિત વૈજ્ઞાનિક સ્થાનિક આયોજન એ દિવાસ્વપ્ન તો નથી જ. વસતી ગણતરીના આધારે અને લોકોની સામાજિક-આર્થિક સ્થિતિની સામાન્ય મોજણી (સ્થાનિક શાળાના શિક્ષકો આવી ઉચ્ચક મોજણી કરી શકે)ના આધારે કુટુંબ સ્તરની માહિતી તૈયાર કરી શકાય અને તેનો તળિયાના સ્તરના આયોજનમાં ઉપયોગ કરી શકાય. પરંતુ ખરો સવાલ એ છે કે રાજનૈતિક રીતે, કાનૂની રીતે અને તાંત્રિક ઢબે કામ કરતી જિલ્લા આયોજન સમિતિઓ શું રાજ્યની અંદરના સ્તરે 'આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય' આપી શકશે ખરી ? નીતિ પંચે આ બાબત પર પણ વિચાર કરવો પડશે.

**નાણાંના હસ્તાંતરણની વ્યવસ્થા તાર્કિક બનાવવી**

સારી સરકારી સમવાયી રાજ્ય વ્યવસ્થા માટે નાણાકીય જવાબદારીઓ અને હસ્તાંતરણ તાર્કિક, કાર્યક્ષમ અને સમાનતાના આધારે થાય તે આવશ્યક જરૂરિયાત છે. ભારતીય નાણાકીય સંઘવાદની નબળી કડી છે વિવિધ હેતુ અને પરિસ્થિતિઓ સાથે ચૂકવણીમાં પણ અનેકતા. તેના લીધે પ્રાથમિકતાઓ ટકરાય છે અને પરિણામો પર વિપરીત અસર પડે છે. આયોજન પંચ પાસે ફાળવણીનું કાર્ય લઈ લેવાથી આ સમસ્યા હલ નહીં થાય. કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓનો હિસ્સો રાજ્યોના કુલ અંદાજપત્રીય ટેકામાં ટકાવારીની દૃષ્ટિએ સતત વધી રહ્યો છે. જો કે બી.કે. ચતુર્વેદી સમિતિ (૨૦૧૧)ની ભલામણો પછી તેમની સંખ્યા ઘટી રહી છે પરંતુ આજે પણ તેની મજબૂત હાજરી વરતાઈ રહી છે. દેશમાં વધુ સમાનતાસભર અને તાર્કિક હસ્તાંતરણ વ્યવસ્થા ઊભી કરવા આ સમસ્યા કઈ રીતે ઉકેલવામાં આવે છે અને વ્યવહારુ હસ્તાંતરણ વ્યવસ્થાનો ભાગ બનાવવામાં આવે છે તે મહત્ત્વનું છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલમાં રાજ્યોનો હિસ્સો આપવાની પ્રથા તેમની પ્રાથમિકતાઓમાં ચિંતાજનક અવરોધ બની ગયો છે. એક તરફ સારું આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સુવિધાઓવાળા રાજ્ય કેરળની સાથે ઝારખંડ અને ઓડીશા જેવાં પછાત વિસ્તારોને પણ સમગ્ર ભારત માટેની શરતોની એક જ પંગતમાં બેસાડાય અને બધાં રાજ્યો પર કેન્દ્રની યોજનાઓ એકતરફી નિર્ણયથી ઠોકી બેસાડાય (આવી યોજનાઓથી દરેક જાહેરાત સહકારી સમવાયતંત્રના તાણા-વાણા પર વજ્રઘાત સમાન છે) ત્યારે તમામ સમસ્યાઓ અણઉકેલ જ રહે છે.

ભારત સમગ્ર દુનિયામાં સૌથી વધુ નાણાકીય દૃષ્ટિએ કેન્દ્રીયકૃત દેશ છે. અરે સામ્યવાદી ચીનની એકપક્ષીય સરકાર પણ ભારત કરતાં વધુ વિકેન્દ્રીત

છે. શું નાણાં હસ્તાંતરણ વ્યવસ્થાના ઐતિહાસિક વારસા મુજબ દેશની સમલંબ અને સમાંતર અસમતુલા સતત ઘટાડવાનો બોજ એકલા કેન્દ્રીય નાણાં પંચ પર લાદી શકાય ખરો ? વીતેલાં વર્ષોથી વિકાસની બાબતોમાં ભારત કેન્દ્રીત થઈ રહ્યું છે કે વિકેન્દ્રીત તે શરૂઆતથી જ તપાસવાની જરૂર છે. નીતિ પંચના નવા ઉપાધ્યક્ષ અરવિંદ પાનગઢિયા આ અંગેનો અભ્યાસ કરાવે તે જરૂરી છે. કારણ કે ભવિષ્યના વિચારકો માત્ર ધારણાના આધારે કામ ન કરી શકે. કોની પ્રાથમિકતાઓએ ભારતના ભાવિ પર આવી અસર કરી તે એક મહત્ત્વનો પ્રશ્ન છે અને તેની યોગ્ય તપાસ કરવાની જરૂર છે. પ્રાથમિક સવાલ છે પંચાયતોને સીધી સહાયનો (તેમને લગભગ સ્માર્ટ બનાવવાનો) અને બંધારણના ૭૩મા/૭૪મા સુધારાના શબ્દોની ભાવનાને પણ યાદ કરવી જોઈએ કે આ દેશના દરેક નાગરિક પછી તે શહેરમાં રહે કે ગામડામાં તેને શૌચાલય, પીવાલાયક પાણી, રહેઠાણ, વીજળી, જોડાણ (રસ્તો અને ઈન્ટરનેટ બંને) અને અન્ય જાહેર સેવાઓ જેવી પાયાની સુવિધાઓ મળવી જ જોઈએ અને આ બાબતો પરત્વે તત્કાળ ધ્યાન આપવાની જરૂર છે. સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ તેમના પોતાના સ્રોતો પણ વધારે તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનું મહત્ત્વનું છે. પંજાબ, રાજસ્થાન અને હરિયાણાએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના આવકના મુખ્ય સ્રોત એવો મિલકત વેરો નાબૂદ કર્યો છે. વિશ્વના ૮૦ ટકા દેશોમાં જ્યારે તે વસૂલાતો હોય અને આ રાજ્ય સરકારો મિલકત વેરો નાબૂદ કરે તે ચિંતાનો વિષય છે. તેમ છતાં, દૂર-સુદૂર વસતા આદિવાસી કુટુંબથી લઈને નવી દિલ્હીના સુવિકસિત નાગરિકો સુધીના તમામને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સમાન સ્તરની જાહેર સેવાઓ પૂરી પાડી શકે તે માટે તેમની નાણાકીય ક્ષમતા વધારે તેવી હસ્તાંતરણ વ્યવસ્થા ઊભી કરવાનું પણ એટલું જ મહત્ત્વનું છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સરભર અનુદાન નહીં પરંતુ સામાન્ય કામગીરી અનુદાન આપવાની ૧૩મા નાણાંપંચની ભલામણો એ અદના નાગરિકોનું જીવનધોરણ સુધારવા તરફી બહુ મોટું પગલું હતું. જો આવા પ્રયત્નો અનુગામી કાર્યવાહી સાથે સતત ચાલુ રાખવામાં આવે તો જ તે શક્ય બનશે. કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવાં સંઘીય દેશોમાં આડી અસમતુલા ભારતમાં છે તેટલી વકરેલી નથી, પરંતુ સરભર અનુદાનના આધારે પણ કામ કરવાની બાબત નીતિ પંચ અને ભવિષ્યના નાણાં પંચો ધ્યાનમાં રાખી શકે છે. દેશના અદના નાગરિકોની પાયાની જાહેર સેવાની જરૂરિયાત પૂરી કર્યા પહેલાં નાણાકીય જવાબદારીઓ અને અંદાજપત્રીય વ્યવસ્થાપન કાયદાના આદેશોનું પાલન કરવા માટે રાજ્યોને પ્રોત્સાહિત કરવા એ ગેરબંધારણીય નહીં તો અયોગ્ય ચોક્કસ છે.

અંતમાં, ભારતનું સહકારી સમવાયી તંત્ર અજોડ છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ભારતનો અભિન્ન ભાગ છે. તળિયાના સ્તરે આયોજનની તેમનામાં અપાર શક્તિ પડેલી છે. કાળજીપૂર્વક નીતિઓ પસંદ કરીને તેને પોષણ મળે તેવાં ટેકારૂપ પગલાં વિના તેમને વ્યવહારુ હિસ્સો બનાવવાનું લક્ષ્ય સિદ્ધ નહીં કરી શકાય. આર્થિક સુધારાની દોડમાં આ બાબત ભૂલવાની શક્યતા છે. અત્યારે એક સુવર્ણ તક આકાર લઈ રહી છે અને એક લોકતાંત્રિક સરકાર માટે દેશને સાચી દિશા આપવાની આ તક છે. દેશના હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને વંચિતોનો તેમની પોતાની શરતોએ સમાવેશ કરવામાં આવે ત્યારે જ સામાજિક સમાવેશીકરણ સાચા અર્થમાં હાંસલ કરી શકાય. આ જ સૌથી શ્રેષ્ઠ ધર્મ છે. નિર્ધારિત લક્ષ્ય તરફ આગળ વધવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને મજબૂત બનાવવી એ આવશ્યક શરત છે.

**લેખકશ્રી કેરાલા ખાતેની ડેવલપમેન્ટ સ્ટડીઝ સેન્ટર ખાતે માનદ પ્રોફેસર છે. તેઓ રાજ્યના ચોથા રાજ્ય નાણાપંચના પૂર્વ અધ્યક્ષ છે. જાણીતા અર્થશાસ્ત્રી એવા પ્રો. ઓમ્મેન પાસે વ્યાવસાયિક પેપર્સનો સંગ્રહ છે. તેઓના ૨૫થી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે.**

**યોજના**
**વાંચો**
**યોજના**
**વંચાવો**
**યોજના**
**વસાવો**

# ભારતની સફળતાની ચાવી : વિવિધતામાં એકતા

● એસ નારાયણ રોય ●

અત્યારે સમગ્ર દુનિયામાં સમવાય તંત્ર (સંઘવાદ) નવજાગરણનો અનુભવ કરી રહ્યું છે કે પુનર્જાગરણમાંથી પસાર થઈ રહ્યું છે. છેલ્લા બે દાયકા કે વધારે સમયથી દુનિયાના વિવિધ દેશોમાં સમવાય તંત્રમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે. જ્યારે ગઠબંધન સરકારોના આગમનને પગલે ભારત સમવાય શાસનની નજીક જઈ રહ્યું છે, ત્યારે બેલ્જિયમે સંપૂર્ણ સમવાય રાજ્ય બનવા તેના બંધારણમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા છે. રંગભેદ દૂર થયા પછી દક્ષિણ આફ્રિકાએ સમવાય તંત્રની કેટલીક વિશિષ્ટતાઓ તેના બંધારણમાં સામેલ કરી હોવા છતાં તે થોડાઘણા અંશે નબળી પડી છે. તેમ છતાં દક્ષિણ આફ્રિકાની લોકશાહી રાજ્યવ્યવસ્થા માટે સમવાય તંત્ર જ ભવિષ્ય છે.

વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે એકતંત્રી રાજ્યો અને બિનસંઘીય દેશો ક્રમશઃ સ્થાનિક સંસ્થાઓને સત્તા સુપરત કરવા જેવી સમવાય તંત્રની વિશિષ્ટતા અપનાવી રહ્યા છે (સ્પેન અને બ્રિટન). યેમેનમાં ખાડીના દેશોની નાણા સંચાલિત અડધોઅધૂરો ઉકેલ ધરાવતી રાજકીય નીતિએ પ્રગતિ અટકાવી દીધી હોવા છતાં રાષ્ટ્રીય સંવાદ પરિષદ મારફતે સમવાય તંત્ર અપનાવ્યું છે. ઈરાક, નેપાળ, દક્ષિણ સુદાન અને અન્ય કેટલાક દેશોએ પણ સમવાય તંત્રનો પ્રયોગ કર્યો છે. અત્યારે દુનિયાના રાજકારણ સાથે પરિચિત કોઈ પણ વ્યક્તિ કહી શકે કે દુનિયાના વિવિધ દેશોમાં સમવાય તંત્ર ભવિષ્યની આદર્શ રાજકીય વ્યવસ્થા છે.

સમવાય તંત્ર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નવો પ્રવાહ છે ? સમગ્ર દુનિયામાં સમવાય તંત્રની નવી અપીલ તેના મૂલ્યોમાંથી મળી છે. તે નાગરિકોને વિવિધતામાં એકતા સ્થાપિત કરીને સહઅસ્તિત્વ જાળવવા માટેના માધ્યમો પ્રદાન કરે છે. તે તેની પોતાની આગવી ઓળખ વિકસાવવા વંશીય, ભાષા કે ધાર્મિક લઘુમતીઓને વિકાસ સાધવાની છૂટ આપે છે. સમવાય તંત્ર વિકેન્દ્રિકૃત શાસન માટે ઉત્તમ તક પ્રદાન કરે છે અને રાજકીય પ્રક્રિયાઓમાં ગ્રામીણ વિસ્તાર એટલે કે નાનામાં નાના એકમમાં પણ ભાગીદારી સુનિશ્ચિત કરે છે.

સમવાય તંત્રનું સૌથી લાભદાયક પાસું તેની લવચિકતા છે. તે નવી જરૂરિયાતો અને સંજોગોને અનુરૂપ થઈ શકે છે. ૨૫ અલગ-અલગ સમવાય દેશો વચ્ચે કેટલીક ચોક્કસ સમાનતા જોવા મળે છે. પણ તેઓ સત્તાની વહેંચણી, નાણાકીય સમવાય તંત્ર અને સંઘ સંસ્થાઓના સંબંધમાં ઘણાં જુદાં હોય છે. સમવાય તંત્રની સફળતા કે નિષ્ફળતા છેવટે સંઘ સંસ્થાઓ કે નિર્ણય લેવાની પ્રક્રિયાઓ પર આધારિત નથી. તેનો આધાર જે તે રાજ્યની રાજકીય સ્થિતિ પર છે.

ચોક્કસ, સમવાય તંત્રનું કોઈ એક મોડલ આદર્શરૂપ નથી. વિવિધ દેશોમાં જુદી જુદી પરિસ્થિતિઓને આધારે સમવાય તંત્રનો વિકાસ થયો છે. એક દેશમાં સમવાય તંત્રની સફળતાનો "યોગ બીજા કોઈ દેશમાં નિષ્ફળ નિવડે તેવું બની શકે છે. પણ એકબીજાના અનુભવોમાંથી ઘણું બધું શીખી શકાયછે. જ્યારે સમવાય તંત્રનું નિર્માણ થાય છે, ત્યારે કોઈ પણ દેશને એક મોડેલ બનાવવા અને રચવાની જરૂર છે. સંઘર્ષ પછીના સમાજોમાં સમવાય તંત્રનું નિર્માણ કરવું અત્યંત મુશ્કેલ છે. આ પ્રકારના સમાજ કે દેશમાં સમવાય તંત્રને ખીલવવું પડે છે, તેનું જતન કરવું પડે છે. સમવાય તંત્ર વાસ્તવિકતાનો આયનો નથી, પણ જે તે સ્થિતિ ઘડવા માટેની રૂપરેખા છે, જેનું પાલન કરવું પડે. સમવાય તંત્રના હેતુઓ લોકોને સારી રીતે વર્તવા અને જીવવાની ફરજ પાડે છે.

**વિવિધતાની ઉજવણી**

આપણે વૈવિધ્યપૂર્ણ વિશ્વમાં રહીએ છીએ. વિવિધતા જીવનનું અભિન્ન અંગ છે. વિવિધતા વિનાનું એકાંગી જીવન અને એક જ પ્રકારની ઓળખ કે સંસ્કૃતિ અમર્ત્યસેન કહે છે તેમ ''માનવજાતિના વિનાશ'' અને ''માનવીય ઓળખની ઉપેક્ષા'' તરફ દોરી જશે.

વિવિધતા સંપત્તિ છે, નહીં કે જવાબદારી. વિવિધતાના કારણે સંકટ ઊભું થતું નથી; જો યોગ્ય સ્વરૂપે વિવિધતા અપનાવવામાં આવે તો તે સમાજની

તાકાત બની જાય છે. એટલે દેશને એક રાખવા વિવિધતાનું સન્માન કરો. રાજ્ય એક છે, પણ રાષ્ટ્રની વિભાવના વૈવિધ્યપૂર્ણ છે. વિવિધતા સ્પર્ધાત્મક શક્તિ છે અને તે નવીનીકરણને પ્રોત્સાહન આપે છે.

૨૧મી સદીમાં બહુસાંસ્કૃતિક સમાજોનું સહઅસ્તિત્વ સામાન્ય બની ગયું છે. વૈશ્વિકરણ, સંચારપ્રક્રિયા ઝડપી થવાથી, લોકોનું સ્થળાંતર થવાથી અને માન્યતા અને વિચારોની બહુલતા થવાથી ભવિષ્યમાં સમગ્ર દુનિયામાં વિવિધ જાતિના લોકોને સહઅસ્તિત્વ ઊભું થશે તે નક્કી છે. તે દુનિયાનો બદલો ચહેરો હશે. પ્રોફેસર ભિખુ પારેખ દલીલ કરે છે તેમ, ''સાંસ્કૃતિક રીતે સજાતિય સમાજ અત્યારે માનવશાસ્ત્ર સંબંધિત નવલકતાથી વિશેષ કશું નથી, જેના સભ્યો માન્યતા અને રીતરિવાજોને યાંત્રિક રીતે અનુસરે છે.''

વસતિની અવરજવર અને વૈશ્વિકરણે સમવાયી તંત્રને નવજીવન આપ્યું છે. ઉપરાંત જો બહુસાંસ્કૃતિક સમાજો એકસાથે જીવવાનું શીખશે નહીં, તો તેના ભયંકર પરિણામો વેઠવા પડશે તેવી શક્યતા છે. બહુસાંસ્કૃતિ સમાજો આધુનિક વિભાવના નથી. રોમન સામ્રાજ્ય, મધ્યકાળનું ભારત અને ઓટોમન સામ્રાજ્ય સહિત ઘણાં પૂર્વ-આધુનિક સમાજો સાંસ્કૃતિક વિવિધતાની લાક્ષણિકતા ધરાવે છે. કેટલાંક સમાજમાં વિવિધ સાંસ્કૃતિક જૂથો વચ્ચે સહજીવન શક્ય બન્યું નહોતું. અન્ય કેટલાક સમાજમાં સાંસ્કૃતિક વિવિધતાના પરિણામે તાજેતરમાં સામૂહિક સ્થળાંતરો જોવા મળ્યાં છે.

ઘણા સમાજ તેમની વિવધતા છુપાવવા ઇચ્છે છે અને તેમની વિવિધતાનો સ્વીકાર કરવા તૈયાર નથી. કેટલાક સમાજ વસતિના સ્થળાંતર દ્વારા તેમની વિવિધતાને ઉકેલવા ઇચ્છે છે અને અન્ય કેટલાક ''ધીમે ધીમે એક સમુદાય ઊભા કરવાની નીતિ'' મારફતે વિવિધતાનું સમાધાન કરવા પ્રયાસરત છે. વિવિધતાનું વ્યવસ્થાપન કરવાનો સાચો માર્ગ સ્વશાસન અને ભાગીદારીયુક્ત શાસનના જોડાણનો છે. આ વિવિધતાની ઉજવણી છે, જે સમાજ અને રાષ્ટ્રને મજબૂતી આપે છે.

બહુસાંસ્કૃતિ સમાજો માટે સમવાયી તંત્ર આકર્ષક વિકલ્પ બની શકે છે. આ સંઘીય માળખું એકતા અને વિવિધતાનો સુભગ સમન્વય ઓફર કરે છે, જે બહુસાંસ્કૃતિક સમાજના સહઅસ્તિત્વ માટેનું વાતાવરણ ઊભું કરે છે. તે પેટારાષ્ટ્રીય એકમોમાં લઘુમતીઓને બહુમતી બનવા સક્ષમતા બક્ષે છે. તે વિવિધ ભાષા, ધર્મો અને સંસ્કૃતિઓની માન્યતા અને સ્વીકાર માટેનું માધ્યમ પ્રદાન કરે છે. તે વિવિધતાને સ્વીકારે છે અને તે હકારાત્મક મૂલ્ય આપે છે.

**ભારતીય વિવિધતા વિશિષ્ટ છે**

ભારત એક રાષ્ટ્ર છે અને કોઈ વ્યક્તિ સમાજ પર કોઈ પણ અને તમામ લેબલ લગાવવાનું પસંદ કરી શકે છે તેનો તે ઇનકાર કરી શકે છે. યુ.આર. અનંતમૂર્તિ કહે છે તેમ, ભારતમાં કોઈ પણ વ્યક્તિ ૧૨મી અને ૨૧મી સદીમાં એકસાથે જીવે છે - તેમજ તમામ સદીઓ વચ્ચે પણ જીવી શકે છે. ભારતને કોઈ પણ એક રીતે વ્યાખ્યાયિત કરવું જટિલ પણ છે. સદીઓનો ઇતિહાસ અને તેની બહુપરિમાણિય વિવિધતા એટલે ભારતને જાણવા-સમજવા માટેની અનેક રીતો. પ્રસિદ્ધ અમેરિકન લેખક માર્કે ટ્વેઇને ૧૮૯૬માં ભારતની મુલાકાત વખતે કહ્યું હતું કે, ''ઈશ્વર કે મનુષ્ય દ્વારા જે કંઈ પણ થઈ શકે તે આ ધરતી પર થયું છે.''

લોકો, સંસ્કૃતિ, ભાષા અને ધર્મની દૃષ્ટિએ ભારત આશ્ચર્યજનક વિવિધતાની ભૂમિ છે. આપણા દેશમાં વિવિધ સમુદાયોની સાંસ્કૃતિક લાક્ષણિકતા સતત પરિવર્તનશીલ છે, તે ક્યારેય સમય અને અવકાશમાં જકડાઈ ગઈ નથી. વિવિધ જૂથના લોકો વિશિષ્ટ ઓળખ અને પ્રાકૃતિક લક્ષણો ધરાવે છે, તેમ છતાં તેનું સામાજિક શૂન્યાવકાશમાં અસ્તિત્વ નથી. ભારત પુષ્કળ વિવિધતા ધરાવતો જ દેશ નથી, પણ સાથે સાથે જીવંત અને ઊર્જાવંત છે.

બ્રિટનના મહાન ઇતિહાસકાર ઈ પી થોમ્પસને પણ નોંધ્યું છે કે, ''ભવિષ્યની દુનિયા માટે કદાચ ભારત સૌથી મહત્ત્વપૂર્ણ દેશ છે. દુનિયાની તમામ મહત્ત્વપૂર્ણ સંસ્કૃતિ અને કેન્દ્રીય વિચારો સમાજ મારફતે સંચાલિત છે : હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, ધર્મનિરપેક્ષ, સ્ટેલિનવાદી, ઉદાર, માઓવાદી, લોકતાંત્રિક સમાજવાદી, ગાંધીવાદી. પશ્ચિમ કે પૂર્વમાં જન્મેલો એવો એક પણ વિચાર નથી, જે કેટલાંક ભારતીયોના મનમાં સક્રિય ન હોય.'' ભારત વિવિધતા મારફતે જટિલ એકતાનું ઉદાહરણ છે, એક એવો સમાજ જેમાં વિવિધતાનો ઉત્સાહ આધુનિક રાષ્ટ્રના તાણાવાણા મજબૂત રાખે છે. દેશની અવિશ્વસનિય વિવિધતાએ જુદી જુદી દિશાઓમાંથી અલગ-અલગ સમયે લોકોના ઘણા પ્રવાહને આકર્ષિત કર્યા છે. ભારતીય

વસતિનો મોટો ભાગ વિવિધ પ્રમાણમાં જાતિ અને વંશના મિશ્રણનું પ્રતિનિધિત્વ કરે છે. મોટા ભાગના સ્થળોમાં વર્ચસ્વ ધરાવતી માનવીય સંસ્કૃતિઓ અન્ય સંસ્કૃતિઓને લુપ્ત કરવાનું વલણ ધરાવે છે, ત્યારે ભારતમાં વિવિધતાનું પાલનપોષણ કરવાનું વલણ છે.

સંસ્કૃતિ ભૂતકાળનો, વારસાનો, પરંપરા અને રીતરિવાજોનો આયનો નથી. સંસ્કૃતિ, ધર્મ, ભાષાઓની વિવિધતા એક મૂલ્ય છે, જેની માવજત સમાજ કરે છે. ખરા અર્થમાં વિવિધતા એટલે વધુ ભાગીદારો, વધુ ઉત્સાહ અને વધુ સશક્તિકરણ. ભારત બહુસાંસ્કૃતિક સમાજ છે અને ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છે. ઈસૈહ બર્લિનનું કહેવું છે કે બહુસાંસ્કૃતિક વિભાવના છે, જેના ઘણા જુદાં જુદાં અંત છે, જેને પુરુષો ઇચ્છી શકે છે અને તેમ છતાં સંપૂર્ણપણે તાર્કિક હોઈ શકે છે, જેમાં એકબીજાને સમજવાની ક્ષમતા હોય છે અને એકબીજામાંથી પ્રેરણા મેળવવાની સજ્જતા હોય છે. સમય અને અવકાશમાં સંસ્કૃતિઓ વચ્ચે આંતરસંચાર શક્ય છે, પણ પુરુષોને જે મનુષ્ય બનાવે છે તે લાક્ષણિકતાઓ તેમની વચ્ચે સેતુ સમાન બને તો." (ઈસૈહ બર્લિન, ધ પ્રોપર સ્ટડી ઓફ મેનકાઈન્ડ, ૧૯૯૭).

ભારતે આત્મસાત કરવાના અને 'એક જ સમુદાયમાં ધીરે ધીરે ભળી જવાના' મોડલને ફગાવી દીધું છે. તેના બદલે ભારતમાં "સલાડ બાઉલ" કે "ભવ્ય મોઝેક" જેવું મોડલ પસંદ કર્યું છે, જેમાં દરેક વંશ કે સાંસ્કૃતિક પરિબળ તેની વિવિધતા જાળવે છે. મહાત્મા ગાંધીની પ્રસિદ્ધ લાઈન ભારતની વિવિધતામાં એકતાના વિચારના દર્શન કરાવે છે : હું મારા ઘરની દિવાલોને તમામ દિશાઓમાંથી બંધ કરવા ઈચ્છતો નથી. હું ઈચ્છું છું કે તમામ દેશોની સંસ્કૃતિ મારા બારણે ટકોરા મારે." (એક કૂપ્સમાં અવતરિત, "સંસ્કૃતિના સંરક્ષણ પર", ઈન્ટરનેશનલ હેરાલ્ડ ટ્રિબ્યૂન, ૧૭ નવેમ્બર, ૧૯૯૮)

## વિવિધતામાં એકતા છે

ઘણા નવા સ્વતંત્ર થયેલા દેશોમાં વિવિધતામાં એકતા અમોઘ મંત્ર બની ગયો હતો. આ મંત્ર તમામ અને વિવિધ પ્રસંગો પર સંભળાતો હતો. કેટલાંક દેશોએ આ મંત્રને તેમના બંધારણમાં સામેલ કર્યો હતો અને ભારત તેનું ઉત્તમ ઉદાહરણ છે. ભારતે સંસ્કૃતિ, ધર્મ અને ભાષાના વૈવિધ્યપૂર્ણ વારસાનું જતન કર્યું છે. સાંસ્કૃતિક અને ધાર્મિક વિશિષ્ટતાઓ, વિચારો અને સિદ્ધાંતોના નિયમિત આદાનપ્રદાન અને વહેંચણીએ વિશિષ્ટ પ્રકારના સાંસ્કૃતિક સંબંધોનું નિર્માણ કર્યું છે.

ભારતની સફળતાનું રહસ્ય શું છે ? સમવાયી તંત્ર ભારતના લોકશાહી માળખાનો આધાર છે. ભારત જેવા વિશાળ અને આશ્ચર્યજનક વિવિધતા ધરાવતા દેશમાં સમવાયી તંત્રને રાષ્ટ્રીય ઓળખ અને રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષાઓનું પ્રતિક ગણવામાં આવે છે. તે વિવિધતાના જતનની ચાવી છે અને વૈવિધ્યપૂર્ણ સમાજની વિશેષતા પણ છે. ભારતની સફળતાની ચાવી એ માન્યતા છે કે ભારતની માલિકી કોઈ એક સમુદાયની નથી. ગાંધીજીએ આઝાદીના આંદોલન દરમિયાન કહ્યું હતું કે, "કોઈ સમુદાય કે જૂથ બહુમતી હોય તો પણ તેને વિશેષતાધિકાર મળતા નથી અને ધર્મ, ભાષા, સામાજિક-સાંસ્કૃતિક દૃષ્ટિએ લઘુમતી સમુદાયોને બહુમતી સમુદાયના એજન્ડા સામે સંરક્ષણ મળશે."

વિવિધતામાં એકતા એ ફક્ત સૂત્ર નથી, પણ જીવનની હકીકત છે અને તેનો આધાર લોકશાહી, સમવાયી તંત્ર, સહિષ્ણુતા અને ધર્મનિરપેક્ષતા છે. ભારતીય સંસ્કૃતિ પ્રારંભથી જ વિવિધતાસભર છે. વૈદિક કાળમાં જ બૌદ્ધ અને જૈન સંપ્રદાયનો ઉદય થયો હતો તેમજ તેઓ સહઅસ્તિત્વ ધરાવતા હતા. તે જ રીત મધ્યકાલિન ભારતમાં ભક્તિ આંદોલનોનો ઉદય થયો હતો. મેક્સિકોના નોબલ પારિતોષિક વિજેતા ઓક્ટેવિયો પાઝ એક રસપ્રદ બાબત જણાવે છે. ભારતની વિશિષ્ટ સંસ્કૃતિ પર આશ્ચર્ય વ્યક્ત કરતા તેઓ કહે છે કે, "હિંદુ અને મુસ્લિમ એમ બે સંસ્કૃતિ એક જ દેશમાં સહઅસ્તિત્વ ધરાવે છે. આ બંને ધર્મનું પાલનપોષણ એક જ સંસ્કૃતિ દ્વારા થયું છે કે કેમ તે કહેવું અશક્ય છે." પણ ભારત વિરોધભાસ ધરાવતો દેશ છે. અહીં સમવાયી તંત્ર છે. અહીં એક સાથે અનેક સંસ્કૃતિ અને સમાજ સહઅસ્તિત્વ ધરાવે છે. બહુસાંસ્કૃતિક અને સમવાયી તંત્ર વચ્ચે ફરક છે. એકતંત્રી રાજ્ય પણ બહુસાંસ્કૃતિ સમાજ ધરાવી શકે છે. ભારતીય સમવાયી તંત્રમાં સત્તાની સોંપણી, સત્તાનું વિકેન્દ્રીકરણ અને તમામ નાગરિકોને મૂળભૂત અધિકારોની ખાતરી જળવાઈ રહ્યાં છે.

## ભાષા અને લઘુમતી અધિકારો

ભારતીય બંધારણમાં ધાર્મિક સ્વતંત્રતા સહિત નાગરિકોના મૂળભૂત અધિકારોનું સંરક્ષણ કરવા બંધારણીય જોગવાઈ કરી છે. ભારતીય બંધારણની

પ્રસ્તાવના કહે છે કે ભારત એક ધર્મનિરપેક્ષ રાજ્ય છે. ધર્મના સ્વાતંત્ર્યનો અધિકાર મૂળભૂત અધિકારો હેઠળ આપવામાં આવ્યો છે અને ભારતીયોને તેમના ધર્મનું લાલનપાલન કરવાનો અને પ્રચારપ્રસાર કરવાનો અધિકાર છે. ૧૯૩૦માં ભારતમાં લઘુમતીઓ પરની સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય સેનાનીઓ દ્વારા લઘુમતીઓ પ્રત્યે સહિષ્ણુતા દાખવવા અને તેમને તમામ અધિકારો આપવાનું નક્કી થયું હતું. તેમણે આ પ્રકારનું વલણ અપનાવ્યું હતું કે, "જ્યાં સુધી લઘુમતીઓને કચડવાનો પ્રયાસ ન થાય કે બહુમતીના માર્ગને અનુસરવા દબાણ કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ પણ દેશમાં સ્થિર સંતુલન ઊભું ન થઈ શકે. આપણે ભારતમાં સ્પષ્ટ કરવું જોઈએ કે આપણી નીતિ લઘુમતીઓને સ્વતંત્રતા આપવાની છે અને કોઈ પણ સંજોગોમાં તેમના પ્રત્યે ભેદભાવ ચલાવી લેવામાં નહીં આવે." ભારત ધર્મનિરપેક્ષ છે, કારણ કે આપણે લોકો, આપણી સંસ્કૃતિ અને રાષ્ટ્રીય લાક્ષણિકતા ધર્મનિરપેક્ષ છે. ધર્મનિરપેક્ષતા ભારતની નિયતી છે.

ભારતીય ધર્મનિરપેક્ષતાનું માળખું ધર્મ સાથે ઘણું જોડાયેલું છે. ધર્મનિરપેક્ષતાના સમર્થકોની દલીલ છે કે ભારતીય રાજ્ય સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ નથી. બીજી તરફ ધર્મનિરપેક્ષતાના ટીકાકારો રાજ્ય છદ્મ-ધર્મનિરપેક્ષતા દાખવી રહ્યું છે અને લઘુમતી સમુદાયોની આળપંપાળ કરે છે તેવો આરોપ મૂકે છે. ધર્મનિરપેક્ષતા ભારતીય લોકશાહીનું અભિન્ન અંગ છે. અત્યારે ધર્મનિરપેક્ષતાના ઉપયોગો અને મર્યાદાની ચર્ચા થઈ રહી છે અને તેનાથી ધર્મનિરપેક્ષતાનું મહત્ત્વ જરા પણ ઘટતું નથી.

ભારતીય સંસ્કૃતિ બાહ્ય સાંસ્કૃતિ પ્રભાવથી સફળતાપૂર્વક સમૃદ્ધ થઈ છે. તે સતત સુધારણા, નવીનીકરણ અને પુનરોત્થાનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે. ભારતે દુનિયાને ઘણું બધું આપ્યું છે, ખાસ કરીને વિવિધતાના લાંબા અનુભવો. અને તેમ છતાં ભારતની વિવિધતા સામે કોઈ પડકાર નથી તેવું નથી. ભારત દુનિયામાં વિવિધતામાં એકતાનું મોડેલ ધરાવતા દેશોમાં અગ્રણી છે તેમ છતાં તેની એકતાને આર્થિક અસમાનતા, ધાર્મિક કટ્ટરવાદ અને જાતિય સંઘર્ષથી ગંભીર ખતરો છે. સંસ્કૃતિ, ધર્મ અને વંશના નામે સામુદાયિક અથડામણો થાય છે. આધુનિક સમાજો બહુસાંસ્કૃતિક બની રહ્યાં છે. તમામ સમાજોમાં વર્ચસ્વ ધરાવતા જૂથોની વર્તણૂંકનું નિરીક્ષણ થઈ રહ્યું છે. ધર્મનિરપેક્ષતા કોઈ રીતે લઘુમતી કોમવાદ નથી. પ્રોફેસર શિવ વિશ્વનાથ કહે છે તેમ "ધર્મનિરપેક્ષતામાં લઘુમતીના તોફાનો અને બહુમતીના પૂર્વગ્રહો એમ બંનેને સ્થાન નથી."

ભારત ભાષાની વિવિધતા પણ એટલી જ આકર્ષક છે. ભાષા કોઈ પણ જૂથની સંસ્કૃતિ અને ઓળખનું પ્રતીક છે. બહુભાષાવાદ હંમેશા ભારતીય જીવનનું અંગ રહ્યું છે. ભારતમાં ઘણા લેખકો એકસરખી ભાષા બોલતા નથી. ભારતીય ઉપમહાખંડની વિશિષ્ટતા એ છે કે એક જ વ્યક્તિ વિવિધ હેતુસર જુદી જુદી ભાષા અને બોલી બોલે છે. ઉત્તર-પૂર્વ ભારતમાં ખાસી મહિલા પોતાની જાતની મહિલા સાથે વાત કરવા મહિલાઓની બોલી બોલે છે, પણ ખાસી પુરુષ સાથે વાત કરવા પુરુષોની બોલી બોલે છે. દેશના વિવિધ ભાગોમાં ભાષા સંબંધિત આંદોલનો ભારતની એકતા અને અખંડિતતા સામે ગંભીર ખતરો છે.

ભારતની વિવિધતામાં એકતા, સહિષ્ણુતા અને અખંડિતતા સમય અને ઈતિહાસની કસોટીમાં ટકી રહ્યાં છે. આર્થિક વિકાસ સાધવામાં, ધર્મનિરપેક્ષ અને લોકતાંત્રિક બંધારણના માળખાની અંદર સામાજિક અને રાજકીય સશક્તિકરણમાં ભારતીય અનુભવની સફળતાથી દુનિયાના વિવિધ દેશોમાં ભારતને વિશિષ્ટ સ્થાન મળ્યું છે. સંપૂર્ણપણે જોઈએ તો બહુસાંસ્કૃતિક જીવનમાં ભારત સૌથી મહાન દેશોમાં સ્થાન ધરાવે છે. યુનેસ્કોનો વર્ષ ૨૦૦૪નો રિપોર્ટ સાંસ્કૃતિક વિવિધતા સાંસ્કૃતિક કલહ તરફ દોરી જાય છે તેવી માન્યતાને ફગાવી દે છે. વિવિધતા અને લઘુમતી અધિકારોનું સંરક્ષણ વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે ગરીબ અને વિવિધતાસભર દેશો કેવી રીતે બહુસાંસ્કૃતિક નીતિઓ અપનાવીને વિકાસ સાધી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ ભારતે પૂરું પાડ્યું છે.

**લેખકશ્રી નવી દિલ્હી ખાતેની સામાજિક વિજ્ઞાન સંસ્થામાં ડાયરેક્ટર છે. તેઓએ અનેક જર્નલ્સમાં તેમજ આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પેપર્સ રજૂ કરેલ છે. ઈરાક, મેક્સિકો, ઈથોપિયા, નેપાળ અને યેમેન ખાતે સમવાયતંત્ર અંગેના આંતરરાષ્ટ્રીય વર્કશોપ સાથે તેઓ સંકળાયેલ છે.**

મુખ્ય લેખ

# ડિજિટલ ઇન્ડિયા

## વિજાણું ભારત કાર્યક્રમ - જાહેર વહીવટીતંત્રમાં સુધારાઓનો પ્રેરણારૂપ પ્રયાસ

● યોગેશ કે. દ્વિવેદી તથા અન્યો ●

**મા**હિતી અને સંદેશાવ્યવહાર ટેક્નોલૉજી (ICT) દ્વારા જાહેર વહીવટી સુધારણાના તેના ઉપયોગકર્તાઓ માટે અનેક ફાયદાઓ અને તકો મળી છે. તેના કેટલાક ઉદાહરણો જોઈએ, તો તે કાર્યક્ષમતા, પ્રતિભાવ, અસરકારકતા, પારદર્શકતા, નોકરશાહીમાં ઘટાડો, વધુ સારો સંદેશાવ્યવહાર અને સંકલન વગેરેમાં જાહેર સંસ્થાને પરિવર્તિત કરે છે અને સૌથી વધુ મહત્ત્વનું તે માહિતી અને સંદેશાવ્યવહારવાળી ટેક્નોલૉજીથી સક્ષમ સરકારી સેવાઓને ગમે તે સમયે - ગમે ત્યાં - નાગરિકકેન્દ્રી બનાવી તેની પ્રાપ્યતા અને પરિણામ પૂરા પાડે છે.

૧૯૯૦ના દાયકાના અંતભાગમાં ભારતે ઇ-ગવર્નમેન્ટના રૂપમાં આ પ્રકારના સુધારાઓનો પ્રારંભ કર્યો હતો અને વર્ષ ૨૦૦૬માં નેશનલ ઇ-ગવર્નન્સ પ્લાન (NEGP)ના પ્રારંભ સાથે તેમાં વેગ આવ્યો હતો. જોકે ઇ-ગવર્નમેન્ટ ડેવલપમેન્ટ ઇન્ડેક્સ (સંયુક્ત રાષ્ટ્રના સર્વેક્ષણ - ૨૦૧૪) મુજબ ભારત વિશ્વમાં હજુ પણ ૧૧૭ દેશોથી પાછળ છે.

શ્રી દ્વિવેદીના (૨૦૧૩-બી) અગાઉ પ્રકાશિત એક લેખ મુજબ ભારતને અમાપ માહિતી ધરાવતો સમાજ અને જ્ઞાન અર્થતંત્ર બનાવવાના પ્રયાસોમાં નડતરરૂપ કેટલાક કારણોને ઓળખી કાઢવામાં આવ્યા છે. ઉદાહરણ જોઈએ તો માહિતી સંદેશાવ્યવહાર અને ટેક્નોલૉજી આધારિત પદ્ધતિનું કેન્દ્ર, રાજ્ય અને જિલ્લા કક્ષાએ ટુકડાઓમાં વિભાજન, પદ્ધતિમાં એકીકરણનો અભાવ, છેલ્લી ઘડીના અંતરાયો, સ્થાનિક કક્ષાએ સમાન એવા કેન્દ્રોની ઓછી સંખ્યા, ઇ-ગવર્નન્સ સેવાના ઉપયોગ અને પહોંચતી માહિતીનો અભાવ, નબળી વિજાણું સાક્ષરતા, પ્રાદેશિક ભાષાઓમાં ઇ-સેવાઓના પ્રાપ્યતાનો અભાવ, ગોપનીયતા અને સુરક્ષાની ચિંતા સાથે વિશ્વાસનો અભાવ વગેરે સામેલ છે.

આ ઉપરાંત કેટલીક ભલામણો પણ તેઓએ કરી હતી. જેમાં વર્તમાન પદ્ધતિની ક્ષમતાનું માપ કાઢવું જરૂરી, વર્તમાન પદ્ધતિને લયબદ્ધ અને એકીકૃત કરવાની જરૂરિયાત, સેવા પૂરી પાડવા માટે મોબાઇલ પ્લેટફૉર્મનો ઉપયોગ, અવાજ આધારિત મોબાઇલ એપ્લીકેશનનો વિકાસ, આઈ.સી.ટી. કૌશલ્યથી સજ્જ બનાવવા નાગરિકોને તાલીમ આપવાની જોગવાઈ, ગ્રામ્ય સમુદાયોમાં પહોંચી શકાય તેટલા અંતરે સમાન સેવાકેન્દ્રોની સંખ્યા વધારવી, પ્રાદેશિક ભાષાઓમાં ઇ-સેવાની જોગવાઈ તેમજ વિજાણુ વાતાવરણમાં આઈ.સી.ટી. આધારિત જાહેર વહીવટી સુધારાઓને ભારતના સંદર્ભમાં - સાનુકૂળ બનાવવા વિશ્વાસ અને સુરક્ષાની દૃષ્ટિ સ્થાપિત કરવાની જરૂરિયાતનો સમાવેશ થાય છે.

તાજેતરમાં ભારત સરકારે નવી ઉદાહરણરૂપ પહેલ કરી છે. જેમાં શ્રી દ્વિવેદી દ્વારા દર્શાવ્યા મુજબના તમામ મુદ્દાઓને સમાવવામાં આવ્યા છે. અહીં હવે પછીના આ નવા લેખમાં 'ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ' તરીકે જાણીતા - સીમાચિહ્નરૂપ પહેલનો ખ્યાલ આપવામાં આવ્યો છે. જો આ નવો ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ - અસરકારક રીતે અમલી બનાવવામાં આવશે તો ભારતના જાહેર વહીવટીતંત્રમાં સુધારાઓ અને દેશના સામાજિક, આર્થિક વિકાસ ક્ષેત્ર મહત્ત્વપૂર્ણ અને હકારાત્મક અસરો જોવા મળશે.

ડિજિટલ ઇન્ડિયા એટલે કે, વિજાણું ભારત કાર્યક્રમની રૂપરેખા.

ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ એ વિવિધ મંત્રાલયોને સાંકળતો એક એવો કાર્યક્રમ છે જેનો હેતુ ભારતમાં વિજાણુથી સક્ષમ માહિતી સમાજનું સશક્તિકરણ કરીને જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા બનાવવાનો છે. રાષ્ટ્રીય ઇ-ગવર્નન્સ પ્લાનના નવા અવતાર સમાન આ ડિજિટલ ઇન્ડિયા

પ્રોગ્રામ એ એક વિશાળ કાર્યક્રમ છે. ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલૉજી વિભાગ દ્વારા તૈયાર કરાયેલા આ કાર્યક્રમ માટે એક ટ્રીલીયન રૂપિયાથી વધુની ફાળવણી કરવામાં આવી છે. ૨૦મી ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ આ ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી હતી. જેને ૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે. પ્રચંડ પરિવર્તનશીલ એવા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકારી પ્રક્રિયાને ડીજીટાઇઝ કરીને ધરમૂળથી બદલવાની સાથે સરકારી સેવાઓ ટેક્નોલૉજી મારફત પહોંચની અંદર અને પ્રાપ્ય બનાવવાની સાથે નવી રોજગારી સર્જનમાં યોગદાન આપવાનો છે.

ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામનું ધ્યેય ત્રણ મુખ્ય બાબતોની આસપાસ કેન્દ્રિત છે, જેમાં –

૧. તમામ નાગરિકો માટે ઉપયોગિતાના રૂપમાં માળખાકીય સુવિધા
૨. લોકોની જરૂરિયાત પ્રમાણે શાસન અને સેવાઓ અને
૩. નાગરિકોનું ડિજિટલ ટેક્નોલૉજીથી અશક્તિકરણ.

આ ત્રણ મુખ્ય બાબતોમાં ચિત્ર-૧માં વિસ્તૃત રીતે દર્શવવામાં આવી છે, પરંતુ તેને વિસ્તૃત રીતે સમજણ પણ ખૂબ જરૂરી છે.

તમામ નાગરિકોની ઉપયોગિત માટે માળખાકીય સુવિધા – આ પ્રથમ મુદ્દામાં જે બાબતોનો સમાવેશ થાય છે. તેમાં ડિજિટલ ટેક્નોલૉજીથી નાગરિકોને સક્ષમ બનાવવાના હેતુથી તમામ ગ્રામ પંચાયતોમાં હાઇસ્પીડ ઇન્ટરનેટની સુવિધા પૂરી પાડવી, દરેક નાગરિકોને ખાસ, કાયમી ઓનલાઇન અને ખરાઈ કરી શકાય તેવી ખાસ ડિજિટલ ઓળખ આપવાની જોગવાઈ. લોકોના સામાજિક અને આર્થિક સશક્તિકરણ માટે મોબાઇલ ફોન અને બેંક એકાઉન્ટ દ્વારા ડિજિટલ અને નાણાકીય ક્ષેત્રે લોકોને ભાગીદાર બનાવવા, સમાન સેવા કેન્દ્રોની સરળ પ્રાપ્યતા, જેથી સ્થાનિક કક્ષાએ લોકોને સેવાઓનું પરિણામ મળી શકે, શેર કરી શકાય તેવી ખાનગી સ્પેસ જાહેર ક્લાઉડમાં ઉપલબ્ધ કરવાની જોગવાઈ અને ઇલેક્ટ્રોનિક સેવાઓનો ઉપયોગ અને સ્વકાર્યતા વધે તે માટે સલામત અને સુરક્ષિત સાયબર સ્પેસ સ્થાપવાનો સમાવેશ થાય છે.

બીજા મુખ્ય મુદ્દામાં લોકોની માંગ પ્રમાણે શાસન અને સેવાઓનો સમાવેશ થાય છે. જે મુજબ વિવિધ લાભકર્તાને વિવિધ સરકારી સેવાઓ પૂરી પાડવા એક બારી પદ્ધતિ અને તમામ વિભાગો તેમજ કાર્યક્ષેત્રોમાં એકીકરણ અને સરળીકરણનો સમાવેશ થાય છે. આવી જાહેર સેવાઓ ઓનલાઇન અને મોબાઇલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને વાસ્તવિક સમયના આધારે પૂરી પાડવામાં આવશે.

માહિતીની પ્રાપ્યતાને વધુ સરળ બનાવવાના હેતુથી શહેરીજનોને લગતા તમામ દસ્તાવેજો ક્લાઉડ ઉપર ઉપલબ્ધ બનાવવા, આ ઉપરાંત સરકારી સેવાઓને ડિજિટલમાં રૂપાંતરિત કરીને વ્યાપાર ધંધાની કામગીરીને સરળ બનાવવી જેનો ઇલેક્ટ્રોનિક્સ સ્વરૂપમાં અને રોકડવિહીન નાણાકીય વ્યવહાર તરીકે ઉપયોગ કરી શકાય અને છેલ્લે નિર્ણય લેવામાં અને વિકાસમાં સંકલિત ઇલેક્ટ્રોનિક સરકારી પદ્ધતિના ઉપયોગનો સમાવેશ થાય છે.

ત્રીજા મુખ્ય મુદ્દા નાગરિકોનું ડિજિટલ સશક્તિકરણમાં જે બાબતો ઉપર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો છે, તેમાં ભારતીય નાગરિકોમાં ડિજિટલ સાક્ષરતાનો ફેલાવો કરવો, સરળ અને સર્વવ્યાપક પ્રાપ્યતા સાથે ડિજિટલ સંસાધનોને વ્યાપક રીતે ઉપલબ્ધ બનાવવા, તમામ સરકારી દસ્તાવેજો અને પ્રમાણપત્રો ક્લાઉડ ઉપર પ્રાપ્ય બનાવવા, સ્વકાર્યતા અને ઉપયોગિતાને મોટા પાયે પ્રોત્સાહન આપવું, ડિજિટલ સંસાધનો અને સેવાઓને પ્રાદેશિક માળખાઓમાં ઉપલબ્ધ કરવા, સહભાગિતાના શાસનમાં સંસ્કૃતિનો વિકાસ કરવાના હેતુથી સહયોગી ડિજિટલ પ્લેટફોર્મની જોગવાઈ અને ક્લાઉડ દ્વારા વ્યક્તિઓ માટેની તમામ ઉમેદવારીને હરતીફરતી બનાવવાનો સમાવેશ થાય છે.

**ચિત્ર-૧ ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામના ત્રણ મુખ્ય ક્ષેત્રો અને નવ સ્તંભ નાગરિકોનું ડિજિટલ સશક્તિકરણ**

ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમમાં નવ સ્તંભ ઓળખી કાઢવામાં આવ્યા છે. જે અગાઉ ચર્ચા કરી તે ત્રણ મુખ્ય મુદ્દાઓને સિદ્ધ કરવા માટે પણ ખૂબ જરૂરી છે. આ નવ સ્તંભ આ પ્રમાણે છે : (૧) બ્રોડ બોન્ડ હાઇવે (૨) મોબાઇલ સંપર્કની સાર્વત્રિક પ્રાપ્યતા (૩) સાર્વજનિક




**Figure 1.** Digital India Programme: Three Key Areas and Nine Pillars

ઈન્ટરનેટ પ્રાપ્યતા કાર્યક્રમ (૪) ટેક્નોલૉજી દ્વારા સરકારમાં સુધારથી ઈ-ગવર્નન્સ (૫) સેવાઓ ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી પહોંચાડતી - ઈ-ક્રાંતિ (૬) તમામ માટે માહિતી (૭) ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન (૮) નોકરી માટે માહિતી ટેક્નોલૉજી (૯) પરિણામો વહેલા મેળવવાનો કાર્યક્રમ.

બ્રોડ બેન્ડ હાઈવે - એક સ્તંભ તરીકે તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોને બ્રોડ બેન્ડથી આવરી લેશે. જે રાષ્ટ્રીય માહિતી માળખાને એક બનાવી રાખશે. બીજો સ્તંભ - દેશમાં મોબાઈલ - કનેક્ટીવિટીને અર્થ સુલભ બનાવવા માળખુ રચવા માટે ધ્યાન કેન્દ્રીત કરશે. જ્યારે ત્રીજો સ્તંભ દેશમાં પૂરતી સંખ્યામાં સમાન એવા કેન્દ્રો સ્થાપવા ઉપર ભાર મૂકે છે. તેમાં માર્ચ ૨૦૧૭ સુધીમાં કુલ ૨ લાખ ૫૦ હજાર ગામડાઓમાં સ્થાનિક કક્ષાએ સમાન એવા કેન્દ્રો ખોલવા તેમજ આગામી બે વર્ષની અંદર ૧ લાખ ૫૦ હજાર ટપાલ કચેરીઓને બહુ સેવા કેન્દ્રમાં પરિવર્તિત કરવાનો સમાવેશ થાય છે. ચોથા સ્તંભ તરીકે બિઝનેસ પ્રોસેસ રી-એન્જિનિયરિંગ (બી.પી.આર.) સાથે ઈ-ગવર્નન્સ જેવી ટેક્નોલૉજીથી સરકારે સુધારાઓનું આયોજન કર્યું છે. જેમાં ફોર્મનું સરળીકરણ, ઓનલાઈન અરજી અને તેની સ્થિતિની જાણકારી, ઓનલાઈન રીપોઝીટરીઝનો ઉપયોગ, સેવાઓ અને મંચનું એકત્રીકરણ, કામકાજની લયબદ્ધતાનું સ્વયંસંચાલ, તેમજ નાગરિકોના પ્રશ્નોના ઉકેલ માટે સ્વયંસંચાલિત જાહેર ફરિયાદ નિવારણ પદ્ધતિ સામેલ છે.

પાંચમો સ્તંભ સરકારી સેવાઓ પ્રાપ્ત કરવા માટે નાગરિકોને સંપર્ક કેન્દ્રની જોગવાઈ કરે છે. આ ટચ પોઈન્ટ્સમાં ઈ-ક્રાંતિ દ્વારા સેવાઓની ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી ડીલીવરીનો સમાવેશ થાય છે. આ સેવાઓમાં ઈ-એજ્યુકેશન, ઈ-હેલ્થ, જી.આઈ.એસ. આધારિત નિર્ણય દ્વારા આયોજન માટેની ટેક્નોલૉજી, કાચી સામગ્રીના ઓનલાઈન ઓર્ડરની ખેડૂતો માટેની ટેક્નોલૉજી, સુરક્ષા માટેની ટેક્નોલૉજી, મોબાઈલ બેંકીંગ દ્વારા નાણાકીય સમાયોજન અને માઈક્રો એ.ટી.એમ. કાર્યક્રમ, ઈ-કોર્ટ, ઈ-પોલીસ, ઈ-જેલ અને ઈ-પ્રોસીક્યુશીનનો સમાવેશ થાય છે. છઠ્ઠો સ્તંભ - તમામ માટે માહિતીનો છે - જેમાં સરકાર - માહિતી અને દસ્તાવેજોની સેવા ઓનલાઈન પૂરી પાડવા કટિબદ્ધ છે. એ જ રીતે વિવિધ અગત્યની માહિતી સાથે નાગરિકોને સતત સજાગ રાખવા સોશ્યલ મીડિયાના જોશભેર ઉપયોગનો સમાવેશ થાય છે.

સાતમો સ્તંભ - ઈલેક્ટ્રોનિક વસ્તુઓના ઉત્પાદન અંગેનો છે જેમાં ઈલેક્ટ્રોનિક્સની તમામ ચીજવસ્તુઓનું દેશમાં ઉત્પાદન કરીને વર્ષ ૨૦૨૦ સુધીમાં આયાત શૂન્ય કરવાની છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે હાલનું માળખું પર્યાપ્ત નથી અને આ મહત્ત્વપૂર્ણ ધ્યેય પ્રાપ્ત કરવા માટે હાલના અનેક કાર્યક્રમોમાં ફેરફાર કરવાની યોજના છે.

આઠમો અને અત્યંત મહત્ત્વપૂર્ણ સ્તંભ - ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમમાં ઇન્ફર્મેશન કોમ્યુનિકેશન અને ટેક્નોલૉજી આઈ.સી.ટી. આધારિત રોજગાર સર્જવાનો છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે નાના શહેરો અને ગામડાઓમાં આઈ.ટી. સેક્ટરમાં નોકરી માટે લોકોને તાલીમ અપાશે.

અંતમાં નવમો સ્તંભ વહેલા પરિણામ મેળવવાનો કાર્યક્રમ છે. આ કાર્યક્રમ શરૂ કરી દેવાયો છે. તેમાં સંદેશાઓ અને સરકારી શુભેચ્છાઓ પહોંચાડવા. માહિતી ટેક્નોલૉજીનો ઉપયોગ તેમજ સરકારી કચેરીઓમાં હાજરી નોંધવા માટે બાયોમેટ્રિક હાજરી પદ્ધતિનો સમાવેશ થાય છે. આર્મી હાર્વેસ્ટ કાર્યક્રમના પ્રારંભિક તબક્કાના ધ્યેય પ્રાપ્ત કરી લેવાયા છે.

**અંતિમ મૂલ્યાંકન અને ભલામણો**

ડિજિટલ ઇન્ડિયાની પહેલ માટે અમે 'ઉદાહરણરૂપ' અને 'સિમાચિહ્નરૂપ' શબ્દોનો ઉપયોગ ખૂબ જ સભાનપણે કર્યો છે. કારણ કે અમારા મતે આ કાર્યક્રમ લાંબા ગાળાના ટકાઉ દૃષ્ટિકોણના આધારે તે ખૂબ જ સર્વગ્રાહી અને સમાવેશી કાર્યક્રમ છે.

હોલીસ્ટીક અથવા સર્વગ્રાહી શબ્દથી અમે ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમનું ધ્યાન તમામ જરૂરી અને આંતરિક રીતે એકબીજા સાથે સંકળાયેલી બાબતો ઉપર મૂકવા માગીએ છીએ. જેમાં માળખાકીય વિકાસ, એકીકૃત અને લયબદ્ધ એવી ઇલેક્ટ્રોનિક સેવાઓ, અને નાગરિકોની ડિજિટલ સાક્ષરતાનો સમાવેશ થાય છે. ચિત્ર-૧માં દર્શાવ્યા મુજબ માળખાકીય સુવિધા અને લયબદ્ધ ઇ-સેવાઓ, શાસન પ્રણાલી સાથે મળીને નાગરિકોનું ખરા અર્થમાં ડિજિટલ સશક્તિકરણ કરે છે. આ મુખ્ય બાબતોમાંથી એક પણ બાબતોમાં નબળાઈ ભારતને ડિજિટલ ઇન્ડિયામાં પરિવર્તિત થવામાં અંતરાય સર્જી શકે છે.

સૌથી વધુ ધ્યાન ડિજિટલ લીટરેસી - એટલે કે ડિજિટલ સાક્ષરતા ઉપર આપવાની જરૂર છે. કેમ કે જો ઉપયોગ કરનાર લોકોમાં કોમ્પ્યુટર અને ટેક્નોલૉજીના ઉપયોગ અંગેની જાણકારી નહીં હોય તો સમગ્ર માળખું અને લયબદ્ધ કરાયેલી ઇ-સેવાઓનો કોઈ ઉપયોગ રહેશે નહીં. આવી સેવાનો ઉપયોગ કરવામાં આત્મવિશ્વાસનો અભાવ પણ આ સેવાઓને અર્થહીન બનાવી શકે છે. ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ એ-સમાવેશી છે. કેમ કે તેમાં માત્ર શહેરી વિકાસની વાત નથી પરંતુ શહેરો કરતા પણ વધુ ધ્યાન ગ્રામ્ય વિસ્તારના લોકો ઉપર આપવામાં આવી રહ્યું છે. જે રીતે સમગ્ર કાર્યક્રમનો વિચાર કરાયો છે તેનો જો બરાબર અમલ કરવામાં આવે તો બ્રોડ બેન્ડ, મોબાઇલ અને પબ્લીક ઇન્ટરનેટ એક્સેસ પોઇન્ટથી ઇન્ટરનેટ કનેક્ટિવિટીની અસરને પગલે ગ્રામ્ય અને શહેરી લોકો વચ્ચેની ડિજિટલ ડીવાઇડ એટલે કે ટેક્નોલૉજીની ખાધ દૂર થશે અને તેનાથી દેશમાં સમાવેશી અને એકસમાન માહિતી ધરાવતો સમાજ અને જ્ઞાન અર્થતંત્ર ઊભું કરવામાં મદદ મળશે.

ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમને સીમાચિહ્નરૂપ ગણવામાં આવ્યો છે, કારણ કે તેનો વ્યાપ, અંદાજપત્ર, તેના લાભો અને તેને પૂર્ણ કરવાનું સમયબદ્ધ મહત્ત્વાકાંક્ષી આયોજન એ તમામ મોટાપાયે કરાયું છે. દેશમાં પરિવર્તનશીલ એવો આ કાર્યક્રમ કૌશલ્ય વિકાસમાં યોગદાન આપશે અને મોટા પાયા ઉપર રોજગારનું સર્જન કરશે, જેમાં એક અંદાજ પ્રમાણે ૧ કરોડ ૭૦ લાખ સીધી નોકરીઓ અને ૮ કરોડ ૫૦ લાખ પરોક્ષ નોકરીઓની તકો ઊભી થવાની સંભાવના છે. આટલા મોટા પાયા ઉપર અમલી બનાવાયેલા ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ સાથે અગાઉનો કોઈપણ ડિજિટલ કાર્યક્રમ બરોબરી કરી શકે તેમ નથી. સીમાચિહ્નરૂપ એવા આ કાર્યક્રમમાં ગુગલઅને માઇક્રોસોફ્ટ જેવી વિશ્વની વિશાળ આઈ.ટી. કંપનીઓએ રસ દાખવ્યો છે અને નાસકોમ જેવી સંસ્થા આ પહેલમાં જોડાઈ છે તે તેનું મહત્ત્વ દર્શાવે છે.

આ ઉપરાંત કાર્યક્રમને એટલા માટે પણ સીમાચિહ્નરૂપ ગણવો પડે, કેમ કે તેની ગ્રામ્યવિસ્તારોમાં દૂરદૂર સુધી ફેલાયેલા છૂટક ગ્રાહકો ઉપર અસર પડી છે. અને તેનાથી ઇ-કોમર્સ અને ડિજિટલ માર્કેટિંગનો ફેલાવો વધ્યો છે. આ કાર્યક્રમને ઉદાહરણરૂપ અને સીમાચિહ્નરૂપ ગણાયો છે, કેમ કે વેપારઉદ્યોગ જગત દ્વારા તેને બીરદાવવામાં આવ્યો છે. એ જ રીતે ભારતીય અને વિદેશી મીડિયા દ્વારા તેનો પ્રચાર-પ્રસાર કરાયો છે.

આ કાર્યક્રમમાં નિર્ધારિત લાભો


ત્યારે જ મળી શકે જો તેનો સંપૂર્ણપણે અથવા તો આંશિકપણે અમલ કરીને પૂર્ણ કરવામાં આવે. ભારતમાં હાલમાં મજબૂત અને સ્થિર સરકાર છે તે જોતાં અમે માનીએ છીએ કે, માળખાકીય અને ટેક્નિકલ સહિતનો આ કાર્યક્રમનો મોટો ભાગ નિર્ધારિત યોજના મુજબ પૂર્ણ કરવામાં આવશે. કેમ કે કેટલીક બાબતો અત્યાર સુધીમાં અમલી પણ બની ચૂકી છે. ઉદાહરણ તરીકે કર્મચારીઓની હાજરી નોંધવા માટેની બાયોમેટ્રિક પદ્ધતિ તબક્કાવાર લાગુ કરવામાં આવી રહી છે. જો કે ડિજિટલ સાક્ષરતા અને માનવ વિકાસની બાબતોમાં તમામ લોકો સુધી પહોંચીને કૌશલ્ય પૂરું પાડવાનું હોવાથી તેમાં સમય લાગી શકે છે.

દેશના તમામ લોકોમાં ડિજિટલ સાક્ષરતા નિશ્ચિત અને ચોક્કસ સમયમર્યાદામાં લાવવા માટે કોઈ જાદુઈ દવા નહીં હોવા છતાં બજાર આધારિત અને તબક્કાવાર લક્ષ્યાંકિત વ્યૂહરચનાથી આ દિશામાં સફળતા મળી શકે તેમ છે.

ચિત્ર-૨માં બજારલક્ષી સીટીઝન એન્ગેજમેન્ટ ફ્રેમવર્ક એટલે કે નાગરિકોને જોડતું માળખું દર્શાવવામાં આવ્યું છે. જે લોકોમાં ડિજિટલ સાક્ષરતાને અસરકારક રીતે પ્રસારિત કરવામાં મદદરૂપ થઈ શકે છે. ટૂંકમાં નાગરિકોને જોડતું આ માળખું - આઈ.સી.ટી. સાક્ષર અને આઈ.સી.ટી. આધારિત સેવાઓના ઉપયોગની વર્તણૂક વચ્ચે વિવિધ કક્ષાએ સંવાદ રચે છે. આ માળખું તબક્કાવાર માર્ગ સૂચવીને સ્વકાર્યતા અને જોડાણ દ્વારા સંવાદ રચે છે, જેમાં ત્રણ કક્ષાના ઉપયોગ વર્તણૂક જેમ કે નહીં વાપરનાર, ઓછું વાપરનાર અને વધુ વાપરનાર તેમજ બે કક્ષાના જોડાણો જેમ કે કામચલાઉ જોડાણ અને આવી રહેલા જોડાણ સૂચવે છે.

આ માળખા મુજબ સીધી વ્યૂહરચનામાં વપરાશ નહીં કરતા લોકોને ઓછા વપરાશકર્તામાં ફેરવવા અને ઓછા વપરાશકર્તાને વધુ વપરાશકર્તામાં ફેરવવાનો સમાવેશ થાય છે. એ જ રીતે નાગરિકોના કામચલાઉ જોડાણને સતત જોડાણમાં પરિવર્તિત કરવાનો સમાવેશ થાય છે. વાચકોને ચિત્ર-૨ દ્વારા આ પ્રક્રિયાનો વધુ ખ્યાલ મળી શકે છે.

**ચિત્ર-૨ સીટીઝન એન્ગેજમેન્ટ ફ્રેમવર્ક (CEF) અસરકારક ડિજિટલ સાક્ષરતાને પ્રોત્સાહન આપવા નાગરિકોને જોડતું માળખું**




ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમમાં લોકોને ઈન્ટરનેટ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે વિવિધ ઉપાયો ઉપર ધ્યાન અપાયું છે. જેમાં બ્રોડબેન્ડ મોબાઈલ અને પબ્લિક ઈન્ટરનેટ એક્સેસ પોઈન્ટથી લઈને સરકારી સેવાઓ મેળવવા માટે સમાન સેવા કેન્દ્રોનો સમાવેશ થાય છે. જોકે આ તબક્કે એક સૌથી મોટા અંતરાય તરફ પણ ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે.

દેશના મોટી સંખ્યાના ગામડાઓમાં હજુ વીજળીની ઉપલબ્ધતા નથી અને ઘણા ગામડાઓમાં વીજળી ખોરવાઈ જવાની બાબત ખૂબ જ સામાન્ય છે. જેથી કરીને ઘરેલું ઈન્ટરનેટ જોડાણો સમાન સેવા કેન્દ્રો અને જાહેર ઈન્ટરનેટ એક્સેસ પોઈન્ટ ઉપયોગી બની શકશે નહીં અને તેનાથી રોકાણનો મહત્તમ ઉપયોગ થઈ શકશે નહીં. સિવાય કે આવા વિસ્તારોમાં સતત વીજળી પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવે. આ સમસ્યાને પહોંચી વળવા માટે સમાન સેવા કેન્દ્રો કે જાહેર ઈન્ટરનેટ એક્સેસ પોઈન્ટને સૂર્યશક્તિ કે પવનઊર્જા જેવી વૈકલ્પિક ઊર્જાથી ઉત્પન્ન વીજળીના પુરવઠા સાથે જોડવામાં આવે તે જરૂરી છે. સમાન સેવા કેન્દ્રોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી

અને આખું સપ્તાહ ૨૪ કલાક સરકારી સેવાઓ ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી ઉપલબ્ધ કરાવવા માટે દરેક સમાન સેવા કેન્દ્રને પૂરતી ક્ષમતાવાળા સોલાર પેનલ સાથે જોડવા જોઈએ. તેનાથી ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમને સતત અને ટકાઉ બનાવી શકાશે તેમજ વૈકલ્પિક ઊર્જા સંસાધનો તરફ લોકોમાં હકારાત્મક જાગૃતિ ઉત્પન્ન થશે.

ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમમાં મોટાપાયે ઓનલાઇન ઓપન કોર્સિસ શરૂ કરવા અને તેનો વિકાસ કરવાનું પણ આયોજન છે. જોકે આ નવતર પ્રયોગનું પરીક્ષણ અને તેની સ્વીકાર્યતા હજુ બાકી છે. તેના માટે તેના વિકાસના તબક્કાઓમાં ઉપયોગકર્તાઓની સામેલગીરી ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત આ પહેલને મોટા પાયા ઉપર શરૂ કરતાં પહેલાં કેટલાક મોટા પાયાના અભ્યાસક્રમો અને સંશોધનો હાથ ધરવા જોઈએ.

ભારતમાં રાજયોમાં સરકારી શાળાઓની સ્થિતિ જરા પણ આધુનિક કહી શકાય તેવી નથી. શિક્ષકો સંપૂર્ણ તાલીમબદ્ધ નથી અને ટેક્નોલૉજી દ્વારા શિક્ષણ પૂરું પાડવા માટે કૌશલ્ય ધરાવતા નથી. આવી પરિસ્થિતિમાં આવી શાળાઓને માત્ર બ્રોડબેન્ડ કનેક્શનથી જોડી દેવાથી કામ ચાલી જશે નહીં. શિક્ષકોને ડિજિટલ ટેક્નોલૉજીની મદદથી બાળકોને શિક્ષણ કેવી રીતે આપી શકાય અને તેમાં બાળકો અને તેમના માતાપિતાઓને કેવી રીતે સામેલ કરી શકાય તેની તાલીમ આપવામાં આવશે. આ દિશામાં બ્રોડબેન્ડ દ્વારા શિક્ષણ ક્ષેત્રે વિશ્વમાં અગ્રેસર એવા દક્ષિણ કોરિયાનો અનુભવ આપણને ઉપયોગી થશે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા હાલમાં જ હાથ ધરાયેલા વર્લ્ડ ઇ-ગવર્નમેન્ટ ડેવલપમેન્ટ ઇન્ડેક્સના તાજેતરના સર્વેક્ષણમાં દક્ષિણ કોરિયા પ્રથમ ક્રમાંકે રહ્યું છે. જ્યાં બ્રોડબેન્ડ જોડાણનો મોટાપાયે વિસ્તાર કરવામાં શાળાઓએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. બ્રોડબેન્ડ જોડાણ, ઇ-બુક્સની પ્રાપ્યતા અને તેનો ઉપયોગ અને શાળા કક્ષાએ માહિતી, સંદેશાવ્યવહાર ટેક્નોલૉજીના કૌશલ્યથી આગામી ૨૦ વર્ષોમાં ભારતીય શાળાઓમાં ડિજિટલ ખાધ દૂર કરવામાં અને બાળકોને ડિજિટલી સક્ષમ બનાવવામાં ખૂબ જ મદદરૂપ બની શકશે.

પ્રાપ્ત માહિતી મુજબ ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમમાં જે ક્ષેત્રમાં અપર્યાપ્ત વિચારણા થઈ છે. તેમાં કોઈ પણ કાર્ય પૂર્ણ થાય કે તુરંત તેના મૂલ્યાંકનની જોગવાઈ છે. ભારત જેવા દેશમાં જ્યાં ભ્રષ્ટાચાર તમામ કક્ષાએ ફેલાયેલો છે તેવી પરિસ્થિતિમાં નિષ્પક્ષ ત્રીજી વ્યક્તિ દ્વારા મૂલ્યાંકન ખૂબ જ જરૂરી છે. આ દિશામાં આપણે આપણા દેશમાં તેમજ વિદેશમાં સંશોધકો દ્વારા વિકસાવેલી મૂલ્યાંકનની કઠોર અને સ્વતંત્ર પદ્ધતિનો પ્રત્યેક પ્રોજેક્ટ માટે ઉપયોગકરી શકીએ છીએ.

ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ વિવિધ ક્ષેત્રના ડૉક્ટરેટના વિદ્યાર્થીઓને ખાસ કરીને ટેક્નોલૉજી, બિઝનેસ મેનેજમેન્ટ અને સમાજ વિજ્ઞાનના ક્ષેત્રમાં અત્યંત મૂલ્યવાન તકો પૂરી પાડે છે. તેમજ એક જ ક્ષેત્રની અંદર અને વિવિધ ક્ષેત્રોની વચ્ચે સંશોધન હાથ ધરવા માટે અલાયદુ અને સાનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. આવી જોગવાઈથી ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમને સફળતાથી પૂર્ણ કરવામાં મદદ મળશે તેમજ વિવિધ ક્ષેત્રોમાં સંશોધન કાર્ય માટે સંશોધકો અને સંશોધનની સંસ્કૃતિ ઊભી કરવામાં પણ મદદ મળશે. શૈક્ષણિક સામેલગીરી અને મૂલ્યાંકન એ ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમનું મહત્ત્વપૂર્ણ અંગ છે જે હાલમાં ઉપલબ્ધ નથી.

આજના ભારતને વર્ષ ૨૦૨૨ સુધીમાં ડિજિટલ ઇન્ડિયામાં પરિવર્તિત કરવાના પ્રયાસમાં કેટલીક અન્ય બાબતો પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે. ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ શરૂ કરીને ભારતે આ દિશામાં એક યાત્રા શરૂ કરી છે.

ડિજિટલ ઇન્ડિયાનું ધ્યેય પ્રાપ્ત કરવાનો ભારત સરકારે વિકસાવેલો માર્ગ સરળ દેખાય છે પરંતુ તે જેટલો દેખાય છે તેટલો સરળ નથી. અગાઉ ચર્ચા કરી તે મુજબ તેમાં અનેક અડચણો અને અંતરાયો પણ છે. દેશનું નેશનલ ઇન્ફોર્મેટિક સેન્ટર (એન.આઈ.સી.) અથવા અંતરાયો અને અડચણોનો સામનો કરવામાં જરા પણ સજ્જ નથી. આથી હાલના ભારતને ડિજિટલ ઇન્ડિયામાં રૂપાંતરિત થતો જોવા માટે એન.આઈ.સી.ને આ માટે સુસજ્જ કરવું જરૂરી છે. અને તો જ અંતિમ લક્ષ્યાંક પ્રાપ્ત થયા સુધી ભારતની આ યાત્રા ચાલુ રહી શકશે. એ પણ ખૂબ જ મહત્ત્વનું છે કે દેશના નાગરિકો સતત

જાણકાર રહે તેમજ ડિજિટલ ઈન્ડિયામાં પરિવર્તિત થવા માટે તાલીમબદ્ધ અને તૈયાર રહે.

આ કાર્યક્રમના વિવિધ તબક્કાઓ અને તેના માટે જરૂરી આયોજનને જોતાં આ કાર્યક્રમ ખરા અર્થમાં એક ક્રાંતિકારી પગલું છે. દેશના તમામ લોકોને ડિજિટલ કૌશલ્યથી સજ્જ કરીને શિક્ષિત બનાવવા અને તકો પૂરી પાડવાનો આ પ્રયાસ દેશમાં માત્ર ડિજિટલ ક્ષેત્રે નહીં પણ સોશ્યલ ઈન્ક્લુઝન દ્વારા સામાજિક સમાયોજન સર્જવામાં પણ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ડિજિટલ ઈન્ડિયાના સ્થાનને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે ભારતીય નાગરિકોમાં સાંસ્કૃતિક બદલાવ પણ ખૂબ જ જરૂરી છે. આર્થિક મહાસત્તા તરીકે ભારત આ ધ્યેયને પ્રાપ્ત કરશે તેવો વિશ્વાસ છે. જેનાથી દેશનો રાષ્ટ્રીય વિકાસ ટકાઉ બનશે અને વિશ્વમાં ભારતની વૈશ્વિક સ્પર્ધાત્મકતાને વ્યાપ મળશે. મહત્ત્વાકાંક્ષી એવા ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમમાં જણાવ્યા અનુસાર ભારતનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ છે.

**સંદર્ભસૂચિ :**


DI Presentation (2014). Digital India : A programme to transform India into digital empowered society and knowledge economy. Department of Electronics and Information Technology, Government of India. Accessed from http://pib.nic.in/archieve/others/2014/aug/d2014082010.pptx on January 5, 2015.

Dwivedi, Y.K., Shareef, M., Pandey, S. K., and Kumar, V. (2013a). Public Administration Reformation : Market Demand from Public Organizations, Routledge, New York, USA.

Dwivedi, Y.K., Rana, N.P., and Simintiras, A.C. (2013b). E-Government : Potential and Challenges, Yojana, 57, 30-33.

Dwivedi, Y.K., Weerakkody, V., and Janssen, M. (2012). Moving towards muturity : challanges to successful e-government implementation and diffusion. ACM SIGMIS Database, 42(4), 11-12.

PIB (2014). Digital India - A programme to transform India into digital empowered society and knowledge economy. Press Information Bureau, Government of India Cabinet. Accessed from http://pib.nic.in/newsite/PrintRelease.aspx?relid=108926 on January 5, 2015.

Rana, N.P., Dwivedi, Y.K., and Williams, M.D. (2013). Analysing challenges, barriers and CSF of e-gov adoption, Transforming Government : People, Process and Policy, 7(2), 177-198.

Simintiras, A.C., Dwivedi, Y.K., and Rana, N.P (2014). Can Marketing Strategies Enhance the Adoption of Electronic Government Initiatives ? Internation Journal of Electronic Government Research, 10(2), 1-7.

UN e-Gov Survey (2014). United Nation e-government survey : Compare Countries. Accessed from http://unpan3.un.org/egovkb/en-us/Data/Compare Countries on 07 January 2015.



**લેખકશ્રી લંડન ખાતે સ્વાન્સી યુનિવર્સિટીની મેનેજમેન્ટ સ્કૂલમાં મેનેજમેન્ટ અને સિસ્ટમ્સ વિભાગના વડા છે. તેઓ ડિજિટલ અને સોશ્યલ મીડિયા વિષયના પ્રોફેસર તરીકે કાર્યરત છે.**



**પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો ૫૦ ટકાના દરે ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી જ ઉપલબ્ધ છે. મેળવવા માટે સંપર્ક કરો : યોજના કાર્યાલય પાલડી, અમદાવાદ**

# પાંચમા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

**૨૫**મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષ - ૨૦૧૦ના રાષ્ટ્રીય વર્ષને મતદાતા વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. તા. ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૧થી દર વર્ષે દેશભરમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. પાંચમા રાષ્ટ્રીય મતદાતા દિનની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું હતું કે, મતદાતાઓની રુચિ મતદાન કરવામાં વધે અને મતદાન અંગેની લોક જાગૃતિ આવે તેવા ઉમદા આશયથી સમગ્ર દેશમાં ચૂંટણીપંચ દ્વારા મતદાતા દિનની ઉજવણી કરવામાં આવે છે. જેની ફલશ્રુતિરૂપે સમગ્ર દેશમાં મતદાન અંગેની જાગૃતિ આવી છે તેમજ નવયુવાન મતદારોમાં પણ મતદાન અંગે એક અલગ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભારત દેશ વિશ્વનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ છે. ભારત જેવા મોટા દેશમાં ચૂંટણી પ્રક્રિયા સુપેરે પાર પાડવાનું કામ પણ ઘણું અઘરું છે. તેમ છતાં ભારતીય ચૂંટણીપંચ ખૂબ જ સરળતાથી ચૂંટણીની પ્રક્રિયાને સંપન્ન કરી રહ્યું છે, તે બદલ દેશ અને રાજ્યના નિર્વાચન આયોગને અભિનંદન આપું છું. આપણા દેશમાં પોસ્ટ અને ટેલિગ્રાફની સેવા, રેલવે સેવા, પ્રાથમિક શિક્ષણ અને ચૂંટણી પંચનું કાર્ય ખૂબ જ સુચારુ રીતે કામ કરી રહ્યું છે.

દેશમાં ૮૪ કરોડ નોંધાયેલા મતદારો છે. જેમાંથી છેલ્લી લોકસભાની ચૂંટણીમાં ૫૫ કરોડ લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાંથી ૨૬ કરોડ મહિલાઓએ મતદાન કર્યું હતું. જે વાત મહિલાઓમાં મતદાન અંગેની જાગૃતિ આવી હોવાની ખાતરી આપે છે.

ભારતમાં વર્ષ - ૧૯૫૨માં પ્રથમ ચૂંટણી યોજાઈ હતી. તે પછી કેન્દ્ર અને રાજ્યમાં અનેક ચૂંટણી યોજાઈ છે અને રાજ્યકીય સત્તાનો દોર પણ એકબીજાને સરળતાથી સોંપાયા છે. તેનો મુખ્ય આધાર લોકતંત્રને આભારી છે. તેમણે પૂર્વ ચૂંટણી કમિશનર શ્રી ટી.એન. સેશાનને યાદ કરીને રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, તેમનાથી ભારતીય ચૂંટણી પંચમાં અનેક પરિવર્તન આવ્યા છે. મતદાર તરીકેના નામની નોંધણી, નામ, સરનામું અને અન્ય જરૂરી વિગતોમાં સરળતા લાવવામાં આવી છે. જેના કારણે પણ મતદારોમાં મતદાન અંગે એક નવો જુસ્સો આવી રહ્યો છે. ભારતનું નાગરિકત્વ ધરાવતા ગરીબ, મધ્યમ અને તવંગર લોકોને એક સમાન હક્ક અને નાગરિકત્વ આપવામાં આવ્યું છે. સત્તામાં પરિવર્તન બે રીતે આવી શકે છે, જેમાં એક હિંસાથી અને બીજું શાંતિપૂર્ણ મતદાન કરીને. અંતમાં તેઓશ્રીએ યુવા મતદારો અને ઉપસ્થિત સર્વેને સાચું લોકતંત્ર લોકશિક્ષણ વિના ન ચાલી શકે તેવું પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

રાષ્ટ્રીય મતદાત દિન નિમિત્તે ચૂંટણી પ્રક્રિયા સાથે સીધી રીતે સંકાળાયેલા ૪ સ્ટેટ નોડલ ઑફિસર, ૬ - જિલ્લા ચૂંટણી અધિકારી, ૪ જિલ્લા પોલીસ અધિક્ષક, ૬ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, ૩ મતદાર નોંધણી અધિકારી, ૩ મદદનીશ મતદાર નોંધણી અધિકારી, ૩ સેક્ટર ઑફિસર્સ, ૪ બી.એલ.ઓ., ૩ નોડલ ઑફિસર અને આંગણવાડીની બહેનોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું તેમજ યુવા મતદાર મહોત્સવ - ૨૦૧૪માં જિંગલ્સ, પોસ્ટર-મેસ્કોટ, ટૂંકી ઍડ ફિલ્મ સ્પર્ધામાં વિજેતા થયેલા યુવા મતદારોનું પણ પ્રમાણપત્ર અને પુરસ્કારો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે નવું મત ઓળખપત્ર મેળવનાર મતદાતાઓને તેમના ઓળખપત્ર આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજ્યના અધિક મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી અશોક માણેકનું અને સ્ટેટ આઇકોન શ્રી ચેતેશ્વર પૂજારા તથા બ્રાન્ડ એમ્બેસેડર શ્રી ધ્વનિત ઠાકરનું પણ રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં મહાનુભાવોનું સ્વાગત કરીને રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું હતું કે, આજે સમગ્ર દેશમાં પાંચમો રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવાઈ રહ્યો છે. રાજ્યમાં મતદાનની જાગૃતિ લાવવાના ઉમદા આશયથી રાજ્યમાં ૨૬ હજાર સ્થળોએ રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી કરવામાં આવી છે. **[સૌજન્ય : ગુજરાત માહિતી કચેરી]**

# સમવાયતંત્ર શા માટે : એક પરિપ્રેક્ષ્ય

• વિનાયક નારાયણ શ્રીવાસ્તવ •

સમવાયતંત્ર સમકાલીન આધુનિક લોકતાંત્રિક રાજકીય વ્યવસ્થાનો એક વિચાર છે, કે જે શાસનની એક એવી વ્યવસ્થા દર્શાવે છે કે જેમાં શાસનની પદ્ધતિમાં શક્ય હોય તેટલા બહોળા પ્રમાણમાં જનસાધારણ લોકોને અને સંસ્થાઓને સામેલ કરવાના પ્રયાસની ફરજ પાડે છે. તેનો અમલ સંસ્થાઓ અને માળખાની જાળગૂંથણી દ્વારા થાય છે, જેમાં તેમને સત્તા અને વહીવટીતંત્રની યોગ્ય વહેંચણી કરવામાં આવે છે. તે એક અજોડ રીતે આધુનિક રાજકીય ચલણ કે સર્વસામાન્ય છે કે જેમાં રાજકીય પદ્ધતિની રાજકીય-ભૌગોલિક સીમામાં રહીને સત્તા અને જવાબદારીની ચોક્કસ વહેંચણી જોવા મળે છે. જે સંસ્થાઓ અને માળખાઓને લોકતાંત્રિક રાજકીય પદ્ધતિ આપવામાં આવી છે તેમને સત્તાની વહેંચણી કે હસ્તાંતરણ અને વહીવટી-તંત્રનું વિકેન્દ્રીકરણ દ્વારા સમવાયતંત્રની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. લોકશાહીમાં રાજકીય અને વહીવટીતંત્રના કામકાજની વિશેષ પદ્ધતિ સંસ્થાઓ અને માળખાઓનું એક એવાં નેટવર્ક (જાળગૂંથણી)ની રચના કરે છે કે જે કેન્દ્રથી લઈને તેના પરિઘ સુધી અથવા કેન્દ્ર સરકારથી લઈને સ્થાનિક કક્ષા સુધી અથવા પ્રાદેશિક અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા સુધી વિસ્તરેલું છે. તેમની વચ્ચે સત્તા અને કામગીરીની એવી વહેંચણી થાય છે કે જે સમયની માગ પ્રમાણે એક યોગ્ય વિચાર છે. આમ છતાં વ્યવહારમાં એવું જોવા મળે છે કે એક તરફ સત્તાનું વધુ હસ્તાંતરણ અને વહીવટીતંત્રમાં વધુ કેન્દ્રીયકરણની માંગ તો બીજી તરફ લોકો માટે વધુ સ્વાભાવિક આકર્ષણને કેન્દ્રીય સંસ્થાઓ અને માળખાઓ જેના હાથમાં છે તેઓ સત્તાનું અને વહીવટીતંત્રનું કેન્દ્રીયકરણ કરવાની ઊંધી પ્રક્રિયા માટે પ્રયાસ કરતાં હોવાથી બંને વચ્ચે બહુકોણીય કાંટાળી ખેંચતાણ જોવા મળે છે. આ પ્રકારનો વિરોધાભાસ અને બંને તરફના ખેંચતાણથી સમવાયીકરણ અને સમવાયતંત્રની પ્રક્રિયાને અંકિત કરે છે. ખાતરીબદ્ધ રીતે લોકશાહીમાં જેટલા ઊંડા ઊતરીએ તેમ તે સત્તાનું વધુ હસ્તાંતરણ અને વહીવટીતંત્રમાં વધુ કેન્દ્રીયકરણને સામેલ કરશે.

ભારતમાં, દાખલા તરીકે ભારતીય બંધારણ પ્રમાણે કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે સત્તા સ્પષ્ટપણે વહેંચાયેલી છે. સ્થાનિક સંસ્થાઓનું વધુ એક સ્તર જેમ કે નગરપાલિકાઓ અને પંચાયતો પ્રશાસનના બીજા સ્તરની નીચે કાર્યરત છે અને રાજ્ય સરકાર છે. સત્તાની આ વહેંચણીનો મૂળભૂત વિચાર એ છે કે જે તે સ્તરોને જે તે બાબતોનો તેમની ક્ષમતામાં રહીને સામનો કરવા દેવાનો રહેલો છે. કેન્દ્ર સરકાર પાસે સમગ્રતયા દેખરેખ રાખનારની ભૂમિકા અને યોગ્ય પ્રમાણમાં સત્તા છે તો પ્રાદેશિક કે પ્રાંત કે રાજ્ય સરકારને પ્રદેશ કે પ્રાંતના સંબંધિત પ્રશ્નોના નિકાલ કરવાનો આદેશ અપાયો છે તો સ્થાનિક કે છેક છેવાડાની સંસ્થાઓને તેમના વિસ્તારમાં રહેતા લોકોના પ્રશ્નોનો નિકાલ લાવવાના રહે છે. ભારતના બંધારણમાં તેના પ્રારંભિક કાળથી અને તેમાં કરાયેલા કે કરાતા સુધારાઓથી જે તે ક્ષેત્રના અધિકારો, અસરો અંગે, તેમની સત્તા સહિત સ્પષ્ટપણે રૂપરેખા અને વ્યાખ્યા કરવામાં આવી છે, સંગઠિત વિસ્તારોની ક્ષમતા, આવકના સાધનો ઊભા કરવાના ક્ષેત્રો, નાણાંકીય ક્ષેત્ર વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારે સત્તાની વહેંચણી પ્રમાણિક રીતે સર્વ સમાવેશી હોય છે અને ભારતની આઝાદીના ૬ દાયકા અને ભારતના બંધારણનો અમલ શરૂ થયો તે પછી જો કે સમકાલીન જરૂરિયાતોને પૂર્ણ કરવા તેમાં યોગ્ય રીતે સુધારા-વધારા કરવામાં આવ્યા છે. અગાઉ નોંધવામાં આવ્યું છે તે મુજબ ભારતીય બંધારણ એ કાંઈ સ્થિર, કે જડ દસ્તાવેજ માત્ર નથી. ભારતના બંધારણમાં સંખ્યાબંધ સુધારા કરાયા છે જેમાં ૭૩મો અને ૭૪મો સુધારો ભારતના બંધારણમાં નોંધપાત્ર

છે. તેમ છતાં, આ જોગવાઈઓના વાસ્તવિક અમલીકરણમાં કેટલીક મુશ્કેલીઓ છે. આમ છતાં, સમગ્ર રીતે અને સર્વગ્રાહી રીતે તમામ બાબતોને ધ્યાને રાખી સત્તાની સુખરૂપ વહેંચણી અને વહીવટીતંત્રના વિકેન્દ્રીકરણ કે જેમાં રાજકીય, વહીવટીય, નાણાકીય વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને સમકાલીન જરૂરિયાતોને આજના સમયે પૂર્ણ કરવા વધુ સુધારા કરવાની તાતી જરૂર છે. ટુકડે ટુકડે પરિવર્તન કે સુધારા કે જે એક હદ સુધી જઈને તેને નુકસાન પહોંચાડી શકે છે તેથી તેની સાથે જ પ્રશાસનના વિવિધ સ્તરોની વચ્ચે હક્કો અને જવાબદારીઓનું સૌહાર્દપૂર્ણ અને યોગ્ય વિભાજન તે પણ અનિવાર્ય બાબત છે. અને તે રાજકીય અને પ્રશાસનની સમવાય પદ્ધતિને હાનિ નહીં પહોંચાડે પરંતુ તેને મજબૂત કરવાનું કામ કરે છે. ઉપરાંત આમ પણ ભારતીય બંધારણ અને તેમાં સમાવિષ્ટ યોગ્ય સુધારાઓના મૂળ દસ્તાવેજમાં આ વાત પડેલી જ છે. કોઈપણ રાજકીય લોકશાહીમાં, તેના સંદર્ભો અને અખંડિતતાને ટકાવી રાખવા અને જાળવી રાખવા માટે રાજતંત્ર અને શાસનમાં એક અનુકૂળ અને જવાબદાર સમવાય રાજકીય પદ્ધતિ અનિવાર્ય છે. સંસ્થાઓ કે માળખાઓ એ કાંઈ કાયમી કે અપરિવર્તનીય નથી. કોઈ સમાજ કે રાજકીય પદ્ધતિ સ્થિર નથી. તેની સંસ્થાઓ અને માળખા પ્રસંગોને આધિન પરિવર્તનશીલ છે. અને ત્યારબાદ તે વ્યાપક પ્રાસંગિક માંગ મુજબ પરિવર્તિત થાય છે કે પછી નાશ પામે છે. આમ સમવાય પદ્ધતિ રાજકીય લોકશાહીની પરિપક્વતા પર આધાર રાખે છે.

આ સુધારણાની એક સારી બાબત એ છે કે તે ક્રમિક અને સત્તાની યોગ્ય વહેંચણી તથા વહીવટીતંત્રનું યોગ્ય વિકેન્દ્રીકરણ અંગેની બાબત છે. ક્યાંક એવું ના બને કે વધુ પડતી અથવા અયોગ્ય કેન્દ્રીયકરણ વિભાજન તરફી વલણને પ્રોત્સાહન ના આપે અને જો તેમ થાય તો તે રાજકીય પદ્ધતિની જ અખંડિતતા માટે જોખમરૂપ બની જાય. સમકાલીન, આધુનિક ઈતિહાસ પર નજર નાખીએ તો મોટા ભાગની આપખુદશાહી કે સરમુખત્યારશાહી રાજકીય પદ્ધતિ પોતાના જ ભારથી અને વિખંડિતતાને કારણે તૂટી પડી છે. અને તેના પગણે તે મોટાભાગે અનિચ્છનીય અનુગામીનું શાસન અને પદ્ધતિને જન્મ આપે છે જે સામાજિક-રાજકીય આમૂલ પરિવર્તનને જન્મ આપે છે અથવા અભૂતપૂર્વ આયામોની એવી અરાજકતા સર્જાય છે કે તેના પગલે છેવટે આવી પદ્ધતિ જ નાશ પામે છે, અથવા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અભૂતપૂર્વ હિંસા સ્થાપે છે કે જેના કારણે તે એક કટોકટીથી અન્ય તરફ અથડાયા કરે છે. સમવાય પ્રક્રિયાથી એટલે કે સત્તાના વિકેન્દ્રીકરણથી રાજતંત્ર અને રાષ્ટ્રની અખંડિતતાનું અવમૂલ્યન થાય છે, એવી માન્યતાને કારણે કેન્દ્રીય સત્તાધીશ સ્થાનિકો, પ્રદેશો કે પ્રાંતોને સત્તા, જવાબદારી અને વહીવટીતંત્રને યોગ્ય પ્રમાણમાં સત્તા સોંપવાનો ઈન્કાર કરતાં ઉચ્ચ કેન્દ્રીય સત્તા અને વહીવટી માળખા અને સંસ્થાઓને તેની ગંભીર અસર પહોંચે છે. પરંતુ વાસ્તવમાં ઈતિહાસમાં દર્શાવાયું છે કે તેનાથી વિપરીત પરિસ્થિતિ યોગ્ય ગણાય છે. છાશવારે આવી કેન્દ્રીય રાજકીય પદ્ધતિ અને શાસનની પદ્ધતિને કારણે વાસ્તવમાં માત્ર સત્તાની વહેંચણીની ઔપચારિકતા જેવું બની રહે છે. મોટા ભાગની કેન્દ્રીય સત્તાઓ, રાજકીય પદ્ધતિઓ અને રાષ્ટ્ર-સભ્યો તેના પોતાના ભારથી તૂટી પડે છે અને તે અનૌપચારિક વિઘટનમાં પરિણમે છે.

મોટાભાગના લોકતાંત્રિક રાષ્ટ્રો અને રાજકીય પદ્ધતિઓ પણ તેમના પ્રદેશો અને સ્થાનિક સત્તામંડળોને સત્તાનું હસ્તાંતરણ માટે ખૂબ જ અનિચ્છા દર્શાવતા હોય છે તેના કારણે દેખીતો બળવો અને અલગાવવાદ સર્જાય છે. કેન્દ્રીયકરણ કરવાથી લોકતંત્ર શાસન કે વહીવટીતંત્રનો કોઈ સંદર્ભ રહેતો નથી. પરંતુ લોકતાંત્રિક રાજકીય સંસ્થાઓ અને સત્તા, જવાબદારી અને વહીવટીતંત્રમાં સત્તાની વહેંચણી હોય તો જ રાજકીય લોકશાહીનો યોગ્ય સંદર્ભ રહેતો હોય છે. કેન્દ્રીયવાદ અને રાજકીય લોકશાહી એ બે અભિગમો કાળદોષી સમયગાળો અને વાસ્તવિકતા છે. સમવાયકરણ અને વ્યાપક તથા યોગ્ય સ્વરાજ્ય સંસ્થાઓમાં સ્થાનિકોની વધુ ઉમેરણી યોગ્ય અને સ્થાયી રાજકીય લોકશાહીનો એક માત્ર રસ્તો છે. ક્યાંક એવું ના થાય કે વિશ્વ વિવિધ ટુકડાઓમાં વહેંચાઈ જાય જેમ કે વંશવાદ, પેટા વંશવાદ, ભાષાવાદ, પ્રાદેશિકતાવાદ, પેટા પ્રાદેશિકતાવાદ, નીતિવાદ અને અન્ય આવી રાજકીય સક્રિય ઓળખનો સામનો ના કરવો પડે. ઘણાં લોકતાંત્રિક, અર્ધ-સર્વસત્તાધીશ અને સર્વસત્તાધીશ રાજકીય પદ્ધતિ કે જે કેન્દ્રીય

લોકશાહીને અનુસરે છે. તેઓ દરાર અને અલગતાવાદી વલણનો ગંભીર અનુભવ કરે છે. તેઓ પોતાની સત્તા ડૂબવાના આરે હોય ત્યારે તેમને અન્યોને વધુ સત્તા આપવાની ફરજ પડે છે. જો કે તેઓ સ્થાનિકોને સત્તા આપવામાં હિચકિચાટ કરતાં હોય છે અથવા કેટલાક કિસ્સામાં તેઓ લશ્કરી દળો અને હિંસાના સંમિશ્રણનો ઉપયોગ કરે છે અને તેના પગલે વિનંતીથી નહીં તેમને સત્તાનું હસ્તાંતરણ કરવાની ફરજ પડે છે. કેમ કે લોકો ભાગલા પાડવા માટેની ધમકીઓ આપે છે અને તેથી રાજકીય પદ્ધતિની અખંડિતતા અને રાષ્ટ્રવાદને સાચવવાનો પ્રયત્ન કરે છે.

સમકાલીન સમયમાં, બીજા વિશ્વ યુદ્ધના સમયગાળા બાદ અને ૨૧મી સદીના આગમનની સાથે એવું જોવામાં આવ્યું છે કે અસંખ્ય સાર્વભૌમત્વ રાષ્ટ્રોએ રાજકીય સંકટોના ઝૂંડનો સામનો કર્યો તે તેમની રાષ્ટ્રીય પ્રશ્નનો યોગ્ય રીતે ઉકેલ લાવવામાં રહેલી અશક્તિ છે. અલબત્ત, સમવાયતંત્ર વડે અને આમ સત્તા અને જવાબદારીઓના હસ્તાંતરણ વડે રાજકીય પદ્ધતિઓનું લોકશાહીકરણ કરીને અને તેમના વહીવટીય માળખાનું વિકેન્દ્રીકરણ કરીને પ્રશ્નો ઉકેલવામાં આવ્યાં છે. તમામ રાજકીય પદ્ધતિના રાષ્ટ્રીય પ્રશ્નના મૂળમાં પછી તે નૃવંશવાદ, પેટા નૃવંશવાદ, ભાષાકીય, ધાર્મિક, જાતિગત પરિમાણો વગેરે હોય તેમાં સામાન્ય લોકોની એવી આશા અપેક્ષા રહેલી છે કે સ્થાનિક કક્ષાએ તેઓ સત્તામાં ભાગીદાર બને અને જાતે વહીવટ કરે. જો કે આ પ્રકારની આશા, મહત્ત્વાકાંક્ષા કે જે સ્વશાસન અથવા સ્વરાજને કંઈક અસંગત રીતે શોધે છે તેને સ્થાનિકવાદનું નકારાત્મક પરિમાણ અથવા સ્થાનિયતાનું અતિશયોક્તિભર્યું પગલું કહી શકાય. જો કે તેને એ સાથે પણ જોડી શકાય કે તેમનામાં તેમના પોતાના પ્રશ્નોના ઉકેલ માટેની યોગ્ય ક્ષમતાની ઈચ્છા રહેલી હોય છે. આ કોઈપણ લોકોની લોકતાંત્રિક અપેક્ષા રહેલી છે ત્યારે તે દબાવવી કે ઉપેક્ષા કરવી કે તેના પ્રત્યે મતભેદ દર્શાવવું તે હિતાવહ નથી. આ સંવેદનાનું સત્તાનું હસ્તાંતર અને વિકેન્દ્રીકરણનું લોકશાહી ઢબે સન્માન થવું જ જોઈએ. સમવાયીતંત્રની આ પ્રક્રિયા જો યોગ્ય રીતે થાય તો તે ઓછી કે સસ્તી લોકશાહી કરતાં કોઈપણ સમયે વધુ લોકશાહી સમાન છે. સ્થાપિત હિતો જો પ્રક્રિયાને રોકે છે કે તેના પર આરોપો મૂકે છે અને કદાચ તેમાં સફળ પણ થાય તો, લાંબાગાળે પડતર રહે તો વાસ્તવમાં પ્રશ્ન ઉગ્ર બને છે અને ત્યારબાદ તેનો ઉકેલ લાવવો મુશ્કેલ બને છે.

લોકોમાં લોકતાંત્રિક વલણની વધતી જતી જાગૃતિને કારણે સ્થાનિકોને સત્તાનું હસ્તાંતરણ અને વિકેન્દ્રીકરણની બાબતને ગતિ આપે છે. મહાન લોકતાંત્રિક સ્વતંત્રતા અને જવાબદારીને સાચા દિલથી સતત ઉત્તેજન આપવામાં આવે તો તે તેમની નકારાત્મક બાબતોની સાથે ખાતરીબદ્ધ રીતે સામાજિક-સાંસ્કૃતિક ઓળખમાં પરિવર્તિત કરે છે. આમ છતાં જો લોકોના આ જુસ્સાને ઓળખવામાં આવે તો તે રાજકીય નેતાઓ અને રાજકીય પદ્ધતિનું ડહાપણ ગણાશે અને યોગ્ય તથા માન્ય સમવાયતંત્રની પદ્ધતિ દ્વારા મહત્તમ ફરજ સોંપણી, સ્વાયત્તતા, વિકેન્દ્રીકરણ મંજૂર કરવામાં આવે તો તે લોકોની ખાતરીઓ અને આશાઓને દૂર થતી અટકાવે છે. આમ છતાં અગાઉથી માની લીધેલ કે ધારેલ કોઈ હસ્તાંતરણ સ્વાયત્તતા કે વિકેન્દ્રીકરણ તે સત્તા અને જવાબદારીની સક્ષમ અને સંકલિત રીતે વહેંચણી કરે છે. આડેધડ, અડધા મને (ખરા દિલથી નહીં) અથવા બિન સૌહાર્દપૂર્ણ રીતે થતી વહેંચણી વિખંડિતતાના વલણમાં પરિણમી શકે છે અને/અથવા તેના મગજમાં સરમુખત્યારશાહીને પોષી શકે છે અને રાજકીય રીતે તે અત્યંત પ્રભાવશાળી બની શકે છે.

તાજેતરના ઈતિહાસમાં આ પ્રકારનું વલણ જોવામાં આવ્યું છે કે જેમાં કેટલાક દેશો વંશીય, પેટા-વંશીય ભાષાકીય-રાષ્ટ્રભક્તિ અને ધાર્મિક રાહે વિભાજીત થયાં છે.

સ્થાનિક સ્તરે વૈચારિક સાતત્યપૂર્ણ યથાયોગ્ય સ્વાયત્તતા, હસ્તાંતરણ તથા વિકેન્દ્રીકરણ દ્વારા જ આ જ સ્થિતિને નિવારી શકાશે. તેનાથી પૂર્વ આધુનિકતા તથા ભૂલ થવાની શક્યતા પણ નેસ્તનાબૂદ થઈ જશે. આ પ્રમાણેની વ્યવસ્થાથી સત્તા અને જવાબદારીઓના વિભાજન સાથે કેન્દ્રની નોંધપાત્ર અને હકારાત્મક ભૂમિકા પણ અસ્તિત્વમાં આવશે. જાહેર બાબતો સામે કામગીરી બજાવતી વખતે તંત્રમાં સર્જાતી અરાજકતા સર્જન કરતી અથવા હિંસક સ્થિતિ ઊભી કરતી રાજકીય પરિસ્થિતિની અંદર ઉદ્ભવતા દબાણને નિવારવા માટે સમયાંતરે સમીક્ષા અને પુનઃગઠન પણ

જરૂરી છે. આમ સંસ્થાકીય કામગીરીની સમીક્ષા તેમજ માળખાકીય તંત્રમાં ફેરફારની સાથે સુધારાની પ્રક્રિયા સમવાયતંત્રમાં જરૂરી છે. અનેકવાર આંતરિક વ્યવસ્થા અથવા સ્થાપિત હિતોના દબાણ અથવા સરકાર ઉપર પ્રભાવ પાડતા અપરિપક્વ રાજકીય તત્ત્વોને લીધે સરકાર આ પ્રકારના પગલાંની અવગણના કરવાની વૃત્તિ ધરાવે છે જેના કારણે લાંબાગાળે માળખાકીય સમસ્યાઓ સર્જાય છે. ૧૯મી અને ૨૦મી સદીમાં ઉદારીકરણ, સમાજવાદ, સામ્યવાદ અને તેના અન્ય સ્વરૂપોમાં દેખાદેતી વિચારધારા રાજકીય માળખામાં દેખાદેતી હતી. તેના પગલે એવી રાજકીય વ્યવસ્થા અસ્તિત્વમાં આવી કે જે વધુ લોકતંત્ર ધરાવતી હોવા છતાં વધુ પ્રમાણમાં કેન્દ્રીય હતી. આ રીતે ધર્મનિરપેક્ષ રાજકીય માળખાની અને સંસ્થાઓની સ્થાપના કરવાનો પ્રયાસ કરાયો હતો જે વંશીય, ધાર્મિક, જાતીય અને આ પ્રમાણેના અન્ય માળખાની રચના કરવાનો પ્રયાસ હતો. આધુનિકતાની વિચારધારા, ધર્મનિરપેક્ષતા, ઔદ્યોગિક અર્થતંત્રનું પરિણામ છે કે જેમાં આર્થિક, રાજકીય અને સામાજિક માળખાનો વિકાસ થાય તે જરૂરી છે. જો કે આધુનિકતા, રાષ્ટ્ર કે રાજ્યોની ધર્મનિરપેક્ષ વ્યવસ્થા આધારિત હોવી જોઈએ. આ વ્યવસ્થા સાર્વભૌમત્વ તેમજ લોકશાહીને ધ્યાનમાં રાખીને થાય તે જરૂરી છે. લોકશાહીનો સ્વાંગ હોવા છતાં સમાજવાદ અને સામ્યવાદના આધારે ઉત્તમ લોકશાહી અને અન્ય રાજકીય પદ્ધતિ કંગાળ રીતે કેન્દ્રીયકૃત અથવા આપખુદ રીતે છે. આ રીતે વિશાળ ફલક પર આપખુદશાહી અમલમાં આવે છે. રાજકીય અને સામાજિક સંસ્થાઓ આ રીતે શૂન્યાવકાશ પેદા કરતી નથી અને પોતાના ભૂતકાળને ધ્યાનમાં લઈ રાજકીય તેમજ સંસ્કૃતિ બાબતે શૂન્યાવકાશ પેદા કરતી નથી. આમ વર્તમાન રાજકીય માળખું સામાજિક સાંસ્કૃતિકને વણી લેતું હોય તો સમવાયતંત્ર અથવા આંશિક સમવાયતંત્ર અમલમાં આવી શકે. અગાઉ નોંધ્યું તેમ સંસ્થાકીયકરણ, શૂન્યાવકાશ તથા બેદરકારીથી અમલમાં આવતું નથી પરંતુ ભારે સ્થિતિસ્થાપકતા અને સુધારાના પગલે રાજકીય તેમજ સામાજિક, સંસ્કૃતિના પ્રભાવથી અમલમાં આવે છે. આ રીતની રાજકીય તેમજ સામાજિક સંસ્કૃતિ વધુ પ્રમાણમાં ધર્મનિરપેક્ષ આવૃત્તિથી પ્રજાસત્તાકીય સ્થિતિ અમલમાં આવે છે. આ સુધારા પેઢીઓ સુધી ફેલાયેલા હોય છે. કહેવાતી સુદૃઢ લોકશાહી પણ લાંબો સમય માગે છે અને આ રીતે કેન્દ્રીય તથા આપખુદ વિચારધારા દૂર થાય છે. દરેક જગ્યાએ સમવાયતંત્ર લાંબા ગાળાની ઐતિહાસિક પ્રક્રિયા બની રહે છે. ભારત માટે પણ આમ જ છે. જો કે સમવાયતંત્ર લોકશાહીનો અવિભાજ્ય હિસ્સો છે. આ એક એવી પ્રક્રિયા છે કે જે સરળ અને પ્રતિકારક વિના અસ્તિત્વમાં આવતી નથી.

હિત ધરાવતા તત્ત્વો સત્તાના સ્થાન તરફ અને વિકેન્દ્રીકરણમાં અવરોધ ઊભા કરવાની સાથે સાથે પ્રતિકાર પણ કરે છે. યોગ્ય સમવાયતંત્રના તેમજ જરૂરી કેન્દ્રીય સંસ્થાઓની કામગીરી અને રચનાઓના પગલે લોકશાહી વધુ સંવેદનશીલ બની જાય છે. આ સંજોગોમાં સરકાર તેમજ વહીવટીતંત્રમાં હિસ્સેદારીના અભાવે અસંતોષ પ્રગટે છે. ચૂંટણી જેવી ચોક્કસ રાજકીય પ્રક્રિયા છતાં પણ આવી સ્થિતિ અસ્તિત્વમાં આવી શકે છે. યોગ્ય અને જવાબદાર સમવાયતંત્રના અભાવને કારણે આ રીતે અસ્તિત્વમાં આવતા અસંતોષને કારણે રાજકીય કટ્ટરવાદ અમલમાં આવી શકે છે. આ સંજોગોમાં આધુનિક રાજકીય પ્રજાતંત્ર આધારિત રાજકીય પ્રવૃત્તિઓ ચોક્કસપણે યોગ્ય સાબિત થાય છે, કારણ કે તેમાં સમાજની સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક વાસ્તવિકતાનો પડઘો પડે છે. રાજકીય તંત્રની નિષ્ફળતાને આપણે લોકોમાં ભભૂકી ઊઠતાં અસંતોષ તેમજ પ્રજાની વાજબી ફરિયાદો તરફ ધ્યાન આપવામાં નિષ્ફળતાથી રાજકીય માળખા તેમજ રાષ્ટ્રની અખંડિતતા સામે જોખમી પૂરવાર થાય છે. સમવાયતંત્ર મારફતે પ્રજાની સામેલગીરીથી તેમને સ્વશાસનનો અનુભવ થાય છે તેમજ વધતી જતી અપેક્ષા અને તંત્ર પ્રત્યેની જવાબદારી સાથે આધુનિક સમાજની સમસ્યાઓનો ઉકેલ લવાતા પ્રજાને સ્વશાસનનો અનુભવ થાય છે. આમ સમવાયતંત્ર તથા તેનું સત્તાકીય માળખું યોગ્ય તાકાત મેળવે છે અને સમાજમાં નબળાઈ લાવતું નથી. રાજકીય લોકશાહીથી પ્રજાની સામેલગીરીમાં વધારો કરવાનો હોય છે. તેનાથી અરાજકતા દૂર થાય છે. સમવાયતંત્ર એક ધીમી પ્રક્રિયા હોવી જોઈએ, જેમાં વિકાસની પ્રક્રિયા અથવા

ફેરફાર માટે યોગ્ય સ્તર કરતાં વધુ પ્રમાણમાં ફરજ પડાતી નથી. આ પ્રક્રિયા યોગ્યસ્તરે આગળ વધે તો વધુમાં વધુ લાભ મેળવી શકાય.

આધુનિક સમયમાં આર્થિક વ્યવસ્થા વધુ પ્રમાણમાં કેન્દ્રીયકૃત રાજકીય વ્યવસ્થાની તરફેણ કરે છે, કારણ કે વિવિધતા તથા સંસ્થાકીય વ્યવસ્થામાં વિભાજનમાં વધારો થતા આર્થિક વિકાસમાં અવરોધ સર્જાય છે. કારણ કે આ પરિબળો રાજકીય માળખામાં સ્થિરતા અને એકરૂપતા લાવી શકતા નથી એવું માનવામાં આવે છે. કેન્દ્રીયકૃત રાજકીય વ્યવસ્થા આર્થિક પ્રગતિ અને વિકાસ માટે વધુ સાનુકૂળ હોય છે, તેમાં રાજકીય સ્થિરતા તેમજ નીતિઓમાં એકરૂપતા જોવા મળે છે. કેન્દ્રીયકૃત અમલદારશાહી અથવા વહીવટીતંત્ર મારફતે અમલ કરાતા સ્થાનિક હિતોની ગેરહાજરીમાં સ્થાનિક બજારોની ઈજારાશાહી અમલમાં આવે છે. આ પ્રકારની આર્થિક વ્યવસ્થા વધતા જતા વૈશ્વિક અર્થતંત્ર બજાર અર્થવ્યવસ્થા પર નિર્ભર બને છે. જો કે વર્તમાન સમયમાં આયોજન આધારિત અર્થતંત્રો સહિત તમામ પ્રકારની આર્થિક વ્યવસ્થામાં વધારે યોગ્ય બની રહે છે. બજાર અર્થતંત્રમાં આર્થિક વિકાસના લાભોનું યોગ્ય વિતરણ થઈ શકે છે. જો કે તેમાં ગરબડ સર્જાતા મોટાપ્રમાણમાં લોકો આર્થિક વિકાસના લાભથી વંચિત રહે છે. આ સ્થિતિ અસ્તિત્વમાં ના આવે તેની તકેદારી રાખવી પડશે. બજાર અર્થતંત્રમાં આયોજિત અર્થતંત્રની જેમ સમાન પુનઃવિતરણ પ્રક્રિયાની સંભાવનાને સ્થાન હોતું નથી. જો કે તે સંગઠિત વહીવટી માળખા ઉપર વધુ પ્રમાણમાં નિર્ભર રહે છે. આમ ગરીબો-અમીરો વચ્ચેની ખાઈમાં વધારો થાય છે અને અસમાનતાના પ્રમાણમાં વધારો લાવે છે તથા આર્થિક વૃદ્ધિના લાભ બધાને પહોંચી શકતા નથી. તેનાથી આર્થિક પ્રવૃત્તિમાં લોકો સામેલ થઈ શકતા નથી. તેમજ પ્રજાના મોટાભાગને સમૃદ્ધિના લાભ મળતા નથી. સમવાય રાજકીય માળખામાં આર્થિક વિકાસના લાભોની અસરકારક વહેંચણી થઈ શકે છે. આ માટે સત્તાવિભાજન અને વહીવટીતંત્રના વિકેન્દ્રીકરણને જવાબદાર ગણાવી શકાય. વધુ પ્રમાણમાં તકો ઊભી કરવા તેમજ વિકાસ સાધવા માટે વધુ પ્રમાણમાં સામાજિક અને આર્થિક રીતે પ્રજાકીય બાબતોમાં હસ્તક્ષેપ જરૂરી હોય છે. સ્થાનિક પ્રજાની જરૂરિયાતને સમજીને કામ કરી શકાય. અને આમ કરવા માટે વધારે પડતા બજાર અર્થતંત્ર અથવા આયોજનમાં અતિરેકને અટકાવવો જોઈએ. અગાઉ રજવાડા અને તે પછી વિવિધ રાષ્ટ્રો અસ્તિત્વમાં આવતા લાંબા સમયથી રાજકીય ભૌગોલિક સરહદો નક્કી કરાઈ છે અને ફરી ફરીને નિર્ધારિત કરવામાં આવે છે. યુદ્ધ અને બળવાને લીધે સરહદોનું પુનઃનિર્ધારણ થાય છે. આધુનિક સમયમાં જાતિઓ, પેટાજાતિઓ, ભાષા, ધર્મ અને આવી અન્ય ઓળખોએ રાષ્ટ્રો તેમજ રાજ્યોની રચનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આમ આવી ભૂલ ભરેલી વૃત્તિને લીધે અલગ રાષ્ટ્રની રચનાની માંગ માટે આધાર બની છે. અમુક કિસ્સામાં વંશીય, ભાષાકીય કટ્ટરવાદ, ધર્મ અને અન્ય પરિબળોના વર્ચસ્વને પગલે આ પ્રકારની માંગણી માટે માથું ઊંચકે છે.

વર્તમાન સમયમાં ધર્મનિરપેક્ષ રાજકીય વિચારોને લીધે રાષ્ટ્રની રચનાને પગલે ધર્મનિરપેક્ષ બંધારણની રચના કરાઈ છે. અને આ રીતે અનેક ભાષાકીય જાતીય ધાર્મિક સાંસ્કૃતિક સમાજ અસ્તિત્વમાં આવે છે. આમ, આવી વ્યવસ્થા વધુ પ્રજાકીય અને ધર્મનિરપેક્ષ બને છે. મોટાભાગના સમાજમાં આ પરિવર્તન વખતે રાજકીય અને સામાજિક પ્રવૃત્તિનો અભાવ જોવા મળે છે. આ જો કે સીધેસીધું પરિવર્તન હોતું નથી. સમવાયતંત્રમાં વધુ પ્રમાણમાં સત્તા હસ્તાંતરણ તથા વહીવટીતંત્રનું વિકેન્દ્રીકરણ હોય છે. આ જ હકારાત્મક પરિવર્તન માટે એક અવિભાજ્ય હિસ્સો છે. યોગ્ય સમવાયતંત્રના મહત્ત્વમાં લોકશાહીની પ્રક્રિયા તથા ધર્મ-નિરપેક્ષતાની વિસ્તૃત લાગણી સમાયેલી હોય છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# બેટી બચાવો, બેટી ભણાવો...

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાનાં પાણીપતમાં એક કાર્યક્રમ દરમ્યાન દેશમાં વ્યાપેલા સ્ત્રી ભ્રૂણહત્યાને લઈને મહત્ત્વાકાંક્ષી 'બેટી બચાવો, બેટી ભણાવો' નામનું અભિયાન શરૂ કર્યું હતું. મોદીએ જણાવ્યું કે, આપણે દીકરા-દીકરીનો ભેદભાવ બંધ કરવો પડશે. દેશમાં એક હજાર છોકરાઓની સાથે એક હજાર છોકરીઓ પણ પેદા થવી જોઈએ. મોદીએ ભાવુક બનીને જણાવ્યું હતું કે આજે હું તમારી સમક્ષ એક ભિક્ષુક બનીને આવ્યો છું તથા તમારી પાસે બેટીઓને બચાવવાની ભીખ માગી રહ્યો છું. મોદીએ ઉમેર્યું હતું કે જો બેટી પેદા નહીં થાય તો વહુ ક્યાંથી લાવીશું.

વસ્તીગણતરી ૨૦૧૧ની આધારભૂત માહિતી બાળકોની નીતિના પ્રમાણ-ગુણોત્તરમાં નોંધપાત્ર ઘટાડાનું વલણ દર્શાવતી હતી, આ ગુણોત્તર (રેશિયો) અત્યાર સુધીમાંનો સૌથી નીચો (૯૧૮) હતો. આ માહિતીએ ગુણોત્તરમાં જે તીવ્ર ઘટાડો દર્શાવ્યો એ બાળકન્યાને બચાવવા માટે તાકીદનાં પગલાંની જરૂરિયાત જણાવતો હતો. આ જ હેતુ માટે સરકારે 'બેટી બચાઓ, બેટી પઢાઓ'ની યોજના જાહેર કરી છે, જેની હેઠળ દેશભરમાં એક વ્યાપક જનઝૂંબેશ શરૂ કરીને બાળકોની જાતિના ગુણોત્તરમાં ઘટાડાની સમસ્યા ઉકેલવાના પ્રયાસો કરવામાં આવશે તથા ગુણોત્તરનું પ્રમાણ જ્યાં ખૂબ ગંભીર છે એવા ૧૦૦ જિલ્લામાં દરમ્યાનગીરી દ્વારા ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે અને બહુક્ષેત્રીય પગલાં ભરવામાં આવશે.

દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી ૨૦૧૧ની વસ્તીગણતરીમાં, બાળકોની નીતિનો ગુણોત્તર જ્યાં ખૂબ જ નીચો જણાયો છે, એવા દેશના ૧૦૦ જિલ્લા અલગ તારવવામાં આવ્યા છે, જેમાં પ્રત્યેક રાજ્યના ઓછામાં ઓછા એક જિલ્લાનો સમાવેશ કરાયો છે. આ જિલ્લાની પસંદગી માટેના ત્રણ માપદંડમાં (એ) સરેરાશ રાષ્ટ્રીય ગુણોત્તરથી નીચો ગુણોત્તર ધરાવતા જિલ્લાઓ (૨૩ રાજ્યોમાં ૮૭ જિલ્લા). (બી) રાષ્ટ્રીય સરેરાશથી ઊંચો ગુણોત્તર ધરાવતા, પણ ગુણોત્તરમાં ક્રમશઃ ઘટાડાનું વલણ દર્શાવતા જિલ્લા (૮ રાજ્યોમાં ૮ જિલ્લા) અને (સી) રાષ્ટ્રીય સરેરાશથી ઊંચો ગુણોત્તર ધરાવતાં અને ક્રમશઃ વધતાં ગુણોત્તરનું વલણ ધરાવતા જિલ્લા (૫ રાજ્યોમાં ૫ જિલ્લા)નો સમાવેશ થાય છે. પસંદગીના આ જિલ્લાઓ એવા છે કે જેમાં બાળકોની જાતિના ગુણોત્તરને જાળવી શકાય, કે જેથી દેશના અન્ય જિલ્લાઓ આ જિલ્લાના અનુભવો ઉપરથી પદાર્થપાક લઈ એને અનુસરી શકે.

'બેટી બચાવો - બેટી ભણાવો'ની

જનઝૂંબેશ માટે ચાલુ ૨૦૧૪-૧૫ના વર્ષના અંદાજપત્રમાં રૂા. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને બારમી પંચવર્ષીય યોજના માટેની 'બાળકન્યાની સંભાળ અને રક્ષણ માટેની બહુક્ષેત્રીય કાર્યયોજના'ના યોજનાકીય ખર્ચમાંથી બીજી રૂા. ૧૦૦ કરોડની રકમ ફાળવવામાં આવશે.

રાષ્ટ્રીય તેમજ રાજ્યોના સ્તરે ખાનગી-જાહેર કંપનીઓની સામાજિક જવાબદારી હેઠળ વધારાનાં સાધનો ઊભા કરી શકાશે. આ યોજનાનો ખર્ચ રૂા. ૨૦૦ કરોડ જેટલો અંદાજવામાં આવ્યો છે, જેમાંથી રૂા. ૧૧૫ કરોડની રકમ ચાલુ ૨૦૧૪-૧૫ના વર્ષમાં (છ માસ માટે) અને અનુક્રમે રૂા. ૪૫ કરોડ અને રૂા. ૪૦ કરોડ આગામી બે નાણાંકીય વર્ષમાં છૂટા કરવામાં આવશે.

- આ યોજનાનું એકંદર ધ્યેય બાળ કન્યાને આવકારવાનું અને એને શિક્ષણ મળે એ જોવાનું છે. એના મુખ્ય ઉદ્દેશોમાં, માતાનાં ઉદરમાં રહેલી બાળકન્યાની ગર્ભની - ભ્રૂણ હત્યા નાબૂદ કરવી, છોકરીઓ જન્મે એ સુનિશ્ચિત કરવું, બાળકન્યાને રક્ષણ અને એના શિક્ષણ માટે પ્રબંધનનો સમાવેશ થાય છે.
- આ કાર્યક્રમ માટેના આઠ લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે. આ સંદર્ભમાં પસંદગીના ૧૦૦ જિલ્લાઓમાં એસ.આર.બી.માં દર વર્ષે ૧૦ પોઈન્ટના સુધારાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- પાંચ વર્ષથી નાનાં બાળકોનાં મૃત્યુદરમાં જાતિ સંબંધિત તફાવત જે ૨૦૧૧માં ૮ પોઈન્ટ હતો એ ૨૦૧૭ સુધીમાં ઘટાડીને ચાર પોઈન્ટ કરવો.
- પાંચ વર્ષથી ઓછી ઉંમરની જે છોકરીઓનું વજન ઓછું હોય અને જેનામાં લોહીની ઉણપ હોય એની સંખ્યા ઘટાડી છોકરીઓનું પોષણનું પ્રમાણ સુધારવું.
- આંગણવાડી કેન્દ્રોની સાર્વત્રિક સ્થાપના સુનિશ્ચિત કરવી, આવાં કેન્દ્રોમાં છોકરીઓની હાજરીનું ધ્યાન રાખવું અને આઈસીડીએસ એનઆરએચએમ મધરચાઈલ્ડ પ્રોટેક્શન કાર્ડનો ઉપયોગ કરી છોકરીઓની સમાન સંભાળ ઉપર બારીક દેખરેખ રાખવી.
- માધ્યમિક શિક્ષણમાં છોકરીઓની નોંધણીનું પ્રમાણ, જે ૨૦૧૩-૧૪માં ૭૬ ટકા હતું એ ૨૦૧૭ સુધીમાં વધારીને ૭૯ ટકા કરવું.
- પસંદગીનાં ૧૦૦ જિલ્લામાંની પ્રત્યેક શાળામાં છોકરીઓ માટે અલગ ટોઈલેટની વ્યવસ્થા ઊભી કરવી.
- જાતીય ગુનાઓ સામે બાળકોનાં રક્ષણ અંગેના ૨૦૧૨ના કાયદાનો (પોસ્કો) અમલ કરી છોકરીઓ માટે રક્ષણાત્મક વાતાવરણ ઊભું કરવું.
- બાળકોની જાતિનો છોકરા સામે છોકરીનો ગુણોત્તર સુધારવા તથા કન્યા શિક્ષણના પ્રોત્સાહન માટે સમાજને જાગૃત તેમજ સક્રિય બનાવવા ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓ તથા પાયાના કાર્યકરોને વિશેષ તાલીમ પૂરી પાડવી.

ઉપર જણાવેલા લક્ષ્યાંકો - ઉદ્દેશો પાર પાડવા નીચે મુજબની વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી છે.

- સમાજમાં છોકરીનું મહત્ત્વ - મૂલ્ય વધારીને છોકરાની સમકક્ષ બનાવવા સામાજિક જાગૃતિ અને લોકઝૂંબેશના એકધારા પગલાં અમલી બનાવવા.
- બાળકોની જાતિના ગુણોત્તર/ એસઆરબીમાં એકધારા ઘટાડાની સમસ્યાને સુશાસનના ભાગરૂપે જાહેરચર્ચાનો વિષય બનાવવી.
- બાળકોની જાતિના ગુણોત્તરનું જોખમ ધરાવતાં દેશના પસંદગીના ૧૦૦ જિલ્લા અને નીચો સીએસઆર ધરાવતા શહેરોમાં ઘનિષ્ટ અને સંગઠિત પગલાં ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું.
- સ્થાનિક સમાજ / મહિલાઓ અને યુવકોનાં જૂથોની સાથે મળીને પંચાયતી રાજની સંસ્થાઓ / શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા પાયાના કાર્યકરોને સામાજિક પરિવર્તન માટેના પ્રેરક બનવા એમને સંગઠિત કરી એમને તાલીમ આપવી.
- બાળકોની જાતિના ગુણોત્તર તેમજ બાળકોના હકના પ્રશ્નો સંબંધમાં, વિવિધ જાહેર સેવાઓનાં માળખાં, યોજનાઓ અને કાર્યક્રમોને પૂરતા પ્રમાણમાં પ્રતિભાવ મળે એ સુનિશ્ચિત કરવું.

- જિલ્લા, ઘટક સ્તરે તેમજ છેક પાયાની સપાટીએ વિવિધ ક્ષેત્રો તથા સંસ્થાઓના સમન્વયમાં સહાયભૂત બનવું.

આ કાર્યક્રમના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટેની બે મુખ્ય બાબતોમાં સમાજના સ્તરે પ્રયાસોની સાથોસાથ, કાર્યક્રમ અંગે રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સપાટીએ સંકલિત દરમ્યાનગીરી તથા કાર્યક્રમના ઝડપી અમલ અને પ્રભાવ માટે એમાં હિત ધરાવનારા વિભિન્ન સહભાગીઓને સંગઠિત કરવાની છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય સાથે ચર્ચાવિચારણામાં રહી ઘડાયેલાં બહુક્ષેત્રીય પગલાંમાં સંબંધિત ક્ષેત્રો, રાજ્યો અને જિલ્લાઓ મારફત, જેનું માપ કાઢી શકાય એવાં પરિણામો સંકેતાત્મક બાબતોનો સમાવેશ થશે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો, એમના પોતપોતાના ચોક્કસ તથા જેના ઉપર દેખરેખ રાખી શકાય એવા લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે રાજ્ય / જિલ્લા સ્તરની કાર્યયોજનાઓ વિકસાવવા, એનો અમલ કરવા તથા એનું મોનિટરિંગ કરવા માટે રાજ્યનાં કાર્યજૂથો મારફત બહુક્ષેત્રીય પગલાં માટે, જેમાં ફેરફાર થઈ શકે એવું માળખું અપનાવશે.

આ કાર્યક્રમની સફળતા માટેનું એક પાસું એની જોરદાર હિમાયત, સમાજનું સંગઠન અને જનજાગૃતિ કેળવવાના પ્રયાસો છે. આ યોજનાની દરખાસ્ત એવું સૂચવે છે કે સમાજને નારી કી ચૌપાલ, બેટી જન્મોત્સવ, મન કી બાત વગેરે જેવી પરસ્પર વિચાર-વિનિમય જેવી પહેલ મારફત જાગૃત અને સંગઠિત કરી શકાય છે. દર મહિને બેટી બચાવો, બેટી ભણાવોની ઉજવણી માટે એક ચોક્કસ દિવસ નિશ્ચિત કરી શકાય છે. દર વર્ષે ૨૪મી જાન્યુઆરીનો દિવસ રાષ્ટ્રીય કન્યા દિન તરીકે ઉજવી શકાય છે, જેમાં સ્થાનિક પ્રજામતના ઘડવૈયા, જનસંપર્ક સંસ્થાઓના સભ્યો, ધારાસભ્યો, સંસદસભ્યો વગેરે સહિત, આ કાર્યક્રમમાં હિત ધરાવનારા સહુ કોઈ, જિલ્લા સ્તરે, બાળકોની જાતિના ગુણોત્તરમાં જોખમી પરિસ્થિતિ ધરાવતા પસંદગીના ૧૦૦ જિલ્લાના વહીવટી તંત્રની આગેવાની હેઠળ જોડાઈ શકે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણ સ્ત્રી-પુરુષ સમાનતાના મહત્ત્વ તેમજ મહિલાઓ અને છોકરીઓનાં સશક્તિકરણની જરૂરિયાત ઉપર ભાર મૂકતો જોરદાર સંદેશો આપીને કરી શકાય.

વધુમાં, બેટી બચાવો, બેટી ભણાવો યોજનામાં, સશક્તિકરણનો લાભ મેળવનારી મહિલાઓના મહત્ત્વના ફાળા ઉપર પ્રકાશ ફેંકવા માટે પણ આ દિનની ઉજવણીનો ઉપયોગ થઈ શકે. ભારત સરકાર, બાળકન્યા - છોકરીઓનાં રક્ષણ, સલામતી, મૂલ્ય-મહત્ત્વ તથા શિક્ષણ માટેના શપથરૂપ સંકલ્પને માન્ય કરી શકે છે, જે શપથરૂપ જાહેર સંકલ્પ રાષ્ટ્રીય કન્યા દિનની ઉજવણી પ્રસંગે કરી શકાય.




## 'બેટી બચાવો, બેટી ભણાવો' અંતર્ગત પસંદ થયેલા ગુજરાતના પાંચ જિલ્લાઓ

| જિલ્લાઓ | વસ્તીગણતરી ૨૦૦૧ | વસ્તીગણતરી ૨૦૧૧ |
|---|---|---|
| સુરત | ૮૫૯ | ૮૩૫ |
| મહેસાણા | ૮૦૧ | ૮૪૨ |
| ગાંધીનગર | ૮૧૬ | ૮૪૭ |
| અમદાવાદ | ૮૩૫ | ૮૫૭ |
| રાજકોટ | ૮૫૪ | ૮૬૨ |
| દાદરા નગર અને હવેલી | ૯૭૯ | ૯૨૬ |
| દમણ અને દીવ | ૯૦૭ | ૮૯૭ |

# માઇક્રોબાયોમ (અતિ સૂક્ષ્મજંતુ)

**મા**ઇક્રોબાયોમ (અતિ સૂક્ષ્મજંતુ) શબ્દ જોશુઆ લેડેર બર્ગે આપ્યો હતો. માઇક્રોબાયોમ આપણા શરીરના જુદા જુદા ભાગો જેમ કે, પેટ અને આંતરડાંનો માર્ગ, આપણાં મ્હોંમાંની લાળ, ચામડીની સપાટી અને એનાં ઊંડાં (સ્તરમાં સ્તનની ગૂંથી, કફ અને આંખનાં પોપચાને જોડતી આન્તસ્ત્વચા સહિત) રહેતાં - ઉત્પન્ન થતાં, સૂક્ષ્મ જંતુઓનાં જોડાણ જંતુઓનાં સમૂહ તથા એથી સૂક્ષ્મજંતુઓનો નિર્દેશ કરે છે. આ સૂક્ષ્મજંતુઓનો સમૂહ આપણાં શરીરમાં વિવિધ પ્રકારનાં લાભકારક કાર્યો કરે છે, જે આપણી જિંદગીમાં ટેકારૂપ બની શકે છે. આ સૂક્ષ્મજંતુઓ જીનેટિકલી જટિલ છે અને એની ચયાપચયક્રિયા વિભિન્ન છે. ખોરાક પચાવવા માટે અને ખોરાકમાંના કાર્બોહાયડ્રેટ, જઠરના ઉપરના ભાગમાં, આથો ચડવો અને શોષી લેવાની પ્રક્રિયા (ફર્મેન્ટેશન એન્ડ એબ્સોર્પશન) મારફત પાચન નથી થતું એમાંથી ઊર્જા ઉત્પન્ન કરવા માટે એની જરૂર પડે છે. રોગ ઉત્પન્ન કરતાં બહારનાં બેક્ટેરિયા, ફૂગ, પરોપજીવ જંતુઓ, સૂક્ષ્મ જંતુઓમાંથી ઉત્પન્ન થતું ઝેર અને વાઈરસ, જે આપણાં પીણાં અને ખોરાક મારફત શરીરમાં પ્રવેશે છે, એની સામે એ કુદરતી અવરોધના રૂપમાં કામ કરે છે. આ અતિ સૂક્ષ્મજંતુઓ આવશ્યક પોષકતત્ત્વોનું સંમિશ્રણ કરે છે - એનો સમન્વય કરે છે તેમજ બી-૧, બી-૨, બી-૩, બી-૬ અને બી-૧૨ જેવાં વિટામીનોના સમન્વયમાં પણ સક્રિય રીતે સંકળાયેલા હોય છે. ફોલિક એસિડ, પેન્ટોથેનિક એસિડ અને વિટામીન કે-ટુના સમન્વયમાં તથા બાઈલ એસિડ - પિત્ત - સ્ટેરોલ્સ તથા ઝેનો-બાયોટિક્સની જીવન ટકાવી રાખવા માટેની રાસાયણિક પ્રક્રિયામાં પણ આ સૂક્ષ્મ જંતુઓ સંકળાયેલા છે. આ લાભકારક અતિ સૂક્ષ્મજંતુઓ (જેનો સામાન્ય રીતે પ્રોબાયોટા તરીકે ઉલ્લેખ થાય છે) આંતરડાં - જઠરની દિવાલ નજીક 'પીએચ' પણ ઘટાડે છે અને એ દ્વારા નુકસાનકારક બેક્ટેરિયાને મોટા પ્રમાણમાં ભેગા થતાં અટકાવે છે.

માનવશરીરમાંના માઇક્રોબાયોમ ૧૦૦ ટ્રિલિયન અતિ સૂક્ષ્મજંતુઓનો સમૂહ છે. માનવશરીરમાં માનવકોષો કરતાં ૧૦૦ ગણા વધુ અતિ સૂક્ષ્મજંતુઓના કોષ હોય છે, જો કે આ બધા જ અતિ સૂક્ષ્મજંતુઓનું વજન માત્ર ૨૦૦ ગ્રામ જેટલું જ હોય છે. આ અતિસૂક્ષ્મ જંતુઓ - માઇક્રોબાયોટા - સામાન્ય રીતે, એની વૃદ્ધિ અસાધારણ ઊંચા પ્રમાણમાં ન થાય ત્યાં સુધી, ચેપી નથી હોતા. એ એકબીજા સૂક્ષ્મ જંતુઓ સાથે સુમેળથી રહે છે એથી એના યજમાનને નુકસાન નથી કરતાં. માનવશરીરમાં મળી આવતાં અતિ સૂક્ષ્મજંતુઓમાં મોટા ભાગના બેક્ટેરિયા નથી, પણ એ 'આર્કેઈઆ' કહેવાતા એક કોષનાં જીવના વર્ગના છે. એક અભ્યાસ મુજબ, માનવ શરીરમાં ચોક્કસ સ્થાનોએ જુદા જુદા પ્રકારનાં સૂક્ષ્મ જંતુઓ, જુદા જુદા લોકો માટે એક જ કાર્ય કરે, એવી સંભાવના છે. ઉદાહરણ જોઈએ તો, બે અલગ અલગ વ્યક્તિની જીભ ઉપર એકબીજાથી સંપૂર્ણ જુદા એવા સૂક્ષ્મ જંતુઓ, એકસરખી રીતે ખાંડને ઓગાળે છે. આ અતિ સૂક્ષ્મજંતુઓમાંના મોટાભાગના અંગે, ડીએનએ સીક્વન્સીંગ (ડીએનએ ઘટનાક્રમ) માટે અદ્યતન ટેકનિકથી વ્યાપક સંશોધન થઈ ચૂક્યું છે. કારણ કે, એમાંના મોટા ભાગના અતિ સૂક્ષ્મજંતુઓનો હાલની ટેકનિકો અનુસાર પ્રયોગશાળામાં ઉછેર થઈ શકતો નથી.

# સમવાયતંત્ર અને ભારતમાં તેની રૂપરેખા

• ધનુશ્રી ઉદાગે •

**જ્યા**રે આપણે સમવાયતંત્રની વાત કરીએ છીએ ત્યારે સંયુક્ત રાજ્ય અમેરિકા એનું સૌથી પ્રથમ અને શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે જોવા મળે છે. વિશ્વનાં તમામ દેશોમાં કોઈને કોઈ પ્રકારની શાસન વ્યવસ્થા જોવા મળે છે. જેમ કે, એકતંત્રી, સમવાયતંત્રી, રાજતંત્રી, લોકશાહી, કુલીનતંત્ર, સંસદીય સરકાર, પ્રમુખીય સરકાર. એકતંત્રી રાજ્ય વ્યવસ્થામાં શાસનનાં તમામ સૂત્રો એક જ નેતા કે પક્ષનાં હાથમાં હોય છે, રાજતંત્રમાં શાસન રાજા વંશપરંપરાગત રીતે ચલાવતા હોય છે. લોકશાહીમાં રાષ્ટ્રનાં તમામ નાગરિકોનાં હાથોમાં સત્તાના સૂત્રો હોય છે. ઉમરાવ કે કુલીનતંત્રમાં સમાજનાં ચોક્કસ વર્ગોનાં એટલે કે ઉપરાવો કે કુલીનોનાં હાથમાં સત્તા રહે છે, સંસદીય સરકારમાં શાસન વ્યવસ્થા પ્રતિનિધિઓ દ્વારા ચલાવવામાં આવે છે તેમજ પ્રમુખીય શાસન વ્યવસ્થામાં રાષ્ટ્રનાં પ્રમુખ એ જ રાષ્ટ્રનાં વાસ્તવિક અધિકારી હોય છે.

**અર્થ :** 'સમવાયતંત્ર' એ એવી રાજ્ય વ્યવસ્થા છે, જેમાં ભૌગોલિક રીતે નજદીક આવેલા નાના મોટા રાજ્યો જેઓ સ્વતંત્ર હોય છે તેઓ પોતાનું સાર્વભૌમત્વ છોડી દઈને એકઠા થાય છે. આ રાજ્યો એક કરાર દ્વારા સંગઠિત થાય છે, જેના લીધે તેમનું સંરક્ષણ મજબૂત બને છે, તેમનો આર્થિક વિકાસ ઝડપી બને છે, આ રાજ્યો પોતાના સાર્વભૌમત્વનો ત્યાગ કરે છે. તેની સાથે જ પોતાના આંતરિક વિસ્તારમાં સ્વતંત્ર હોય, તેમની સંસ્કૃતિ, ભાષા તેમજ કેટલાક હિતો જળવાઈ રહે તેવી પણ ઈચ્છા રાખતા હોય છે. આ માટે સંયુક્ત રાજ્ય અમેરિકા, જૂનું સોવિયેત સંઘ, આજનું રશિયા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ભારત સમવાયતંત્રની વ્યવસ્થાવાળા દેશો છે.

સમવાયતંત્રને સમજાવવા માટે કેટલાક રાજ્યશાસ્ત્રીઓએ પ્રયત્નો કર્યા છે, પ્રો. ડાયસીના મતે "સમવાય રાજ્ય વ્યવસ્થા એ એવી રાજકીય વ્યવસ્થા છે જેમાં રાષ્ટ્રની એકતા તથા રાજ્યોનાં હક્કો વચ્ચે સુમેળ સાધવાનો હેતુ હોય છે." પ્રો. ડાયસીની આ વ્યાખ્યા ઉપરથી કહી શકાય કે – (૧) સમવાયતંત્ર એ રાજકીય જોગવાઈ કે વ્યવસ્થા છે. (૨) તેનાથી રાષ્ટ્રીય એકતા સ્થાપવાનાં પ્રયત્ન થાય છે. (૩) તેમાં રાજ્યનાં આંતરિક હક્કો એટલે કે સ્વાયત્તતા જળવાઈ રહે છે. આ રીતે સમવાયતંત્ર એ બે કે તેથી વધુ સ્વતંત્ર, સાર્વભૌમ રાજ્યો વચ્ચેનું કાયમી જોડાણ છે. આ રાજ્યો પોતાનું સાર્વભૌમત્વ એક કેન્દ્રને સોંપે છે અને એક નવા દેશનું સર્જન થાય છે. હરમન ફાઈનરના મતે "સમવાયતંત્રની રાજ્ય વ્યવસ્થામાં સત્તા અને શક્તિઓનો એક ભાગ સ્થાનિક ક્ષેત્રમાં અને બીજો ભાગ કેન્દ્રીય સંસ્થામાં અપાયેલો હોય છે." સમવાયતંત્રી શાસનપ્રણાલી રાજકીય સંસ્થાઓની એક એવી વ્યવસ્થા છે, જેમાં સત્તાના બે કેન્દ્રો હોય છે : એક કેન્દ્રીય અને બીજા પ્રાદેશિક. કોઈ અન્ય વ્યવસ્થાની સરખામણીમાં આ વ્યવસ્થામાં સત્તા અને જવાબદારીનાં વ્યવસ્થિત વિભાજનની જરૂર પડે છે. સમવાયતંત્રની લાક્ષણિકતાઓને આ રીતે જોઈ શકાય છે. જેમાં –

**૧. દસ્તાવેજી અને સર્વોપરી બંધારણ**

સમવાયતંત્રમાં બે કે તેથી વધુ રાજ્યો એક કરાર કે સંધિ દ્વારા જોડાય છે. આ રાજ્યો પોતાનાં સાર્વભૌમત્વનો ત્યાગ કરીને એક મધ્યસ્થ સત્તાને સોંપે છે. જ્યારે આંતરિક બાબતોમાં તેઓ સ્વતંત્ર રહેવા માગે છે. આ મુદ્દાઓને લેખિત સ્વરૂપ બંધારણ દ્વારા અપાય તે આવશ્યક બને છે. આ સમવાયતંત્રમાં બંધારણ સર્વોપરી ગણાય છે. કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર હોય બંનેએ બંધારણના નિયમોની મર્યાદામાં રહીને કાર્યો કરવાનાં હોય છે.

**૨. સત્તાનું વિભાજન**

સમવાયતંત્રમાં કેન્દ્રની જેમ જ રાજ્યોમાં પણ સરકરાનું તંત્ર સ્થપાય છે. આ બંને સરકારો વચ્ચે કાર્યો અને તેના અમલ માટેની સત્તાઓના વિભાજન માટે સામાન્ય રીતે ત્રણ પ્રણાલીઓનો ઉપયોગ થતો જોવા મળે છે.

- પ્રથમ પ્રણાલીમાં કેન્દ્રનાં વિષયોની યાદી અપાય છે અને 'બાકી વિષયો' એકમ સરકારોને સોંપાય છે. સંયુક્ત રાજ્ય અમેરિકામાં આ પ્રણાલીનો ઉપયોગ થયો છે.
- બીજી પ્રણાલીમાં માત્ર એકમ સરકારોનાં વિષયોની યાદી અપાય છે અને 'બાકીનાં વિષયો'ની કેન્દ્ર સરકારને અપાય છે. આ પ્રણાલીનો ઉપયોગ કેનેડામાં થયો છે.
- ત્રીજી પ્રણાલીમાં કેન્દ્ર સરકારના વિષયોની યાદી, એકમ સરકારોનાં વિષયોની યાદી અને સંયુક્ત યાદી એમ ત્રણ યાદીઓ દ્વારા સત્તાનું વિભાજન થાય છે. આ પ્રણાલીનો ઉપયોગ ભારતમાં થયેલો જોવા મળે છે.

  સમવાયતંત્રમાં સત્તા વિભાજન માટે વિશ્વનાં રાષ્ટ્રો જ્યાં સમવાયતંત્રી વ્યવસ્થા છે. ત્યાં આ ત્રણ મોડેલને વત્તે ઓછે અંશે અનુસરે છે.

**(૩) સર્વોચ્ચ ન્યાયતંત્ર :**

સમવાય તંત્રમાં કેન્દ્ર અને એકમ સરકારો વચ્ચે સત્તા લેખિત દસ્તાવેજી બંધારણ દ્વારા વહેંચાયેલી હોય છે. આમ છતાં સમય અને સંજોગો પ્રમાણે કેન્દ્ર અને એક કે તેથી વધુ એકમ સરકાર અથવા બે કે તેથી વધુ એકમ સરકારો વચ્ચે કોઈ વિષય કે બાબતે સંઘર્ષ થવાની શક્યતા રહે છે. આવું થાય ત્યારે તે વિવાદનો આખરી ઉકેલ આપવાની સત્તા સર્વોચ્ચ અદાલતને અપાય છે. સર્વોચ્ચ અદાલત બંધારણનું અર્થઘટન કરે છે, તેનું રક્ષણ કરે છે અને વિવાદનો ઉકેલ આપે છે. આ ઉપરાંત બંધારણમાં નાગરિકોને અપાયેલાં મુળભૂત અધિકારોનું સરકાર દ્વારા કે અન્ય કોઈપણ પ્રકાર હનન થાય તો તે સર્વોચ્ચ અદાલતમાં ન્યાય માગી શકે છે.

**(૪) બેવડું નાગરિકત્વ**

સમવાયતંત્રમા કેન્દ્ર અને એકમ રાજ્ય એમ બંનેનું નાગરિકત્વ આપવાની જોગવાઈ થઈ શકે છે. જોકે આવી જોગવાઈ માત્ર અમેરિકાના સમવાયતંત્રમાં રાજ્યોમાં સમગ્ર રાષ્ટ્રને સ્પર્શતું એક જ નાગરિકત્વ અપાય છે. તેથી સમવાયતંત્રનું આ એક લક્ષણ હોવા છતા સમવાયતંત્રી રાષ્ટ્રો માટે તેને અનુસરવું એ અનિવાર્ય નથી.

શા માટે સમવાયતંત્રી વ્યવસ્થાની જરૂર પડે છે ? તેના માટેના પ્રેરક પરિબળો આપણે આ રીતે જોઈ શકીએ.

**(૧) ભૌગોલિક એકતા :**

ભોગોલિક રીતે નજદીક આવેલા રાજ્યો જે આકારમાં નાના-મોટા હોઈ શકે છે તે પોતાની આંતરિક સુરક્ષા માટે અને આંતરિક સાર્વભૌમત્વને સુરક્ષિત રાખવા માટે સંગઠિત બનીને એક નવા સંઘીય માળખાની રચના કરે છે જેને કેન્દ્ર સરકાર કહેવાય છે. આ બાબત ભૌગોલીક રીતે નજદીક આવેલા રાજ્યોને પરસ્પર સહકાર આપવામાં અને વહીવટી કાર્યો માટે ઉપયોગી બને છે.

**(૨) સંરક્ષણની ચિંતા :**

સંરક્ષણ માટે કેટલીક વાર સ્વતંત્ર રાજ્યો સમવાયતંત્રની રચના કરે છે. જેમ કે બ્રિટન સામે સંરક્ષણ મેળવવા અમેરિકાનાં તેર સંસ્થાનો સમવાયતંત્રમાં જોડાયેલા.

**(૩) આર્થિક વિકાસ :**

કેટલીક વાર આર્થિક વિકાસ સામે રાજકીય સરહદો બાધક બનતી હોય છે, ત્યારે નજીક આવેલા નાના રાજ્યો સમવાયતંત્રની રચના કરે છે. જર્મનીનાં ૩૦૦ રજવાડાનાં વિલીનીકરણમાં આ એક મહત્ત્વનું કારણ હતું. 'યુરોપિયન કોમન માર્કેટ' પણ આ દિશાનું એક પગલું હતું.

**(૪) સ્વાતંત્ર્ય મેળવવાની અને ટકાવવાની ઈચ્છા :**

સમવાયતંત્રની રચના માટે કેટલીક વાર ગુલામીમાં કચડાયેલા સંસ્થાનોની સ્વયંત્રતા માટેની ઈચ્છા પ્રેરક બને છે. બ્રિટનની સંસ્થાનવાદનો ભોગ બનેલા અનેક સંસ્થાનોએ સ્વતંત્રતા મેળવવા પ્રયત્નો કર્યા હતા. બ્રિટનની હકૂમતમાંથી સ્વતંત્ર બનવા અમેરિકાના ૧૩ સંસ્થાનો સંગઠિક બન્યા અને ત્યાં આગળ જતા સમવાયતંત્ર રચાયું. ભારતમાં સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ સ્વતંત્રતા ટકાવી રાખવા માટે નાના મોટા પ્રાંતો અને રજવાડાઓએ એકત્ર થઈ મજબૂત સંઘ સરકારની રચના કરી.

- **ભારતમાં સમવાયતંત્રની રૂપરેખા :**

બીજા સમવાયતંત્રી રાજયોની જેમ ભારતમાં પણ સમવાય રાજ્ય વ્યવસ્થા જોવા મળે છે, જો કે ભારતીય બંધારણમાં 'સમવાય કે સંઘ' શબ્દનો ઉલ્લેખ ક્યાંય કરવામાં આવ્યો નથી. ભારતનાં સંદર્ભમાં કહી શકાય કે "ભારત આકારની દષ્ટિએ સમવાય છે. પરંતુ ભાવનાની દષ્ટિએ એકાત્મક છે."

ભારતમાં આઝાદીનાં સમયે ૫૬૨ જેટલા દેશી રાજ્યો-રજવાડાઓ હતા આઝાદી બાદ આ રાજયોને એક ભારત સંઘમાં જોડવામાં આવ્યા ત્યારથી ભારતમાં ભાષાના ધોરણે પ્રાંતીય રાજયોની રચનાં કરવામાં આવી. ત્યારથી આ રાજયોનું

સાર્વભૌમત્વ ભારતની કેન્દ્ર સરકાર હેઠળ છે. છતાં આ રાજ્યો પોતાની આંતરિક બાબતોમાં સ્વતંત્ર છે. આ માટે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને મદદ પૂરી પાડે છે. ભારતે સંસદીય લોકશાહીનો સ્વીકાર કર્યો છે આપણી સંસદ બે ગૃહોની બનેલી છે. એક લોકસભા અને બીજી રાજ્ય સભા લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકસભામાં બેસે છે. લોકસભા સમગ્ર દેશનું પ્રતિનિધિત્વ રજૂ કરે છે. એટલે કે સમગ્ર દેશને લાગુ પડતા કાયદાઓ ઘડવાનું કાર્ય લોકસભામાં થાય છે. લોકસભાને સંસદનું નીચલું ગૃહ કહેવાય છે. લોકસભામાં બહુમતી મેળવનાર પક્ષને સરકાર રચવાની સત્તા મળે છે. જેને આપણે કેન્દ્ર સરકાર કહીએ છીએ. આ કેન્દ્રની સરકાર રચવા માટે ચૂંટણીઓ યોજાય છે. જેમાં સમગ્ર દેશનાં વિસ્તારનું ભૌગોલિક રીતે વસ્તીનાં ધોરણે જુદા જુદા મત વિભાગોમાં વિભાજીત કરવામાં આવે છે. આવા દરેક મતવિભાગને 'સંસદીય મતવિસ્તાર' કહેવામાં આવે છે. ચૂંટણી વખતે જે - તે મતવિભાગમાં જેને સૌથી વધારે મત મળે એ ચૂંટયેલ ઉમેદવાર તરીકે જાહેર થાય છે. આ રીતે દેશભરમાંથી આવેલા પ્રતિનિધિઓથી કેન્દ્ર સરકારની રચના થાય છે. લોકસભાની મુદત સામાન્ય રીતે પાંચ વર્ષની હોય છે. મુદત પુરી થતા લોકસભાનું વિસર્જન કરવામાં આવે છે અને નવેસરથી ચૂંટણી કરીને ફરીથી એની રચનાં કરવામાં આવે છે. લોકસભાનાં સભ્યોની સંખ્યા ૫૪૫ છે.

ભારતીય સંસદનું બીજું ગૃહ રાજ્યસભા છે. જેને ઉપલું ગૃહ પણ કહેવામાં આવે છે. રાજ્ય સભા ભારતનાં ઘટક રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. રાજ્ય સભાની ચૂંટણી પરોક્ષ પદ્ધતિથી થાય છે. રાજ્યોની વિધાન સભાઓમાં ચુંટાઈ આવેલા પ્રતિનિધિઓ (વિધાન સભાના સભ્યો) રાજ્યસભાનાં સભ્યોની ચૂંટણી કરે છે. રાજ્ય સભાની કુલ સભ્ય સંખ્યા ૨૫૦ છે. તેમાં ૨૩૮ સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે. જ્યારે ૧૨ જેટલા સભ્યોની રાષ્ટ્રપતિ નિમણૂક કરે છે. એમાં સાહિત્ય, વિજ્ઞાન, કળા, સામાજિક સેવા જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી હોય એવા લોકોમાંથી રાષ્ટ્રપતિ રાજ્યસભાનાં સભ્યો તરીકે નિમણૂક કરે છે. રાજ્યસભા કાયમી ગૃહ ગણાય છે. તેનું કદી વિસર્જન થતું નથી. દર બે વર્ષે એના ત્રીજા ભાગનાં સભ્યો નિવૃત્ત થાય છે. અને એટલા જ સભ્યોને ચુંટવામાં આવે છે.

કેન્દ્ર સરકારની ચૂંટણી વખતે દેશનાં બધાજ નાગરિકો જેઓ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેઓ લોકસભાની ચૂંટણીમાં મત આપીને લોકસભાનાં સભ્યોને ચૂંટે છે. જ્યારે રાજ્યસભાનાં સભ્યો માટે વિધાન સભાનાં સભ્યો મતદાન કરે છે.

કેન્દ્ર અને રાજ્ય વચ્ચેનાં સંબંધોની વિગત વાર માહિતી તેમનાં કાર્યક્ષેત્ર અને મર્યાદામાંથી મળી રહે છે.

ભારત એક સંઘ (સમવાય) રાજ્ય છે. એટલે કે અહી જુદા જુદા રાજ્યો સંગઠિત થયેલા છે. દરેક રાજ્યનાં સ્તરે રાજ્ય સરકાર કામ કરે છે. તેમ સમગ્ર દેશ માટે સંઘ એટલે કે કેન્દ્ર સરકાર કામ કરે છે. ભારતમાં કુલ ૨૯ રાજ્ય સરકારો છે. જ્યારે કેન્દ્ર કક્ષાએ એક સંઘ સરકાર છે.

રાજ્ય સરકારોનું કાર્યક્ષેત્ર જે તે રાજ્યનાં પ્રાદેશિક વિકાસ પૂરતું જ મર્યાદિત હોય છે જેમ કે ગુજરાતની સરકારનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજ્યની નિશ્ચિત સરહદો અંદર વિસ્તરેલા પ્રદેશ પૂરતું મર્યાદિત કે સિમિત છે. તે જ રીતે અન્ય રાજ્યો પણ પોતાના ક્ષેત્રનાં વિકાસ પુરતા મર્યાદિત હોય છે. જ્યારે કેન્દ્ર સરકારનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશને આવરી લે છે. આપણા દેશમાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશ છે. એ સૌનો સમાવેશ કેન્દ્ર સરકારમાં થાય છે.

ભારતીય સંઘ રાજ્ય જેનું વિભાજન કે ટુકડા થઈ ન શકે એવું અખંડિત રાષ્ટ્ર છે. એમાંથી કોઈ આ ઘટક રાજ્યોની નવેસરથી રચના કે તેમનાં પ્રાદેશિક વિસ્તારોમાં ફેરફાર થઈ શકે છે. પરંતુ આ માટે કેન્દ્ર સરકાર એટલે કે સંસદની પરવાનગીની જરૂર પડે છે.

ભારતીય બંધારણમાં સંઘ કે સમવાય શબ્દનો ક્યાંય ઉલ્લેખ નથી છતાં બંધારણમાં સંઘીય કે સમવાયતંત્રના લક્ષણો જોવા મળે છે. જેને આ રીતે સમજી શકાય.

**(૧) બંધારણમાં ત્રણ યાદીઓ અપાયેલી છે :**

કેન્દ્ર યાદી, રાજ્ય યાદી તેમજ સમવાય યાદી આ ત્રણ યાદીઓ દ્વારા કાર્ય અને સત્તાનું વિભાજન થયેલું છે. જે વિષયો કે કાર્યો કેન્દ્ર સરકારને સોંપવામાં આવ્યા હોય તેનો સમાવેશ સંઘ યાદીમાં કરવામાં આવ્યો છે. સમગ્ર દેશને સ્પર્શતા અને રાષ્ટ્રની દૃષ્ટિએ મહત્ત્વનાં કુલ ૯૭ જેટલા વિષયોનો સમાવેશ સંઘ યાદીમાં કરવામાં આવેલો છે. આ વિષયો રાષ્ટ્રીય મહત્ત્વના છે જેમ

કે, વિદેશનીતિ, રક્ષા, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, મુદ્રા વગેરે. બીજી યાદી રાજ્યને લગતી છે. રાજ્ય યાદીમાં ૬૬ વિષયો છે. આ વિષયો સ્થાનિક મહત્ત્વનાં છે. જેમ કે કાનૂન વ્યવસ્થા, પુલિસ પ્રશાસન, સાર્વજનિક સ્વાસ્થ્ય, જેલ વગેરે. સમવાય યાદી ત્રીજી યાદી છે જેમાં ૪૭ વિષયો છે. જેમાં વિવાહ અને તલાક, પુસ્તકો, પ્રિંટિંગ પ્રેસ વગેરે મહત્ત્વપૂર્ણ વિષયોનો સમાવેશ થાય છે. આ સમવાય યાદીના વિષયો ઉપર કેન્દ્ર તેમજ રાજ્ય બંને કાનૂન બનાવી શકે છે. જો કે કેન્દ્ર અને રાજ્યની વચ્ચે કોઈ વિષય બાબતે વિવાદ ઊભો થાય તો કેન્દ્રની સત્તા ચડિયાતી બને છે અને તેના કાનૂન જ માન્ય ગણાય છે. તે સિવાયનાં અન્ય વિષયો બચે છે જેનો ઉલ્લેખ કોઈ યાદીમાં થયો ન હોય તેવા બધા વિષયો કેન્દ્રયાદીમાં લઈ લેવામાં આવે છે. આ રીતે અવશિષ્ટ (વધારાની) સત્તા જ્યાં સંયુક્ત રાજ્ય અમેરિકામાં એકમ રાજ્યોને અપાયેલી છે. તો ભારતમાં આ સત્તા કેન્દ્ર પાસે છે.

**(૨) લેખિત અને કઠોર બંધારણ :**

ભારતનું બંધારણ લેખિત પણ છે અને કઠોર પણ છે. બંધારણનાં સમવાય લક્ષણોમાં ત્યારે જ સુધારા કરી શકાય છે. જ્યારે કલમ-૩૬૮માં બતાવવામાં આવેલા નિયમોનું અનુસરણ કરવામાં આવે. કેન્દ્ર અને રાજ્ય બંનેને બંધારણમાં ઉલ્લેખિત સીમાની મર્યાદામાં રહીને કાર્ય કરવું પડે છે.

**(૩) સ્વતંત્ર ન્યાયતંત્ર**

ભારતનાં બંધારણમાં એક સર્વોચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. જેની ભૂમિકા બંધારણનાં સંરક્ષક જેવી છે. કેન્દ્ર તથા રાજ્ય વચ્ચે, બે કે તેથી વધુ રાજ્યો વચ્ચે વિવાદ હોય, ત્યારે સર્વોચ્ચ ન્યાયાલય બંધારણનું અર્થઘટન કરીને વિવાદોને ઉકેલવાનો અધિકાર ધરાવે છે. જો કેન્દ્ર કે રાજ્ય સરકાર બંધારણ દ્વારા અપાયેલો કોઈ અધિકારોનું ઉલંબધન કરે તો સર્વોચ્ચ ન્યાયાલય તેની વિરુદ્ધ કાનૂની નિર્ણય આપી શકે છે અને તેનાં કાર્યોને ગેરબંધારણીય જાહેર કરી શકે છે. આમ તો દરેક રાજ્ય માટે એક વડી અદાલત હોય છે. પરંતુ સમગ્ર દેશ માટે સર્વોચ્ચ અદાલત સર્વોપરી ગણાય છે.

આમ તો ભારતીય બંધારણમાં સમવાયતંત્રનું સ્વરૂપ જોવા મળે છે પણ કેટલીક પરિસ્થિતિમાં બંધારણ એકાત્મક સ્વરૂપનું બની જાય છે. જેમ કે :

(૧) સંસદને કોઈપણ રાજ્યની સિમા પરિવર્તન, નામ બદલવાની, નવા રાજ્યની રચના કરવાની સત્તા છે.

(૨) ભારતનાં રાષ્ટ્રપતિ કટોકટીની જાહેરાત કરતા જ ભારતનું સંઘીય સ્વરૂપ એકાત્મક બની જાય છે.

(૩) બંધારણની કલમ-૩૫૬ અંતર્ગત બંધારણીય સ્થિરતાની દૃષ્ટિએ રાષ્ટ્રપતિ કોઈપણ રાજ્યનો વહીવટ પોતાના હાથમાં લઈ શકે છે.

(૪) બંધારણ દેશના તમામ નાગરિકોને એકલ નાગરિકત્વ આપે છે.

(૫) બંધારણમાં સર્વોચ્ચ ન્યાયાલયને ન્યાય માટે અંતિમ સત્તા અપાયેલ છે.

(૬) રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે અને જ્યાં સુધી રાષ્ટ્રપતિની ઈચ્છા હોય ત્યાં સુધી તે રાજ્યપાલ પદે રહી શકે છે.

(૭) બંધારણમાં સંશોધન કરવાનો અધિકાર માત્ર સંસદને છે.

(૮) વિભિન્ન રાજ્યોમાં સમન્વય અને સહયોગ સ્થાપવા માટે રચાયેલ 'મંડલ પરિષદ (Zonal Councils)' ભારતને એકાત્મક રાજ્યનું રૂપ આપે છે.

(૯) રાષ્ટ્રીય રીતે મહત્ત્વના પણ રાજ્યયાદીમાં હોય તેવા વિષયો ઉપર સંસદ કાનૂન બનાવી શકે છે.

(૧૦) કંમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ - C.A.G. (નિયંત્રક અને મહાલેખા પરિક્ષક) તેમજ મુખ્ય ચૂંટણી કમિશનરનો કેન્દ્ર અને રાજ્ય સરકારો ઉપર નિયંત્રણ અને અધિકાર હોય છે. તે પણ ભારતીય રાજકારણને એકાત્મતા પ્રદાન કરે છે.

**લેખિકા એચ.આર. શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નવસારીમાં વિઝીટીંગ લેક્ચરર છે. તેઓ અખિલ હિન્દ મહિલા પરિષદનાં કાયમી સભ્ય છે.**

**યોજના**
**આગામી આકર્ષણ**

**માર્ચ : ૨૦૧૫**

**અંદાજપત્ર ૨૦૧૫-૧૬**
**(વિશેષાંક)**

# સમવાયતંત્ર અને ૧૩મું નાણાપંચ

● પ્રા. રણછોડ ગાગલ ●

કેટલાક આર્થિક અને સામાજિક હેતુઓની સિદ્ધિ માટે બે કે તેથી વધુ રાજ્યો એકત્રિત થઈ સંગઠન બનાવે ત્યારે સમવાયી નાણાતંત્ર અસ્તિત્વમાં આવે છે. સમવાયી નાણાતંત્રમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કામગીરીનું વિભાજન કરવામાં આવે છે. દરેક રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યો પોતાના નાણાકીય સાધનો દ્વારા પૂરા કરવાની જવાબદારી હોય છે. સમવાયી નાણાતંત્રમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે અથવા બે રાજ્યો વચ્ચે નાણાકીય સાધનોની વહેંચણી કરવામાં આવે છે. આમ બીજા અર્થમાં એમ પણ કહી શકાય કે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે જે વ્યવસ્થા તંત્ર ઊભું થાય તેને સમવાયી નાણાતંત્ર તરીકે ઓળખવામાં આવે છે.

**પ્રો સેલિંગમેન** કહે છે કે, કાર્ય કરવાની બાબતમાં, અનુકાર્યક્ષમતાની બાબતમાં દરેક સંસ્થા વચ્ચે તફાવત હોય છે. જે ઘટકોમાં કાર્ય કરવાની ક્ષમતા વધારે હોય તેને તેવી કામગીરી સોપાય તો તે વધારે અસરકારક થઈ શકે છે. કેટલીક કામગીરી કે કાર્યો સાધનની ફાળવણી અને કાર્યક્ષમતા તે ઘટકની અનુકૂળતા પર આધાર રાખે છે. દા.ત. નગરપાલિકા અમુક પ્રકારની કામગીરી કાર્યક્ષમ રીતે બજાવી શકે પરંતુ તેની પાસે નાણાકીય સાધનો અથવા ટેક્નોલૉજીની સુવિધા ન હોય તો તેના માટે પ્રતિકૂળ પરિસ્થિતિ કહેવાય. આમ પ્રો. સેલિંગમેનના મતે કેટલીક બાબતોનું માત્ર કાર્યક્ષમતા પર ધ્યાન ન રખાય પણ સાધનોની ફાળવણી પણ થવી જોઈએ.

**પ્રો. અદારકાર**ના મતે સમવાયી નાણાતંત્રમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સાધનોની ફાળવણી બંધારણ પ્રમાણે નક્કી છે. પરંતુ સમવાયી નાણાતંત્રમાં સફળ સંચાલન અને કામગીરીની સ્વતંત્રતા માટે પ્રત્યેક ઘટકને અનુકૂળ પરિસ્થિતિ મળે છે.

**કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કાર્યો અને જવાબદારીની વહેંચણી**

સામાન્ય રીતે સમગ્ર દેશને સામાજિક સેવાઓની આવશ્યકતા અને જરૂરિયાતો એક સરખી હોય તે જવાબદારી કેન્દ્ર સરકારની હોય છે. અને ભૌગોલીક રીતે લાભકારક અને આવશ્યક સેવાઓની કામગીરી રાજ્ય સરકાર સંભાળે છે. ભારતમાં ૧૯૫૦માં બંધારણ મુજબ સમવાયી રાજકીય વ્યવસ્થાના સ્વીકાર સાથે સમવાયી નાણા વ્યવસ્થા ઉભી કરવામાં આવી.

**૧૩મું નાણાપંચ (૨૦૧૦ થી ૨૦૧૫)**

નાણાપંચ બંધારણીય જોગવાઈ પ્રમાણે રચવામાં આવે છે. ભારતના રાષ્ટ્રપતિ નાણાપંચની સતાવાર રચના કરે છે. આયોજન પંચની જેમ નાણપંચની મુદત પણ ૫ વર્ષની હોય છે. હાલમાં ૧૩માં નાણાપંચની ભલામણો અમલમાં છે. ૧૩માં નાણાપંચની રચના રાષ્ટ્રપતિ દ્વારા ૧૩-૧૧-૨૦૦૭ના રોજ કરવામાં આવી જેના અધ્યક્ષ વિજય કેલકર છે.

**૧૩માં નાણાપંચની ભલામણો**

૧૩માં નાણાપંચે કેટલાક મહત્ત્વના આર્થિક મુદાઓનું પણ ધ્યાનમાં લેવામાં રહે છે. ખાસ કરીને કરવેરા સંદર્ભ જે મહત્ત્વના ફેરફાર અમલમાં આપવાની વાત છે તે એટલે કે રાજ્યોને વેચાણવેરાને બદલે સમગ્ર દેશમાં ગુડસ સર્વિસ ટેક્સ (GST)નું અમલ કરવો. જો GST દાખલ કરવામાં આવે તો તેની સંભવિત આર્થિક અસરોને ધ્યાનમાં લઈને રાજ્યોને આપવાની થતી રકમમાં યોગ્ય ફેરફારો સુચવવા. આ ઉપરાંત શહેરીકરણની યાત્રા અને વિકાસને ધ્યાનમાં લઈને સ્થાનિક સંસ્થાઓને માપવાની થતી રકમ આ ફાળવણીમાં કેટલુ પ્રમાણ પંચાયત અને કેટલુ પ્રમાણ નગર પાલિકા માટે રાખવું તે ધ્યાનમાં લેવાનું.

**વિવિધ વિભાગો હેઠળ નાણાપંચ દ્વારા નક્કી કરેલ ભંડોળનું ટકાવારી હિસ્સો**

| ક્રમ | વિભાગ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| ૧ | કેન્દ્રીયવેરા અને જકાતમાંથી મળવાપાત્ર હિસ્સો | ૯૧ ટકા | ૮૬ ટકા | ૮૧ ટકા | ૮૪.૮ ટકા |
| ૨ | અનુદાન માટેનો હિસ્સો | ૯ ટકા | ૧૩.૫ ટકા | ૧૮.૯ ટકા | ૧૫.૨ ટકા |

ઉપરોક્ત આંકડાઓને ધ્યાનમાં લેતા ૧૦માં નાણાપંચની સરખામણીમાં ૧૧માં અને ૧૨માં નાણાપંચમાં કેન્દ્રીયવેરા અને જકાતમાંથી મળવા પ્રાપ્ત હિસ્સો સતત ઘટાડવામાં આવે છે. જ્યારે ૧૩માં નાણાપંચમાં આ હિસ્સો ફરીથી ૩.૭ ટકા જેટલુ વધારવામાં આવ્યું છે. જેની સરખામણીમાં કેન્દ્રના ભંડોળમાંથી રાજ્યોને ચૂકવવાની અનુદાનનું હિસ્સો ૧૧માં અને ૧૨માં નાણાપંચમાં વધારવામાં આવ્યો હતો જ્યારે ૧૩માં નાણાપંચમાં ઘટાડવામાં આવ્યો છે.

**નાણાપંચના માપદંડો**

નાણાપંચ કેન્દ્રીય ભંડોળમાંથી તબદીલ પાત્ર હિસ્સો નક્કી કરવા માટે સ્વતંત્રતા ધરાવે છે. પરંતુ પ્રત્યેક નાણાપંચે આ અંગેના કેટલાક ધોરણો નક્કી કરવાના હોય છે અને તે મુજબ તેનું ભારણ નક્કી કરવામાં આવે છે. જેમાં કુલ વસ્તીને આધારે ૬ પ્રકારના માપદંડો નક્કી કરવામાં આવે છે. જેમાં કુલ વસ્તીને આધારે ફાળવણીનો હિસ્સો, રાજ્યની માથાદીઠ આવક પ્રમાણે હિસ્સો, અન્ય રાજ્યની માથાદિઠ આવકમાં જોવા મળતો તફાવત, રાજકોષીય ક્ષમતાનું તફાવત, રાજ્યનું માળખાકીય વિકાસ આંક, રાજ્ય દ્વારા હાથ ધરવામાં આવતા વેરા વસુલાતનું પ્રમાણે અને રાજકોષીય સિદ્ધાંતનો સમાવેશ થાય છે.

**૧૦થી ૧૩માં નાણાપંચ દરમ્યાન માપદંડ પ્રમાણે નક્કી થયેલ તફાવતી હિસ્સો (ટકામાં)**

| ક્રમ | માપદંડ | ૧૦મું નાણાપંચ | ૧૧મું નાણાપંચ | ૧૨મું નાણાપંચ | ૧૩મું નાણાપંચ |
|---|---|---|---|---|---|
| ૧ | કુલ વસ્તી | ૨૦ | ૧૦ | ૨૫ | ૨૫ |
| ૨ | મહત્તમ માથાદીઠ આવક ધરવાતા રાજ્યથી જે તે રાજ્યની માથાદીઠ આવકનું તફાવત | ૬૦ | ૬૨ | ૫૦ | ૪૭ |
| ૩ | રાજકોષીય ક્ષમતાનું તફાવત | ૫ | ૭.૫ | ૧૦ | ૧૦ |
| ૪ | માળખાકીય વિકાસઆંક | ૫ | ૭.૫ | - | - |
| ૫ | વેરાવસુલાતનું પ્રમાણ | ૧૦ | ૫ | ૭.૫ | - |
| ૬ | રાજકોષીય શિસ્ત | ૭.૫ | ૭.૫ | ૧૭.૫ | - |

૧૩માં નાણાપંચની ભલામણોનું અવલોકન કરતા આંકડાકીય દૃષ્ટિએ કેટલીક મહત્ત્વની બાબતો ધ્યાને આવે છે. કેન્દ્રીય વેરામાંથી વેરામાંથી રાજ્યોને તબદીય થયેલ ટકાવારી હિસ્સો સોથી વધુ ઉત્તર પ્રદેશમાં ૧૯.૭ ટકા છે ગુજરાતને ટકાવીરી હિસ્સો ૩.૪ ટકા છે. અનુદાનપાત્ર ભંડોળની ફાળવણી જે રાજ્યમાં કરવામાં આવે છે. તેમાં મહત્તમ હિસ્સો ઉત્તરપ્રદેશને ૧૦.૩૪ ટકા છે. ગુજરાતને ટકાવારી હિસ્સો ૩.૭૪ ટકા છે. રાજ્યોને ફાળવવામાં આવેલ ભંડોળનું સરેરાશ સોથી વધારે ટકાવારી હિસ્સો ઉત્તરપ્રદેશને ૧૮.૨૯ ટકા છે આ બાબતે ગુજરાતને ૩.૧૫ ટકા છે.

**૧૩માં નાણાપંચની કેટલીક વિશિષ્ટતાઓ**

૧૩માં નાણાપંચની ભલામણોનું અભ્યાસ કરતા એક તારણ એવું મળે છે કે વિકાસ માટે પ્રયત્ન કરતા રાજ્યોને કોંઈ વિશેષ પ્રોત્સાહન અપાયું નથી. જે રાજ્યોમાં માનવવિકાસ આંક સારો છે. એટલે કે પંજાબ અને મહારાષ્ટ્રને વધુ ફાયદો જોવા મળે છે. આ સરખામણીમાં નબળા રાજ્યો જેમ કે ગુજરાત, બિહાર અને ઓરિસ્સાને વધુ નુકશાન જોવા મળે છે. ગુજરાત ઉપરાંત તમિલનાડુ અને કર્ણાટક જેવા રાજ્યોને મહેસુલી આવક વધુ હોવાથી તેમને ઓછું નુકસાન સહન કરવું પડે છે. કેટલાક રાજ્યોને અન્યાય થવાથી આર્થિક અસમાનતા સર્જાય શકે છે. જે આગામી સમયમાં વિકાસ માટે મુખ્ય પડકાર બન્યો છે.

**૧૩મા નાણાપંચના મુખ્ય વિવાદના મુદા**

૧. રાજ્યોની કામગીરી અને જવાબદારીઓનું વિસ્તાર કેન્દ્રની સરખામણીમાં વધારે છે. જ્યારે સાધનભંડોળ અંગેની સત્તા કેન્દ્રની સરખામણીમાં ઓછી છે. આ બાબતમાં સમતુલા લાવવાની માંગ છે.
૨. કેન્દ્રીય વહીવટ તંત્ર કેટલીક બાબતોમાં બિનજરૂરી કામગીરી હાથ ધરે છે. જેના પરિણામે વહીવટ વેડફાઈ છે તેથી આ પ્રકારનો કેન્દ્રનો હસ્તક્ષેપ દૂર કરવો.
૩. કેન્દ્રીય વહીવટમાં રાજ્યો વચ્ચેની ફાળવણીમાં પારદર્શતા જોવા મળતી નથી.
૪. સ્થાનિક સ્વરાજ્ય અને શહેરોમાં સાધન ભંડોળની મહત્તમ અગ્રતા જોઈએ.

**લેખકશ્રી રાજકોટ જિલ્લાના પડધરી ખાતેની સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં અધ્યાપક સહાયક છે.**

# સ્વચ્છતા અભિયાનનું પ્રથમ પગથિયું : શૌચાલય ક્રાંતિ

• ડૉ. નિલેશ એમ. મારવણિયા •

**આ**પણી અર્થવ્યવસ્થા ઝડપથી વૃદ્ધિ પામતી વિશ્વની ત્રીજી અર્થ વ્યવસ્થા છે. આજે આપણે સૌ એવા ભારતમાં જીવી રહ્યા છીએ કે જ્યાં શૌચાલયો કરતાં મોબાઇલધારકોની સંખ્યા વધારે છે. આપણે મિશન મંગળ માટે સફળ થયા છીએ. વિશ્વના સુપર પાવર દેશો આજે આપણા તરફ મીટ માંડીને બેઠા છે. દરેકને ભારતની પ્રગતિની કાર્યપદ્ધતિમાં રસ છે. આપણો દેશ ૨૧મી સદીમાં સુપર પાવર બનવાનાં સ્વપ્ન સેવી રહ્યો છે ત્યારે સ્વચ્છતા સંબંધી કેટલીક હકીકતો જાણી દુઃખ થાય કે આઝાદીનાં ૬૭ વર્ષ વીતી ગયા છતાં આજે આપણે શૌચાલય ક્રાંતિ લાવવા માટે રીતસર અભિયાન ચલાવવું પડે ? ભારત વિશ્વમાં સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ છે. આજે યુવાનો સ્વચ્છતાની બાબતમાં એક ડગલું આગળ આવે તો દેશ ૧૨૫ કરોડ ડગલાં આગળ વધી જાય, પણ આ માટે આપણી માનસિકતા બદલવાની જરૂરિયાત છે. ગાંધીજીના સ્વચ્છતા અભિયાનનું સ્વપ્ન તો સાકાર કરવું જ રહ્યું. આપણે તેમાં કેવી રીતે સહભાગી બની શકીએ તે પ્રશ્ન મહત્ત્વનો છે. હું જ્યાં ત્યાં કચરો નહિ ફેંકું તેવો નિર્ધાર કરો. એક નાનકડી શરૂઆત તો કરી જુઓ, તમારી પાછળ લોકોની હારમાળા સર્જાઈ જશે.

સ્વતંત્રતા દિન નિમિત્તે લાલ કિલ્લા પરથી દેશની જનતાને સંબોધન કરતી વખતે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શૌચાલય નિર્માણની વાત દેશની જનતા સમક્ષ મૂકી અને દેશની જનતા અને કોર્પોરેટ જગતને આ અભિયાનમાં સહભાગી બનવા આહવાન કર્યું. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) અને ભારતી એરટેલ બંનેએ ૧૦૦-૧૦૦ કરોડના ખર્ચે પ્રાથમિક શાળાઓમાં ૧૦૦૦૦-૧૦૦૦૦ શૌચાલયો બનાવી આપવાની જાહેરાત કરી. આજે દરેક કંપનીએ પોતાના ચોખ્ખા નફાના ૨ ટકા રકમ આવી સામાજિક જવાબદારી પાછળ ખર્ચવી પડે છે. આમ, ભારતભરમાં ૧૬૦૦૦ જેટલી કંપનીઓ સામાજિક જવાબદારીના દાયરામાં આવે છે. આ થકી ભારતની શૌચાલયની સ્થિતિની તસવીર બદલાવી શકાય તેમ છે. દેશમાં ૨૦૧૯ સુધીમાં ઘરે ઘરે શૌચાલય બનાવવાનું સરકારનું લક્ષ્યાંક છે. આ પાંચ વર્ષો દરમિયાન અબજો રૂપિયા ખર્ચવામાં આવશે.

ભારતમાં ૪૭ ટકા છોકરીઓ શાળામાં શૌચાલયના અભાવને કારણે અભ્યાસ છોડી રહી છે. ભોપાલમાં થયેલા એક સર્વે મુજબ ખુલ્લામાં શૌચ કરવાને લીધે ૧૦માંથી ૯ મહિલાઓ અને કિશોરીઓ શારીરિક શોષણનો ભોગ બને છે. વર્ષ ૨૦૧૩ના એક રિપોર્ટ મુજબ દેશની અડધા કરતાં પણ વધુ વસ્તી ખુલ્લામાં શૌચ કરવા મજબૂર છે. વર્ષ ૨૦૧૫ના અંત સુધીમાં દેશમાં નવા બે કરોડ શૌચાલયો બનાવવાનો લક્ષ્યાંક છે. ૨૦૨૨ સુધીમાં તો ખુલ્લામાં શૌચમુક્ત ભારત બનાવવાનો ઉદ્દેશ છે. શૌચાલયની બાબતમાં આપણા પાડોશી અને ગરીબ રાષ્ટ્ર નેપાળ અને બાંગ્લાદેશની સ્થિતિ ભારત કરતાં સારી છે. અફઘાનિસ્તાનમાં ૮૫ ટકા ઘરોમાં શૌચાલયોની સુવિધા છે. શૌચાલય ક્રાંતિનો કોન્સેપ્ટ સારો છે, પણ આ યોજના લાગુ પડતાં પહેલાં શૌચાલય માટેની ભૂતકાળની યોજનાઓની પણ સમીક્ષા કરવી જરૂરી છે. શૌચાલય મિશન પર પહેલાં પણ લાખો કરોડો રૂપિયા ખર્ચાયા છે. જે રાજ્યો પાછળ વધુ ખર્ચ કરાયો છે તે રાજ્યની સ્થિતિ વધુ ખરાબ છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ દેશનાં ૫૩ ટકા ઘરોમાં શૌચાલયો નથી, જેમાં ગ્રામીણ ક્ષેત્રે ૬૯.૩ ટકા ઘરો શૌચાલયોથી વંચિત છે. દેશનાં રાજ્યોની વાત કરીએ તો ઝારખંડમાં ૯૨ ટકા, મધ્ય પ્રદેશમાં ૮૭ ટકા, ઓરિસ્સામાં ૮૫.૯ ટકા, છત્તીસગઢમાં ૮૫.૫ ટકા, બિહારમાં ૮૨.૪ ટકા, રાજસ્થાનમાં ૮૦.૪ ટકા, ઉત્તર પ્રદેશમાં ૭૮.૨૦ ટકા ઘરો શૌચાલયની સુવિધાઓથી વંચિત છે, જ્યારે કેરળમાં ૯૨ ટકા ઘરોમાં શૌચાલયોની સુવિધા છે. મહારાષ્ટ્રમાં એક સ્ત્રીએ શૌચાલય બનાવવા માટે પોતાનું મંગલસૂત્ર પણ વેચી દીધું હતું. આ એક ખૂબ જ સરાહનીય બાબત છે. રાજકીય ઈચ્છાશક્તિની સાથે લોકોની પ્રતિબદ્ધતા ભળશે તો જ આ મોરચે સફળતા મળશે, બાકી ગંદકીમુક્ત ભારત અભિયાન ગરીબીમુક્ત ભારત અભિયાનની માફક એક્સપાયરી ડેટ વિનાનું સ્વપ્ન જ ના બની રહે તે પણ જોવું જ રહ્યું. સ્વચ્છતા અભિયાન થકી રોડ પરની ગંદકી જ દૂર કરવાની નથી, પણ લોકોને ગંદકીમુક્ત ભારતના અભિયાન માટે પ્રતિબદ્ધ બનાવવા જોઈએ. આપણા દ્વારા જ જે ગંદકી કરાયેલી છે તેને સાફ કરવામાં વળી શરમ શાની ? સ્વચ્છ ભારત હશે તો જ સ્વસ્થ નવી પેઢીની કલ્પના કરી શકશે.

દેશમાં જેમ અન્નનો અધિકાર છે, શિક્ષણનો અધિકાર છે, તેવી જ રીતે શૌચાલયનો અધિકાર (રાઈટ ટુ ટોયલેટ) દેશના દરેક નાગરિક માટે જરૂરી છે. આવશ્યક ચીજવસ્તુમાં શૌચાલયની જરૂરિયાત સામિલ કરવી જરૂરી છે. મેઈક ઈન ઇન્ડિયા ત્યારે જ ચરિતાર્થ થશે જ્યારે આપણી સૌની માનસિકતા બદલાશે.

**લેખક એસ.એસ.પી. જૈન આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, ધ્રાંગધ્રામાં કોમર્સ વિભાગમાં અધ્યાપક છે.**

# ભારતીય સમવાયી નાણાં વ્યવસ્થા : એક બંધારણીય અભિગમ

● ડૉ. સુરેશ ઉપાધ્યાય ●

જાહેર અર્થવિધાનના અભ્યાસમાં સમવાયી નાણાંતંત્રનો ખ્યાલ કેન્દ્ર સ્થાને રહેલો છે. બ્રિટિશ શાસન વ્યવસ્થા દરમ્યાન Govt. of India Act. ૧૯૩૪ના અમલે ભારતમાં સમવાયીતંત્રની વ્યવસ્થાને જન્મ આપ્યો હતો. ૧૯૪૭માં આઝાદી બાદ ભારતે ૧૯૫૦માં પોતાનું બંધારણ અપનાવ્યું. આમ આઝાદી બાદ પણ આપણે ત્યાં સમવાયી સરકાર તથા સમવાયી નાણાંતંત્રની વ્યવસ્થા કાર્યાન્વિત રહી છે.

સમવાયી તંત્રમાં બે પ્રકારની સરકારો કાર્યરત હોય છે, જેમાં એક કેન્દ્ર સરકાર અને બીજી રાજ્ય સરકારો. ભારતમાં આ બંને પ્રકારની સરકાર અસ્તિત્વ ધરાવે છે. તે દૃષ્ટિએ ભારત એક સમવાયી નાણાં વ્યવસ્થા ધરાવતો દેશ છે. સમવાયી નાણાં વ્યવસ્થા આર્થિક સામાજિક, રાજકીય તેમજ વહીવટી સરળતાની દૃષ્ટિએ એમ અનેક રીતે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

સમવાયી બંધારણમાં કાર્યો અને સત્તાની વહેંચણી બે સરકાર વચ્ચે થાય છે. પરિણામ સ્વરૂપ સત્તાનું વિકેન્દ્રિકરણ નાણાં સ્ત્રોતના વિકેન્દ્રીકરણને અનુસરે છે. સમવાયી નાણાંતંત્ર આ રીતે નાણાકીય સિદ્ધાંતો અને સમસ્યાઓનો અભ્યાસ કરે છે. જે સરકારની સમવાયી નાણાં વ્યવસ્થાને વધુ શક્તિશાળી અને પ્રભાવિત બનાવે છે.

**સમવાયી નાણાંતંત્ર/સમવાયી નાણાં વ્યવસ્થાનો ખ્યાલ**

સમવાયી નાણાંતંત્ર એક એવો રાજકીય શબ્દ છે કે જે બે કે બેથી વધારે રાજ્યોના સહયોગથી રચાય છે. આમ જ્યારે બે કે તેથી વધુ રાજ્યો રાજકીય સત્તાની બાબતમાં સુમેળથી સરકાર રચે ત્યારે સમવાયી નાણાં તંત્ર કે સમવાયી નાણાંવ્યવસ્થા અસ્તિત્વમાં આવે છે.

સમવાયતંત્રના સિદ્ધાંત પ્રમાણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે સત્તાની વહેંચણી એ પ્રકારે થાય છે કે દરેક પોતપોતાના ક્ષેત્રમાં સ્વતંત્ર અને સહ-સંબંધિત રહી નાણાંપંચના નેતૃત્વ હેઠળ કેન્દ્ર અને રાજ્યો સંકલન સાધીને સ્વતંત્ર રીતે નાણાં વિષયક કામગીરી હાથ ધરે છે.

**સમવાયી નાણાંતંત્ર/સમવાયી નાણાં વ્યવસ્થાના લક્ષણો.**

સમવાયી નાણાંતંત્રની વ્યવસ્થા અંતર્ગત સમવાયી નાણાંતંત્ર કે સમવાયી નાણાં વ્યવસ્થાના કેટલાક લક્ષણો નીચે મુજબ તારવી શકાય :

૧. સમવાયતંત્ર એ એક એવા પ્રકારની રાજ્ય વ્યવસ્થા છે કે જેમાં એક કરતા વધુ રાજ્યો એકત્ર થઈને કેન્દ્ર તથા રાજ્ય સરકારોની રચના કરે છે.
૨. કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે બંધારણ દ્વારા સત્તા અને કાર્યોની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવે છે.
૩. વધુ મહત્ત્વના કાર્યો કેન્દ્ર સરકાર તેમજ સ્થાનિક અને ઓછા મહત્ત્વના કાર્યો રાજ્ય સરકારો કરે છે.
૪. કેન્દ્ર અને રાજ્ય સરકારો પોતપોતાના કાર્યક્ષેત્રમાં આર્થિક સ્વાયત્તતા અને સ્વતંત્રતા ધરાવે છે.

**સમવાયી નાણાં વ્યવસ્થામાં કાર્ય વિભાજન/વહેંચણી**

સમવાયી નાણાં વ્યવસ્થામાં કાર્યોની વહેંચણી ત્રણ સ્તર પ્રણાલી પર આધારિત હોય છે. જેમાં કેન્દ્ર યાદીમાં ૯૭ વિષયો, રાજ્ય યાદીમાં ૬૬ વિષયો તથા સંયુક્ત/સમવાય કે મિશ્ર યાદીમાં ૪૭ વિષયોનો સમાવેશ થયેલ છે.

ભારતમાં સમવાયી નાણાં વ્યવસ્થા અંતર્ગત કાર્ય વિભાજન કે વહેંચણી અંગે બે પ્રકારની જોગવાઈઓ કરવામાં આવેલ છેઃ જેમાં (અ) મુખ્ય જોગવાઈઓ અને (બ) અન્ય/ગૌણ જોગવાઈઓ.

**(અ) મુખ્ય જોગવાઈઓ :**

**૧. કેન્દ્ર સરકારના કાર્યોની યાદી**

ભારતીય સમવાયી નાણાં વ્યવસ્થામાં કેન્દ્ર સરકારને કેટલાક વિષયો ઉપર કાયદાઓ કરી આવક પ્રાપ્ત કરવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે. કેન્દ્રની યાદીમાં ૯૭ જેટલા વિષયોનો સમાવેશ થાય છે. જેમાં સંરક્ષણ, ઉદ્યોગો, અણુશક્તિ, રેલવે, રાષ્ટ્રીય ધોરીમાર્ગો, પોસ્ટ, ટેલિગ્રાફ વિદેશી હૂંડિયામણ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, વિદેશનીતિ વગેરે જેવાં મહત્ત્વના કાર્યોનો સમાવેશ થાય છે. આમ જે કાર્યો રાષ્ટ્રીય દૃષ્ટિએ મહત્ત્વના હોય તથા જેમાં કેન્દ્ર કાર્યક્ષમ હોય તે કાર્યો તેને સોંપાય છે. કેન્દ્ર સરકારની યાદીમાં દર્શાવેલા તમામ વિષયો પરત્વે કાયદાઓ બનાવી આવક મેળવે છે.

**૨. રાજ્ય સરકારોના કાર્યોની યાદી**

ભારતીય સમવાયી નાણાં વ્યવસ્થામાં કેટલાક વિષયો રાજ્યોને ફાળવવામાં આવેલ છે. રાજ્યો આ વિષયો ઉપર વિવિધ કાયદાઓ બનાવીને તેમાંથી પોતાની જરૂરિયાત અનુસાર આવક મેળવી શકે છે. બંધારણીય જોગવાઈ પ્રમાણે **રાજ્યયાદીમાં ૬૬ જેટલા વિષયોનો સમાવેશ થાય છે.** જેમાં જાહેર કાયદો અને વ્યવસ્થા, પોલીસ, જેલ, ન્યાયતંત્રનો વહીવટ, શિક્ષણ, ખેતી, જંગલો વગેરે તમામ વિષયો પરત્વે રાજ્ય સરકારો કાયદાઓ બનાવી કરવેરા નાખી શકે છે અને તેનો ઉપયોગ પોતાના આંતરિક વિકાસ કાર્યો અર્થે કરી શકે છે.

**૩. સમવાયી કે સંયુક્ત યાદી**

રાજકીય સત્તાઓની વહેંચણી માટે જે રીતે સમવાયી યાદી દર્શાવવામાં આવે છે તેવી રીતે આર્થિક સત્તાની વહેંચણી કરવામાં પણ સમવાયી યાદીની જોગવાઈ કરવામાં આવી છે. આ યાદીમાં જણાવ્યા પ્રમાણેના વિષયો જેવા કે આર્થિક-સમાજિક આયોજન, સામાજિક સલામતિ તેમજ ઔદ્યોગિક ઝઘડાઓ વગેરે ઉપર કેન્દ્ર અને રાજ્યો એમ બંને કાયદાઓ બનાવી શકે છે અને તેમાંથી પોતાની જરૂરિયાતો અનુસાર આવક પ્રાપ્ત કરી શકે છે. અહીંયા સૌંદર્ય પ્રસાધનના સાધનો, દવા, સ્ટેમ્પ ફી વગેરે પર કેન્દ્ર કર નાખે, પરંતુ રાજ્યો ઉઘરાવે. આ **સમવાયી યાદીમાં અંદાજે ૪૭ જેટલાં વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.** સમવાયી યાદીમાં દર્શાવેલા વિષયો ઉપર જો કેન્દ્ર સરકાર આવક પ્રાપ્ત કરવા માટેના કાયદાઓ કરે તો રાજ્ય સરકારો તેમાંથી આવક પ્રાપ્ત કરી શકે નહીં.

ઉપરની ત્રણેય યાદીમાં જે વિષયોનો સમાવેશ થતો ન હોય તેના ઉપર કેન્દ્ર સરકાર કાયદાઓ બનાવી આવક મેળવી શકે છે. આ દૃષ્ટિએ આવકના સાધનોની ફાળવણી કે વહેંચણીમાં રાજ્યો કરતાં કેન્દ્રને વધુ સત્તાઓ પ્રાપ્ત થયેલ છે.

**(બ) અન્ય/ગૌણ જોગવાઈઓ :**

**૧. સંકટ નિધિ**

કેન્દ્ર સરકારે આવકના સાધનોની વહેંચણી માટે કેટલીક આકસ્મિક પરિસ્થિઓને પણ ધ્યાનમાં લીધી છે. જ્યારે કોઈ પણ રાજ્યમાં કુદરતી આફતો સર્જાય ત્યારે તેનાં ખર્ચને પહોંચી વળવા માટે સંકટ નિધિની રચના કરવામાં આવી છે અને તેમાંથી રાજ્યોને આ સહાય આપવામાં આવે છે.

**૨. સંચિત નિધિ**

કેન્દ્ર અને વિભિન્ન રાજ્યો વચ્ચે આવકના સાધનોની વહેંચણી કરવા માટે સંચિત નિધિની પણ રચના કરવામાં આવે છે. પ્રધાનમંત્રીના અધ્યક્ષપણા હેઠળ સંચિત નિધિમાં આકસ્મિક (વિકાસલક્ષી) કાર્યો કરવા માટે સરકાર તરફથી પ્રતિ વર્ષે ચોક્કસ રકમ ફાળવવામાં આવે છે અને જ્યારે જે તે રાજ્યમાં આકસ્મિક સ્થિતિ સર્જાય ત્યારે આ સંચિત નિધિમાંથી રાજ્યોને આર્થિક સહાય આપવામાં આવે છે.

**૩. કરવેરા**

કેટલાક કરવેરા કેન્દ્ર સરકાર નાખે છે, પરંતુ રાજ્યો તેની વસૂલાત કરે છે અને નાણાંપંચોની ભલામણો અનુસાર તેની વહેંચણી કરવામાં આવે છે. આવા કરવેરામાં ખાસ કરીને રાજ્યોની આબકારી જકાત તેમજ કેન્દ્ર અને રાજ્યોની આયાત-નિકાસ, જકાતનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં વિભિન્ન નાણાંપંચોની ભલામણો અન્વયે કેન્દ્ર પાસેથી રાજ્યોને હસ્તાંતરિત થયેલ કરની રકમ અંગેની માહિતી કોષ્ટક નંબર-૧માં છે.

કોષ્ટક નંબર-૧માં દર્શાવેલ વિગતોનો અભ્યાસ કરતા કહી શકાય કે નાણાંપંચોની ભલામણો અન્વયે કેન્દ્ર પાસેથી રાજ્યોને હસ્તાંતરિત થયેલ કરની રકમ ૧૫ ટકાથી લઈને ૯૨ ટકા સુધીની રહેવા પામેલ છે. ૨૦૦૫ થી ૨૦૧૦ના પાંચ વર્ષના સમયગાળા માટે ૧૨મા નાણાંપંચ દ્વારા રાજ્યોને કુલ રૂ. ૭,૫૫,૭૫૨ કરોડની ફાળવણી અંગેની ભલામણ કરવામાં આવી. જેમાંથી કેન્દ્રના વેરામાં રાજ્યોની ભાગીદારી/હિસ્સાની રકમ રૂ. ૬,૧૩,૧૧૨ કરોડ ફાળવવામાં આવી જે ૧૧મા નાણાંપંચની ફાળવણી અંગેની ભલામણ કરતા ૬૨.૯ ટકા વધુ રહેવા પામેલ છે.

**૪. અનુદાન (Grants - In - Aid)**

કેન્દ્ર સરકાર રાજ્યોને સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ માટે અનુદાન આપે છે. રાજ્યના ભંડોળમાં જરૂરી ફેરફાર અર્થે આધુનિક સમયમાં મોટાભાગના સમવાયી તંત્રોમાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને અનુદાન આપવાનો બંધારણીય અધિકાર ધરાવે છે. અનુદાન રાજ્ય સરકારોની નાણાકીય જરૂરિયાતો અને રાજકોષીય નીતિની વચ્ચેના અંતરને ભરપાઈ કરવા માટેનું અસરકારક સાધન છે.

કેન્દ્ર સરકાર રાજ્યોને બંધારણની કલમ-૨૭૫ અને કલમ-૨૮૨ હેઠળ અનુદાન આપી શકે છે. કલમ-૨૭૫ અન્વયે અનુદાનનું પ્રમાણ નાણાંપંચ દ્વારા નક્કી થાય છે. જ્યારે કલમ-૨૮૨ અન્વયે કેન્દ્ર સરકાર પોતાની ઈચ્છા અનુસાર રાજ્યોને જાહેર હેતુ અર્થે અનુદાન આપી શકે.

અનુદાન આપવા પાછળનો પરંપરાગત હેતુ રાજ્ય કક્ષાએ જરૂરિયાત અને સાધનો વચ્ચે જે અસમતુલા રહી હોય તે દૂર કરવાનો છે. પરંતુ વ્યવહારમાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને નીચેના

**કોષ્ટક નંબર ૧ : હસ્તાંતરિત થયેલી કરની રકમ**

| નાણાંપચ | કુલ રકમ પૈકી કરની રકમ (રૂપિયા કરોડમાં) | ટકાવારી |
|---|---|---|
| ૧લું | ૩૭૧/૪૨૧ | ૮૮.૧૨ |
| ૨જું | ૮૨૨/૧૦૧૯ | ૮૦.૬૭ |
| ૩જું | ૧,૦૬૮/૧,૩૧૮ | ૮૧.૦૩ |
| ૪થું | ૧,૩૨૮/૧,૭૫૦ | ૭૫.૮૯ |
| ૫મું | ૪,૬૪૩/૫,૩૫૪ | ૮૬.૭૨ |
| ૬ઠ્ઠું | ૮,૨૫૧/૧૦,૭૬૦ | ૭૬.૬૮ |
| ૭મું | ૧૯,૨૯૭/૨૦,૯૦૭ | ૯૨.૩૦ |
| ૮મું | ૩૫,૬૮૩/૩૯,૪૫૨ | ૯૦.૪૫ |
| ૯મું | ૮૭,૮૮૨/૧,૦૬,૦૩૬ | ૮૨.૮૮ |
| ૧૦મું | ૨,૦૬,૩૪૩/૨,૨૬,૬૪૩ | ૯૧.૦૪ |
| ૧૧મું | ૩,૭૬,૩૧૮/૪,૩૪,૯૦૫ | ૮૬.૫૩ |
| ૧૨મું | ૬,૧૩,૧૧૨/૭,૫૫,૭૫૨ | ૮૧.૧૩ |

સ્રોત : ''भारतीय अर्थव्यवस्था'' ૨૦૦૯

ત્રણ હેતુઓની સિદ્ધિ અર્થે અનુદાન આપે છે :

૧. પ્રસારલાભો આપતી સેવાઓના ઉત્પાદન માટે
૨. રાજકોષીય સમાનતા ઊભી કરવા માટે
૩. ઈસ્ટ સપાટીએ તથા સમાન ધોરણે જાહેર સેવાઓ પૂરી પાડવા માટે. પ્રસ્તુત જોગવાઈના સંદર્ભમાં વિભિન્ન નાણાંપંચોની ભલામણો અન્વયે કેન્દ્ર પાસેથી રાજ્યોને હસ્તાંતરિત થયેલ અનુદાન રકમ અંગેની વિગતો કોષ્ટક નંબર-૨માં છે.

કોષ્ટક નંબર-૨માં પ્રસ્તુત વિગતોનો અભ્યાસ કરતાં કહી શકાય કે નાણાંપચોની ભલામણો અનુસાર કેન્દ્ર પાસેથી રાજ્યોને હસ્તાંતરિત થયેલ અનુદાનની રકમ ૭.૭૦ ટકાથી લઈને ૨૪.૧૧ ટકા સુધીની રહેવા પામી છે.

૨૦૦૫ થી ૨૦૧૦ના પાંચ વર્ષના સમયગાળા માટે ૧૨મા નાણાંપંચ દ્વારા રાજ્યોને કુલ રૂ. ૭,૫૫,૭૫૨ કરોડની ફાળવણી અંગેની ભલામણ કરવામાં આવી જેમાંથી સહાયતા અનુદાન પેટે રૂ. ૧,૪૨,૬૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી. જે ૧૧મા નાણાંપંચની ફાળવણી અંગેની ભલામણ કરતાં ૧૪૩.૫ ટકા વધુ રહેવા પામેલ છે.

૨૦૧૦ થી ૨૦૧૫ના પાંચ વર્ષના સમયગાળા માટે ૧૩મા નાણાંપચની ભલામણ અનુસાર રાજ્યોને કુલ રકમ પૈકી અનુદાન પેટે રૂ. ૩,૧૮,૫૮૧ કરોડની ફાળવણી કરવામાં આવી જે ૧૨મા નાણાંપંચની ફાળવણી અંગેની ભલામણ કરતાં ૧૨૩.૩૫ ટકા વધુ રહેવા પામેલ છે.

કોષ્ટક નંબર-૧ તથા ૨ના સમગ્રલક્ષી વિશ્લેષણને આધારે કહી શકાય કે દરેક નાણાંપંચોની ભલામણો દ્વારા વિપુલ માત્રામાં કેન્દ્ર તરફથી રાજ્યોને ઉદાર રીતે કર અને અનુદાન સંદર્ભે નાણાં ફાળવવામાં આવેલ છે. પ્રથમ નાણાંપંચની ભલામણો દ્વારા કર અને અનુદાન અન્વયે રૂ. ૪૨૧ કરોડ ફાળવવામાં આવેલ. આ પ્રમાણ વધીને ૧૨મા નાણાંપંચની ભલામણો અનુસાર રૂ. ૭,૫૫,૭૫૨ કરોડ થવા જાય છે.

**ભારતમાં સમવાયી આર્થિક સંબંધો.**

ભારત આર્થિક તેમજ રાજકીય દૃષ્ટિએ સમવાયી રાષ્ટ્ર છે અને તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેની નાણાકીય સાધનોની વહેંચણીનો મુદ્દો મહત્ત્વનો બની રહે છે. કેન્દ્ર - રાજ્ય આર્થિક સંબંધોના સંદર્ભમાં કહી શકાય કે વર્તમાન રાજ્યો કલ્યાણ રાજ્યોની ભૂમિકામાં છે અને તેથી તેનાં કાર્યક્ષેત્રમાં વધારો થયેલો છે. તેની સામે તેની પાસે રહેલા આવક અંગેના નાણાકીય સાધનો અપુરતા પુરવાર થાય છે. રાજ્યોએ પોતાની

**કોષ્ટક નંબર-૨ : હસ્તાંતરિત થયેલ અનુદાનની રકમ (રૂા. કરોડમાં)**

| નાણાંપચ | કુલ રકમ પૈકી કરની રકમ (રૂપિયા કરોડમાં) | ટકાવારી |
|---|---|---|
| ૧લું | ૫૦/૪૨૧ | ૧૧.૮૮ |
| ૨જું | ૧૯૭/૧૦૧૯ | ૧૯.૩૩ |
| ૩જું | ૨૫૦/૧૩૧૮ | ૧૮.૯૭ |
| ૪થું | ૪૨૧/૧૭૫૦ | ૨૪.૧૧ |
| ૫મું | ૭૧૧/૫૩૫૪ | ૧૩.૨૮ |
| ૬ઠ્ઠું | ૨,૫૦૯/૧૦,૭૬૦ | ૨૩.૩૨ |
| ૭મું | ૧,૬૦૯/૨૦,૯૦૭ | ૭.૭૦ |
| ૮મું | ૩,૭૬૯/૩૯,૪૫૨ | ૯.૫૫ |
| ૯મું | ૧૮,૧૫૪/૧ ૦૬,૦૩૬ | ૧૭.૧૨ |
| ૧૦મું | ૨૦,૩૦૦/૨,૨૬,૬૪૩ | ૮.૯૬ |
| ૧૧મું | ૫૮,૫૮૭/૪,૩૪,૯૦૫ | ૧૩.૪૭ |
| ૧૨મું | ૧,૪૨,૬૪૦/૭,૫૫,૭૫૨ | ૧૮.૮૭ |
| ૧૩મું | ૩,૧૮,૫૮૧/ N.A | N.A |

જવાબદારીઓ નિભાવવા માટે કેન્દ્રીય કરવેરાની ફાળવણી તથા અનુદાન ઉપર વિશેષ આધાર રાખવો પડે છે. નાણાંપંચોએ આ બાબત પરત્વે ધ્યાન દોરેલ છે તેમ છતાં આવશ્યક જોગવાઈઓમાં સુધારાઓ દાખલ થઈ શક્યા નથી.

કેન્દ્ર અને વિભિન્ન રાજ્યો વચ્ચે જે નાણાકીય સાધનોની ફાળવણી કરવામાં આવે છે તેમાં કેન્દ્ર વધુને વધુ મજબૂત બનતું રહ્યું છે. બીજી બાજુ રાજ્યો વધુને વધુ કેન્દ્ર પર અવલંબિત બનતા ગયા છે. રાજ્યો પાસે રહેલા નાણાકીય સાધનો ટાંચા જણાય છે. આ બાબત કેન્દ્ર-રાજ્ય નાણાકીય સંબંધોમાં સુસંગતતાનો અભાવ સૂચવે છે.

સમવાયી નાણાં વ્યવસ્થા અંતર્ગત ભારતમાં કેન્દ્ર-રાજ્યો સંદર્ભે નાણાકીય સંબંધોનું માળખું જ એવા પ્રકારનું છે કે જેમાં કેન્દ્ર સરકારની તરફેણમાં સાધનો અને સત્તાનું કેન્દ્રીકરણ થયેલું છે, કુલ કરવેરામાં અંદાજે ૭૦ ટકા જેટલા કરવેરા કેન્દ્ર દ્વારા ઉઘરાવવામાં આવે છે. આ બાબત કેન્દ્રની આર્થિક સાધનોની સદ્ધરતા સૂચવે છે. ભારતમાં સમવાયી નાણાં માળખામાં નાણાંપંચોનું વિશિષ્ટ રીતે મહત્ત્વ સ્વીકારવામાં આવેલ છે. તેમ છતાં અત્યાર સુધીના નાણાંપંચનો (૧૪ નાણાંપંચો) કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના આર્થિક સંબંધો અંતર્ગત સમતુલા ન્યાય તેમજ અસરકારકતા લાવી શકયા નથી. સંક્ષેપમાં આયોજન પંચ અને નાણાંપંચ વચ્ચેના ગજગ્રાહને લીધે કેન્દ્ર અને રાજ્યો વચ્ચેનાં આર્થિક સંબંધો ખરડાયેલા જણાય છે.

**સંદર્ભ :**


1. Anita Khanna, “Money, Banking and Public Finance”, Global Publications, New Delhi, 2013, PP - 87, 88.
2. बी. एल. माथुर, ''भारतीय अर्थव्यवस्था'', अर्जुन पब्लिशिंग हाउस नई, दिल्ली, २००९, PP - 464, 471.
3. મહેશ પી. ભટ્ટ, ''જાહેર વિત્તવ્યવસ્થાનાં સિદ્ધાંતો'', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૨૦૦૧ પીપી - ૪૩૫, ૪૬૮, ૪૬૯
4. મિથાની અને ત્રિવેદી, રાષ્ટ્રીય અર્થવિધાન'' ઑકસફર્ડ યુનિ. પ્રેસ, ૧૯૮૭, પીપી - ૨૬૬, ૨૭૧
5. બી. આર. ત્રિવેદી, ''તેરમુ નાણાંપંચ'' અથસંકલન સળંગ અંક ૪૯૭, ૨૦૧૧, પીપી - ૩૫.



**લેખક એ. કે. શાહ કોમર્સ કૉલેજ, માંગરોળમાં એસોસિએટ પ્રોફેસર છે.**

# ભારતમાં સમવાયતંત્ર : આર્થિક પરિપ્રેક્ષ્યમાં

● ડૉ. કપિલ પી. ઘોસિયા ●

સમવાયતંત્ર એ કેન્દ્ર/સંઘ સરકાર અને રાજ્ય સરકારો વચ્ચેના આર્થિક, રાજકીય સંબંધોની વ્યવસ્થા છે. સમવાયતંત્રમાં સરકારનાં વિવધ સ્તર જોવા મળે છે. સરકારની આર્થિક-રાજકીય સત્તા દેશના બંધારણમાં કે અન્ય રીતે લેખિત સ્વરૂપે સ્પષ્ટ કરવામાં આવેલ હોય છે. ભારતમાં સમવાયતંત્રનો ખ્યાલ સ્વીકારવામાં આવ્યો છે જે અંતર્ગત સરકારની આર્થિક-રાજકીય સત્તા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે વિભાજિત કરવામાં આવેલ છે. ભારતના બંધારણના ૧૦મા વિભાગમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સત્તાની વહેંચણી દર્શાવવામાં આવી છે. આ વિભાગ અંતર્ગત કાયદાકીય અને વહીવટી સત્તાઓ દર્શાવવામાં આવેલ છે, જેમાં કાયદાકીય સત્તાઓમાં કેન્દ્ર યાદીમાં ૧૦૦, રાજ્ય યાદીમાં ૬૧ અને સંયુક્ત યાદીમાં ૫૨ વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેવી જ રીતે વહીવટી સત્તાઓમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની વહીવટી સત્તાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

દેશની સમવાય વ્યવસ્થામાં કેન્દ્રનું રાજ્યો પરનું વધુ વર્ચસ્વ, કેન્દ્રની તુલનામાં રાજ્યો પાસે આવકનાં સાધનો ઓછા અને અપૂરતા, કેન્દ્ર-રાજ્ય વચ્ચે અસમતુલા (વર્ટિકલ ઈમ્બેલેન્સ), રાજ્યો રાજ્યો વચ્ચે અસમતુલા (હોરીઝેન્ટલ ઈમ્બેલેન્સ), કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની વધતી રાજકોષીય ખાધ, કેન્દ્ર તરફથી રાજ્ય તરફની સંસાધન ફાળવણીમાં અસમાનતા વગેરે સરકાર માટે ચિંતાનો વિષય છે.

પ્રસ્તુત પેપરમાં રાજ્યો રાજ્યો વચ્ચે અસમતુલા, સરકારની રાજકોષીય ખાધ તથા કેન્દ્રથી રાજ્ય તરફની સંસાધન-ફાળવણી અંગેનો અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે.

**રાજકોષીય ખાધ :**

કેન્દ્ર સરકારની ખાધનાં વલણો જોઈએ તો, ૧૯૮૦-૮૧થી ૧૯૮૪-૮૫ દરમ્યાન કુલ રાજકોષીય ખાધ એકંદરે GDPના ૫.૬૭ ટકા રહી. ૧૯૮૫-૮૬ થી ૧૯૮૯-૯૦ દરમ્યાન ખાધ વધીને ૭.૪૪ થઈ. ૧૯૯૦-૯૧ થી ૧૯૯૪-૯૫માં ખાધ ૬.૦૯ થઈ. ત્યારબાદના ૧૯૯૫-૯૬ થી ૨૦૦૮-૦૯ દરમ્યાન ખાધ એકંદરે ૪ થી ૬ ટકા વચ્ચે રહી. ૨૦૦૮-૦૯માં કુલ રાજકોષીય ખાધ ૫.૯૯ ટકા હતી જે ૨૦૦૯-૧૦માં ૬.૪૬ ટકા થઈ. ૨૦૧૨-૧૩માં ખાધ ૫.૨૦ ટકા રહી અને ૨૦૧૩-૧૪માં ઘટીને ૪.૩ ટકા થઈ. આ ઘટાડો રાજકોષીય જવાબદારી બજેટ સંચાલન એક્ટ (FRBMA)ના અમલ કારણે શક્ય બન્યો.

રાજ્ય સરકારની ખાધની વાત કરીએ તો, ૧૯૮૦-૮૧ થી ૧૯૯૪-૯૫ દરમ્યાન કુલ રાજકોષીય ખાધ એકંદરે ૨ થી ૩ ટકા રહી. ૧૯૯૫-૯૬ થી ૧૯૯૯-૦૦ દરમ્યાન ખાધ વધીને એકંદરે ૩.૩૮ તેમજ ૨૦૦૦-૦૧ થી ૨૦૦૪-૦૫ દરમ્યાન ખાધ વધીને ૪.૦૧ થઈ. જો કે ત્યાર પછી ૨૦૦૫-૦૬ થી ૨૦૧૩ દરમ્યાન ખાધ ૧.૫ થી ૨.૫ રહી છે.

સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં અપેક્ષિત વૃદ્ધિદર ૫.૫ થી ૬ ટકા રહેવાનું અનુમાન કર્યું છે. ઉપરાંત ૨૦૧૬-૧૭ સુધીમાં રાજકોષીય ખાધ GDPના ૩ ટકા કરવાનું લક્ષ રાખ્યું છે. સરકારે બિનજરૂરી જાહેર ખર્ચમાં કાપ મૂકવા માટે એક્સપેન્ડીચર મેનેજમેન્ટ

| વર્ષ | કેન્દ્ર સરકારની ખાધ (GDP%) | રાજ્ય સરકારની ખાધ (GDP%) |
|---|---|---|
| ૧૯૮૦ થી ૧૯૮૪ | ૫.૬૭ | ૨.૭૪ |
| ૧૯૮૫ થી ૧૯૮૯ | ૭.૪૪ | ૨.૯૩ |
| ૧૯૯૦ થી ૧૯૯૪ | ૬.૦૯ | ૨.૮૦ |
| ૧૯૯૫ થી ૧૯૯૯ | ૫.૩૪ | ૩.૩૮ |
| ૨૦૦૦ થી ૨૦૦૪ | ૫.૦૭ | ૪.૦૧ |
| ૨૦૦૫ થી ૨૦૦૯ | ૪.૪૫ | ૨.૨૧ |
| ૨૦૧૦ થી ૨૦૧૩ | ૫.૧૧ | ૨,૧૮ |

કમિશન (EMC)ની સ્થાપના કરી છે જે નાણાકીય વર્ષનો વચગાળાનો રિપોર્ટ તેમજ અંતિમ રિપોર્ટ રજૂ કરે છે જે સારી બાબત છે.

**આંતરરાજ્ય અસમાનતા :**

દેશના સમવાય વ્યવસ્થા માળખામાં રાજ્ય સરકારોની માથાદીઠ આવકમાં મોટું અંતર જોવા મળે છે. આ અંતર માટે ત્રણ માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે : (૧) તમામ રાજ્યો વચ્ચેના વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશના સરેરાશ ટકા અનુસાર સૌથી આગળના (સદ્ધર) રાજ્ય અને સૌથી પછાત (ગરીબ) રાજ્યની વાસ્તવિક માથાદીક ચોખ્ખી આંતરિક પેદાશનું અંતર (G1) (૨) સૌથી પછાત રાજ્યના વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશના ટકા અનુસાર સૌથી આગળના રાજ્ય અને સૌથી પછાત રાજ્યની વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશનું અંતર (G2) (૩) સૌથી આગળના રાજ્યના વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશના ટકા અનુસાર સૌથી આગળના રાજ્ય અને સૌથી પછાત રાજ્યની વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશનું અંતર (G3).

વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશને ધ્યાને લેતાં માલૂમ પડે છે કે, બિહાર, ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, આસામ, મણિપુર વગેરે નીચી વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશ ધરાવે છે, જ્યારે દિલ્લી, ગોવા, ચંદીગઢ, પંજાબ અને હરિયાણા વધુ વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશ ધરાવે છે. ૨૦૧૨-૧૩ ગોવાની વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશ રૂ. ૧,૩૨,૧૨૧ કરોડ થવા પામી, તો બીજી બાજુ બિહારની વાસ્તવિક માથાદીઠ ચોખ્ખી આંતરિક પેદાશ માત્ર રૂ. ૧૪,૬૩૨ કરોડ થવા પામી. આ અંતર મોટી આર્થિક અસમાનતાનું સૂચન કરે છે.

**કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને સંસાધન ફાળવણી :**

રાજ્ય સરકારોને ત્રણ પ્રકારે કેન્દ્રીય સહાય મળે છે : (૧) ફાઈનાન્સ કમિશન ટ્રાન્સફર, (૨) પ્લાનિંગ કમિશન ટ્રાન્સફર અને, (૩) સેન્ટ્રલ સ્પોન્સર્ડ સ્કીમ્સ. ફાઈનાન્સ કમિશન દર પાંચ વર્ષે નીમવામાં આવે છે અને તે મુખ્યત્વે કેન્દ્રીય વેરાઓની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે વહેંચણી અંગે ભલામણ કરે છે. આયોજન પંચ રાજ્યોની ઉત્પાદનક્ષમતા વધે તેમજ આંતરરાજ્ય અસમતુલા ઘટે તે માટે સંસાધન ફાળવણી કરે છે. દેશના રાજ્યોમાંથી નીચી કુલ આંતરિક પેદાશ ધરાવતા રાજ્યોને વિશેષ રાજ્યોનો દરજ્જો આપવામાં આવ્યો છે જેથી તેમની પછાતતા દૂર કરવા માટે વિશેષ સહાય આપી શકાય. આ રાજ્યોમાં અરૂણાચલ પ્રદેશ, આસામ, હિમાચલ પ્રદેશ, જમ્મુ કશ્મિર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલૅન્ડ, સિક્કિમ અને ત્રિપુરા અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ સ્પોન્સર્ડ સ્કીમ્સ એ જે તે રાજ્યની જરૂરિયાત અનુસાર કેન્દ્ર સરકાર વડે અમલમાં મૂકવામાં આવે છે.

કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકાર તરફની સંસાધન-ફાળવણીમાં કેન્દ્રીય વેરાઓમાં રાજ્ય સરકારોનો હિસ્સો ૨૦૦૫માં ૫૭ ટકા હતો તે ૨૦૦૭-૦૮ માં વધીને ૫૮.૯ થયો. ત્યાર બાદ ૨૦૦૯-૧૦માં ઘટીને ૫૩.૬ ટકા થયો. તેવી જ રીતે ગ્રાન્ટ ૨૦૦૫-૦૬માં ૨૫.૪ ટકા હતી તે ૨૦૦૯-૧૦માં ઘટીને ૧૧ ટકા થઈ. તેવી જ રીતે પ્લાન ગ્રાન્ટ અને નોન-પ્લાન ગ્રાન્ટમાં વધારાનું વલણ જોવા મળે છે. કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારની કુલ સંસાધન-ફાળવણી GDP%માં ૨૦૦૫-૦૬માં ૪.૬૯ ટકા થઈ જે ૨૦૦૯-૧૦માં વધીને ૫.૨૩ ટકા થઈ.

ભારતના સમવાયતંત્રમાં સરકારની વધતી જતી રાજકોષીય ખાધ એ ચિંતાજનક બાબત છે. જો કે છેલ્લા થોડા સમયમાં સરકારે આ દિશામાં અસરકારક પગલાઓ લીધા છે જે સારી બાબત છે. દેશમાં હાલમાં પણ રાજ્ય-રાજ્ય વચ્ચે આર્થિક અસમાનતાની સમસ્યા પ્રવર્તમાન છે. જેના માટે સરકારે વિશેષ રાજ્યો માટેની સહાય પર હજુ વધુ ભાર મુકવાની જરૂરિયાત છે. હાલમાં દેશમાં એકંદરે સ્થિર શાસન વ્યવસ્થા છે ત્યારે સરકાર સમવાય શાસન વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારણા કરે તે ઇચ્છનીય છે.

**સંદર્ભ :**


- State Finances, A study of budgets of 2013-14, R.B.I.
- Structural Problems and Fiscal Mangement of States in India, Dirghau Keshao Raut, R.B.I. Occasional Papers, Vol. 32, No. 1, Summer 2011.
- Report to The working group on State's Financial Resources for the twelfth five year plan (2012-2017), Planning Commission, G.O.I.
- Indian public finance statistics, 2013-2014, Ministry of Finance, G.O.I.
- Union Budget of India, Year-2014-15, G.O.I.



**લેખક ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, મેઘરજ, જિ. અરવલ્લી ખાતે ઈકોનોમિક્સ આસિ. પ્રોફેસર અને વિભાગના વડા છે.**

# વાયબ્રન્ટ ગુજરાત – સર્વાંગી વિકાસનું લક્ષ્ય

• યોગેશ પંડ્યા •

**સા**તમી વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકારોની પરિષદનું ઉદ્ઘાટન કરીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રોકાણ માટેના આ વૈશ્વિક મંચને એક નવી ઊંચાઈ પ્રદાન કરી છે, તો મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પરિષદના સમાપન સમારોહમાં જાહેર કરેલી વાયબ્રન્ટ ગુજરાતની ફળશ્રુતિથી આ પરિષદ અત્યાર સુધીની સૌથી સફળ વાયબ્રન્ટ ગુજરાત પરિષદ બની રહી છે. તેમાં કોઈ શંકા નથી.

પોતાના ઉદ્ઘાટન સંબોધનમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ટોચના વૈશ્વિક નેતાઓની ઉપસ્થિતિ અને ૧૦૦થી વધુ દેશોના પ્રતિનિધિઓની હાજરીમાં ભારતમાં '' ઈન્કલ્યુઝીવ ગ્રોથ '' એટલે કે છેવાડાના લોકો સુધીના સર્વગ્રાહી વિકાસ ઉપર ભાર મૂક્યો હતો. આ માટે તેમણે દેશમાં નાણાકીય સહભાગિતા સુનિશ્ચિત કરવા માત્ર ચાર મહિનામાં ૧૦ કરોડથી વધુ નવા બેંક ખાતા ખોલવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

વિકાસ માટે મહત્વપૂર્ણ એવા ત્રણ પરિબળ ડેમોક્રેસી, ડેમોગ્રાફી અને ડિમાન્ડ એક માત્ર ભારતમાં ઉપલબ્ધ હોવાનું જણાવી - પ્રધાનમંત્રીશ્રી મોદીએ દેશમાં નવી પેઢીના આર્થિક સુધારાઓને વેગ અપાયો હોવાનું અને ઝડપી આર્થિક વિકાસ માટે અનેક કાર્યક્રમ હાથ ધરાયા હોવાનું જણાવ્યું હતું.

અમેરિકાના વિદેશમંત્રી શ્રી જહોન કેરીએ ઉદ્ઘાટન સમારોહને સંબોધતાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના '' સૌનો સાથ સૌનો વિકાસ '' ના મંત્રને બિરદાવ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આર્થિક ઉદારીકરણના પગલાઓને આવકારતા શ્રી જહોન કેરીએ ભારત અને અમેરિકાના આર્થિક સંબંધો નવી ઉંચાઇ પ્રાપ્ત કરશે તેમ જણાવ્યું હતું. સંયુકત રાષ્ટ્રસંઘના મહાસચિવ શ્રી બાન કી મૂને વિશ્વમાં વિકાસ માટે સાતત્યપૂર્ણ અને સર્વાંગી વિકાસ તેમજ આબોહવા પરિવર્તન કરારને મહત્વના પરિબળો ગણાવ્યા હતા. અને ભારત આ દિશામાં પ્રોત્સાહક પગલાં ભરી રહ્યો હોવાનું જણાવ્યું હતું. વિશ્વ બેંકના પ્રમુખ શ્રી જીમ યોંગ કિમે વિકાસની આડે ગરીબીને સૌથી મોટો પડકાર ગણાવી આ દિશામાં ભારત દ્વારા લેવાઇ રહેલા પગલાઓમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

ભૂતાન, મેસેડોનીયા તેમજ ગયાનાના પ્રધાનમંત્રીઓ ઉપરાંત વિશ્વના અનેક નેતાઓ અને વેપાર ઉદ્યોગ ક્ષેત્રના માંધાતાઓએ ઉદ્ઘાટન સમારોહને સંબોધન કર્યું હતું.

૧૧ અને ૧૨ જાન્યુઆરીના પ્રથમ બે દિવસની વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકારોની પરિષદની ફળતતિ જોતાં જ આ પરિષદની અદભૂત સફળતા જણાઇ આવે છે. બે દિવસની પરિષદ દરમિયાન કુલ ૨૫ લાખ કરોડ રૂપિયાના રોકાણ માટે સમજૂતિ કરારો થયા હતા. રોકાણ માટે ૨૧ હજાર ઈરાદાપત્રો મળ્યા છે. જયારે ૧૨૨૫ જેટલી વ્યૂહાત્મક ભાગીદારીના કરારો થયા છે. વાયબ્રન્ટ ગુજરાત પરિષદના અંતિમ દિવસે ૪૦૦ જેટલી બિઝનેસ ટુ બિઝનેસ મિટિંગ યોજાઇ હતી. સાતમી વાયબ્રન્ટ ગુજરાત પરિષદમાં ૮ દેશો ભાગીદાર દેશ તરીકે જોડાયા હતા. વિશ્વના ૧૧૦ દેશોના ૨૫ હજારથી વધુ પ્રતિનિધિઓ આ પરિષદમાં સામેલ થયા હતા. કુલ ૧૨૫૦ કંપનીઓ અને ૨૫૦થી વધુ સી.ઇ.ઓ.એ વાયબ્રન્ટ ગુજરાત પરિષદ અને તેના ભાગરૂપે યોજાયેલી ગ્લોબલ સી.ઇ.ઓ.કોન્કલેવ અને ગ્લોબલ ટ્રેડ શોમાં ભાગ લીધો હતો. વાયબ્રન્ટ ગુજરાત પરિષદમાં ૧૪ જેટલા કન્ટ્રી સેમિનાર અને સ્ટેટ સેમિનાર યોજાયા હતા. જેમાં ગુજરાતમાં રોકાણ માટે ઉત્સાહ જોવા મળ્યો હતો.

**કન્ટ્રી સેમિનાર યુ.કે.**

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકારોની પરિષદ ૨૦૧૫ દરમિયાન વિવિધ દેશોના કન્ટ્રી સેમિનાર યોજાયા હતા. જેમાં યુ.કે. સેમિનારમાં ભારત અને ઈંગ્લેન્ડ સરકારના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદમાં યુ.કે.ના નાયબ ઉચ્ચાયુકત શ્રી કુમાર ઐયરે ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓ માટે પાસપોર્ટ – વિઝાની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. યુ.કે.માં વસતા ૧૫ લાખ ભારતીય

પરિવારોમાંથી સાડા સાત લાખ ગુજરાતીઓ હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, હવે યુ.કે.નું નાગરિકત્વ ધરાવતા ભારતીયોને યુ.કે. સરકારમાં સ્થાન મળી રહ્યું છે. ઈંગ્લેન્ડના લોર્ડ કરન બિલીમોરીયાએ વૈશ્વિક સ્તરે ભારત સ્માર્ટ પાવર તરીકે ઉભરી રહ્યો હોવાનું જણાવી બંને દેશોમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન અપાતું હોવાનું જણાવ્યું હતું. ભારત ખાતેના ઈંગ્લેન્ડના ઉચ્ચાયુક્ત શ્રી લેવિંગ્ટને આ પરિસંવાદથી ભારત અને ઈંગ્લેન્ડના સંબંધોને વધુ મજબૂતિ મળવાની આશા દર્શાવી હતી.

**કન્ટ્રી સેમિનાર અમેરિકા**

કન્ટ્રી સેમિનારમાં ભારત અને અમેરિકાના પરિસંવાદમાં અમેરિકાની સૂર્યઊર્જા કંપની કોન્વોલ્ટ એનર્જી અને કર્ણાટક સરકાર વચ્ચેના સમજૂતિ કરાર મહત્વની સફળતા છે. અમેરિકાના આઈ.બી.સી.ના અધ્યક્ષ અને પ્રમુખશ્રી અજય બંગાએ આ પરિસંવાદથી બંને દેશોના વ્યાપારિક સંબંધોનો વિકાસ થશે તેમ જણાવ્યું હતું. ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપારીક ભાગીદારી ઉપર બોલતાં અમેરિકાના કોમર્સ ફોર ગ્લોબલ માર્કેટના સહાયક સચિવશ્રી અરૂણકુમારે ગુજરાત મોડેલથી રાજ્યમાં વિવિધ ક્ષેત્રે રોકાણ વધશે અને વિકાસ તેમજ રોજગારની તકોને વેગ મળશે તેમ જણાવ્યું હતું.

**કન્ટ્રી સેમિનાર સિંગાપુર**

વાયબ્રન્ટ ગુજરાતમાં સૌપ્રથમ વખત ભાગીદાર દેશ બનેલા સિંગાપુરે ગુજરાતમાં વ્યાપાર ઉદ્યોગક્ષેત્રે રહેલી તકો અંગે ખુશીની લાગણી વ્યકત કરી હતી. સિંગાપુરની એસેન્ડસ સર્વિસીઝ ઈન્ડિયાના સી.ઈ.ઓ. લી ફૂ ન્યાપેએ




**સાતમી વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકારોની પરિષદના ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સહિત મહાનુભાવો દષ્ટિગોચર થાય છે.**

ગુજરાત સાથે વ્યાપક વ્યાપારી સંબંધો સ્થાપવા માટે તત્પરતા દર્શાવી હતી. ભારત અને સિંગાપુરના વ્યાપાર ઉદ્યોગના ટોચના નેતાઓની ઉપસ્થિતિ વચ્ચે અનેક મહાનુભાવોએ ગુજરાતમાં જમીન, શ્રમશક્તિ, ટેકનોલોજી અને સહયોગ હોવાનું જણાવી રોકાણ અને વ્યાપાર માટે ગુજરાતને આકર્ષક સ્થળ ગણાવ્યું હતું.

**કન્ટ્રી સેમિનાર નેધરલેન્ડ**

નેધરલેન્ડના વાઈસ મિનિસ્ટ્રી ઓફ ફોરેન ટ્રેડ શ્રી સીમોન સ્મિથના અધ્યક્ષ સ્થાને કન્ટ્રી સેમિનાર યોજાયો હતો. જેમાં આર્થિક ઉદારીકરણના નવા યુગમાં ભારત અને નેધરલેન્ડ વચ્ચે વધુ આર્થિક સહયોગ ઉપર ભાર મૂક્યો હતો. શ્રી સ્મિથે જણાવ્યું હતું કે, વિશ્વનું અર્થતંત્ર આગામી સમયમાં એશિયામાં સ્થળાંતરિત થઈ રહ્યું છે તેમાં ભારતની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. ભારત દ્વારા યુરોપમાં નિકાસ માટે નેધરલેન્ડની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવતાં લોજીસ્ટીક સપોર્ટ, ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક તેમજ સંશોધન અને વિકાસને તેમણે ચાવીરૂપ ગણાવ્યા હતા.

**કન્ટ્રી સેમિનાર કેનેડા**

વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૧૫ અંતર્ગત કેનેડાના કન્ટ્રી સેમિનારમાં ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ જી.આઈ.ડી.બી. અને કેનેડાની સ્ટેન્ટેક કંપની વચ્ચે સમજૂતિ કરારો થયા હતા. જેનાથી બંને દેશો વચ્ચે અન્ન, સુરક્ષા, ઉર્જા, સંવર્ધન, શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન મળશે. આ સેમિનારમાં કેનેડાની ટેકનોલોજી ટ્રાએન્ગલના સી.ઈ.ઓ.એ આધુનિક ટેકનોલોજીના વિનિયોગ અને આગોતરા આયોજનથી સ્માર્ટ સિટીના નિર્માણનો ચિતાર રજૂ કર્યો હતો.

**કન્ટ્રી સેમિનાર ઓસ્ટ્રેલિયા**

વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫માં ૪૫૦ પ્રતિનિધિઓ સાથેનું ઓસ્ટ્રેલિયાનું

પ્રતિનિધિમંડળ સૌથી મોટા પ્રતિનિધિમંડળમાંનું એક હતું. ઓસ્ટ્રેલિયાના ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ મિનિસ્ટર શ્રી એન્ડ્રુ રોબે કન્ટ્રી સેમિનારને સંબોધન કરતાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શિક્ષણ, આરોગ્ય, ડિઝાઈન, બાંધકામ, વાહનવ્યવહાર તેમજ પ્રવાસ જેવા ક્ષેત્રોમાં વિપુલ સંભાવનાઓ હોવાનું જણાવ્યું હતું. ભારતમાં કૃષિ અને ડેરીઉદ્યોગ ક્ષેત્રે રોકાણની વ્યાપક તકો હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને ઓસ્ટ્રેલિયાની ન્યુ સાઉથવેલ્સ સરકાર વચ્ચે શિક્ષણ, કૌશલ્ય વિકાસ, શહેરી વિકાસ તેમજ જળ સંરક્ષણ જેવા ક્ષેત્રે સહકાર માટે સમજૂતિ કરારો થયા હતા.

**કન્ટ્રી સેમિનાર જાપાન**

વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ અંતર્ગત કન્ટ્રી સેમિનારમાં આર્થિક સહયોગ માટે ભારત અને જાપાન વચ્ચે અનેક સમજૂતિ કરારો કરવામાં આવ્યા હતા. બંને દેશો વચ્ચે જે ક્ષેત્રોમાં સમજૂતિ કરારો કરવામાં આવ્યા હતા. તેમાં માહિતી ટેકનોલોજી સેવા, વિજાણું સાધનો, ટ્રાફિક નિયંત્રણ, લેસર ટેકનોલોજી શિક્ષણ, આરોગ્ય વગેરેનો સમાવેશ થાય છે.

**કન્ટ્રી સેમિનાર બહેરીન**

મધ્યપૂર્વના દેશો પૈકી વાયબ્રન્ટ ગુજરાત પરિષદમાં ભાગ લેનાર એક માત્ર બહેરીને વ્યાપાર માટે સરળતા, સ્વતંત્રતા અને સક્ષમતાને મહત્વના પરિબળો ગણાવ્યા હતા. બહેરીનના બિઝનેસ ડેવલપમેન્ટના કાર્યકારી નિયામકશ્રી વિવિયન જમાલે જણાવ્યું હતું કે, બહેરીન દરેક ક્ષેત્રે સ્વતંત્રતા આપતો દેશ છે. તેમાં સાંસ્કૃતિક અને ધાર્મિક સ્વતંત્રતા પણ સામેલ છે. બહેરીનમાં કોઈપણ વિદેશી રોકાણકાર કોઈપણ વિસ્તારમાં મિલકત ખરીદી શકે છે. એ જ રીતે બહારની કંપનીઓને સ્થાનિક ભાગીદારની આવશ્યકતા નથી.

**સંરક્ષણ ઉત્પાદન અંગે સેમિનાર**

"સંરક્ષણ સાધનોના ઉત્પાદન માટે પસંદગીનું કેન્દ્ર ગુજરાત" એ વિશેના એક ખાસ સેમિનારને કેન્દ્રીય સંરક્ષણ મંત્રીશ્રી મનોહર પારિકરે ખુલ્લો મૂક્યો હતો. પોતાના સંબોધનમાં શ્રી પારિકરે જણાવ્યું હતું કે, વિશ્વનું ત્રીજા નંબરનું ભારતીય સૈન્ય સંરક્ષણ ખર્ચની દ્રષ્ટિએ વિશ્વમાં આઠમા ક્રમે છે. પ્રધાનમંત્રીના મેઈક ઈન ઈન્ડીયા અભિયાનથી સંરક્ષણ સાધનોના ઉત્પાદનમાં આધુનિકરણ અને સ્પર્ધાત્મકાને વેગ મળશે. તેમ તેમણે જણાવ્યું હતું. સંરક્ષણ સાધનોના ઉત્પાદનક્ષેત્રે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની ગુજરાતમાં શ્રેષ્ઠ તક હોવાનું તેમણે ઉમેર્યું હતું. સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાંતોની ઉપસ્થિતિવાળા આ સેમિનારમાં સંરક્ષણ ક્ષેત્રે ચાર ટેક્ષટાઈલ ક્ષેત્રે ચાર અને કેમિકલ ક્ષેત્રે ત્રણ મળીને કુલ ૧૧ સમજૂતિ કરારો થયા હતા.

**ખાદ્ય પ્રક્રિયા અંગે સેમિનાર**

વાયબ્રન્ટ ગુજરાત પરિષદમાં "ઈનોવેશન એન્ડ ટેકનોલોજી ઈન ફુડ પ્રોસેસીંગ ફોર સસ્ટેઈનિંગ ફૂડ સિક્યોરિટી" વિશેના સેમિનારને કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગમંત્રી શ્રીમતી હરસીમરત કૌરે ખુલ્લો મૂક્યો હતો. સેમિનારને સંબોધન કરતાં તેમણે જણાવ્યું હતું કે, ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગનો વ્યાપ વધવાથી રોજગારની તકો વધશે. ફૂગાવો ઘટશે અને ખેડૂતો સમૃદ્ધ બનશે. દેશ વિદેશના નિષ્ણાંતોએ આ સેમિનારમાં કૃષિક્ષેત્રે ગુજરાતની પ્રગતિને બિરદાવી હતી. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રે ૧૨ જેટલા સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરાયા હતા.

**કલાઈમેટ ચેન્જ સેમિનાર**

વાયબ્રન્ટ ગુજરાત પરિષદમાં "જળવ્યવસ્થાપન, કલાઈમેટ ચેન્જ અને સાતત્યપૂર્ણ વિકાસ" વિષય ઉપરના પરિસંવાદને કલાઈમેટ ચેન્જ વિભાગના કેન્દ્રીયમંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે ખુલ્લો મૂક્યો હતો. ઉદ્‌ઘાટન સંબોધનમાં મંત્રીશ્રી જાવડેકરે જળસંસાધનોના સમૂચિત ઉપયોગ અને જાળવણી ઉપર ભાર મૂક્યો હતો. જળસંરક્ષણ અને સોલાર એનર્જી ક્ષેત્રે તેમણે ગુજરાતના ઉદાહરણને ઉલ્લેખનીય ગણાવ્યું હતું. જાણીતા પર્યાવરણવિદ ડૉકટર રાજેન્દ્ર પચોરીએ પૃથ્વીના વધતા ઉષ્ણતામાનનો ઉલ્લેખ કરીને ગ્લોબલ વોર્મિંગ સામે લોકોમાં જાગૃતિ સર્જવા ઉપર ભાર મૂક્યો હતો. આ સેમિનારમાં રોકાણો માટેના ૧૦ જેટલા સમજૂતિ કરારો ઉપર હસ્તાક્ષર કરાયા હતા.

**ઈનોવેશન્સ અંગે સેમિનાર**

"નાવિન્યપૂર્ણ શોધો – એકવીસમી સદીની જરૂરિયાત" એ વિષય ઉપરના પરિસંવાદને કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીશ્રી વાય.એસ.ચૌધરીએ ખુલ્લો મૂક્યો હતો. તેમણે ૨૧મી સદીની નવીન શોધખોળોને સામાન્ય લોકો સુધી પહોંચાડવા ઉપર ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં કુલ ૬૦ જેટલા સમજૂતિ

કરારો કરવામાં આવ્યા હતા. જેમાં ૪૧ ઉત્પાદકતા અંગેના, ૯ સંશોધન અને વિકાસક્ષેત્રે, ૭ બાયોસર્વિસ અંગે તેમજ ૩ આંતરરાષ્ટ્રીય માળખાકીય ક્ષેત્રના છે. આ સમજૂતિ કરારોથી ૭ હજારથી વધુ રોજગારીની તકોનું સર્જન થશે.

**હેલ્થ ફોર ઓલ સેમિનાર**

વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૧૫ અંતર્ગત " સૌના માટે આરોગ્ય " એ વિષય ઉપર ખાસ પરિસંવાદ યોજાયો હતો. જેને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે. પી. નડ્ડાએ ખૂલ્યો મૂક્યો હતો. આરોગ્ય ક્ષેત્રે ગુજરાત મોડેલને સમગ્ર દેશ અનુસરી રહ્યો હોવાનું જણાવી શ્રી નડ્ડાએ સમાજના છેવાડાના માણસ સુધી શ્રેષ્ઠ આરોગ્ય સેવા પહોંચાડવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તેમણે આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાંતોને દેશની નવી આરોગ્ય નીતિ માટે સૂચનો મોકલવા આહવાન કર્યું હતું. સરકારના ઈન્દ્રધનુષ કાર્યક્રમની વિગતો આપતાં તેમણે સાત નવા રસીકરણ કાર્યક્રમ અમલી બનાવવાની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં આ પરિસંવાદમાં આરોગ્ય ક્ષેત્રે ૧૧ સમજૂતિ કરારો કરવામાં આવ્યા હતા.

**નાણાકીય ક્ષેત્ર અંગે સેમિનાર**

કેન્દ્રીય નાણામંત્રી શ્રી અરૂણ જેટલીએ "ભવિષ્યના વિકાસ માટે નાણાંની જરૂરિયાત" વિષય ઉપરના પરિસંવાદને ખૂલ્લો મુકતા દેશની નવી સરકારની ઝડપી નિર્ણય શક્તિથી વિશ્વના રોકાણકારો ભારત તરફ આકર્ષાયા હોવાનું જણાવ્યું હતું. ચંદીગઢ અને ગાંધીનગરનો ઉલ્લેખ કરતાં શ્રી જેટલીએ દેશમાં ૧૦૦ સ્માર્ટ સિટી નિર્માણની જાહેરાત કરી હતી. ગાંધીનગરના ગિફ્ટ સીટી દ્વારા ગુજરાત દેશનું નાણાકીય કેન્દ્ર બનશે, તેમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને શ્રી જેટલીની ઉપસ્થિતિમાં આ સેમિનારમાં નાણાકીય ક્ષેત્રે ૧૨ જેટલા સમજૂતિ કરારો કરવામાં આવ્યા હતા.

**લઘુ અને મધ્યમ ઉદ્યોગ – સેમિનાર**

વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે ૮૦ કરોડ રૂપિયાના રોકાણ માટે નવ ઉદ્યોગકારો સાથે સમજૂતિ કરારો થયા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં આ સમજૂતિ કરારો થયા હતા. સેમિનાર દરમિયાન ચાઈના એસોસિએશન ઓફ સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ દ્વારા ગુજરાતમાં દોઢ અબજ ડોલરના રોકાણ સાથે ટેક્સાઈલ પાર્ક અને ફાર્માસ્યુટીક્લ પાર્ક સ્થાપવાના કરારો થયા હતા. આ સેમિનારને સંબોધન કરતાં કેન્દ્રના સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગ વિભાગના મંત્રી શ્રી ગિરિરાજ સિંઘે દેશના કુલ વિકાસમાં નાના અને મધ્ય ઉદ્યોગોનો હિસ્સો ૪૦ ટકા હોવાનું જણાવી રોજગારી નિર્માણમાં આ ક્ષેત્રની ઉપયોગીતા મહત્વપૂર્ણ ગણાવી હતી.

**સેવા ક્ષેત્રે – સેમિનાર**

કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સીબીલીટી એટલે કે ઉદ્યોગ ગૃહોની સામાજિક જવાબદારી અંગેના આ પરિસંવાદને કેન્દ્રીય નાણામંત્રી શ્રી અરૂણ જેટલીએ ખૂલ્લો મૂક્યો હતો. તેમણે દરીદ્રનારાયણની સેવાને ભારતીય સંસ્કૃતિની પરંપરા ગણાવી હતી અને દેશમાં ૧૦૦ ટકા શૌચાલયોના લક્ષ્યાંકમાં વેપાર ઉદ્યોગ જગતને આગળ આવવા જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં સામાજિક દાયિત્વ નિભાવ ક્ષેત્રે – ૮ જેટલા સમજૂતી કરારો કરવામાં આવ્યા હતા.

**સ્માર્ટ સિટી – સેમિનાર**

વાયબ્રન્ટ ગુજરાત પરિષદમાં "ભાવિ પેઢી માટે સ્માર્ટ સિટી" એ વિષય ઉપરના પરિસંવાદને કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી શ્રી વેંકૈયા નાયડુએ ખૂલ્લો મૂક્યો હતો. ગુજરાતના ધોલેરા ખાતેના દેશના સૌપ્રથમ સ્માર્ટ સિટીના વિકાસનો ઉલ્લેખ કરતાં શ્રી નાયડુએ સંકલ્પને સાકાર કરવા, રોકાણકારોને આગળ આવવા જણાવ્યું હતું. તેમણે દેશના આર્થિક વિકાસમાં શહેરોનું યોગદાન ૬૩ ટકાથી વધુ હોવાનું જણાવી સ્માર્ટ સિટીના નિર્માણમાં આ પરિબળને મહત્વપૂર્ણ ગણાવ્યું હતું.

**ટકાઉ ઊર્જા અંગે સેમિનાર**

વાયબ્રન્ટ ગુજરાત પરિષદમાં તમામ માટે ટકાઉ ઊર્જા વિષયક પરિસંવાદમાં ઊર્જાની સતત વધતી આવશ્યક્તાઓ અને પર્યાવરણના પડકારો ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. ગુજરાતના નાણા અને ઊર્જામંત્રી શ્રી સૌરભ પટેલે પરિસંવાદની ભૂમિકા આપતાં તેનું મહત્વ સમજાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ટકાઉ ઊર્જા ક્ષેત્ર ચાર મહત્વપૂર્ણ સમજૂતિ કરારો થયા હતા. જેમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ સાથે વ્યૂહાત્મક ભાગીદારી, ભરૂચમાં બે હજાર મેગાવોટના કોલસા આધારિત વીજમથક, જી.એસ.પી.સી. સાથે ગેસ વિતરણ, નેટવર્ક સ્થાપવા તેમજ પાટણ જિલ્લામાં ૫૧ મેગાવોટના સોલાર પાર્કનો સમાવેશ થાય છે.

## ૧૩મા પ્રવાસી ભારતીય દિવસની સીમાચિન્હોરૂપ સફળતાઓ

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગઈ ૭થી ૯ જાન્યુઆરી દરમિયાન યોજાઈ ગયેલો ૧૩મો પ્રવાસી ભારતીય દિવસ અનેક રીતે સફળ રહ્યો છે. ભારતીય મૂળના વિદેશી લોકોની મોટી સંખ્યામાં ભાગીદારી માટે આ કાર્યક્રમ સીમાચિન્હ રૂપ બની રહ્યો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રિકાથી ભારતમાં પાછા ફરવાના દિવસ ૯મી જાન્યુઆરીએ ઉજવાતાં પ્રવાસી ભારતીય દિવસમાં આ વખતે મહાત્મા ગાંધીના ભારતમાં પુનરાગમનની ૧૦૦મી વર્ષ ગાંઠની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગરમાં યોજાયેલા ૧૩મા પ્રવાસી ભારતીય દિવસમાં ગુજરાત ભાગીદાર રાજ્ય હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૮મી જાન્યુઆરીએ પ્રવાસી ભારતીય દિવસને ખૂલ્લો મૂકતાં વિશ્વભરમાં ફેલાયેલા ભારતીય મૂળના લોકોને દેશના વિકાસમાં ભાગીદાર બનવા અનુરોધ કર્યો હતો. પોતાના ઉદ્‌ઘાટન સંબોધનમાં પ્રધાનમંત્રીએ જે મહત્વપૂર્ણ જાહેરાતો કરી તેમાં પી.આઈ.ઓ અને ઓ.સી.આઈ.કાર્ડને એક કરી દેવા, ભારતની મુલાકાત દરમિયાન પી.આઈ.ઓ. કાર્ડ ધારકોને અઠવાડિયામાં એક વખત પોલિસ સ્ટેશન જવામાંથી મુક્તિ વગેરે મુખ્ય છે. પ્રધાનમંત્રીએ વિદેશમાં વસતા ભારતીય મૂળના લોકોને દેશની મહાન મૂડી ગણાવી ૨૦૦થી વધુ દેશોમાં રહેતા ભારતીય સમુદાયના અઢી કરોડ લોકોને દેશના વિકાસમાં ભાગીદાર બનવા આહવાન કર્યું હતું.

પ્રવાસી ભારતીય દિવસના ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફરવાની સુવર્ણ જયંતિ નિમિત્તે વિશેષ ટપાલ ટિકિટ અને વિશેષ ચલણી સિક્કા બહાર પાડવામાં આવ્યા હતા. ઉદ્‌ઘાટન સમારોહમાં અન્ય મહાનુભાવોની સાથે મુખ્ય મહેમાન ગયાનાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ આર. રામોતરે પણ સંબોધન કર્યું હતું.

ઉદ્‌ઘાટન સમારોહ પછીના પ્રારંભિક સત્રમાં "ભારતમાં તકો" એ વિશે ખાસ પરિસંવાદનું આયોજન થયું હતું, જેમાં નમામી ગંગે, સ્માર્ટ સીટી અને શહેરી આયોજન, કૌશલ્ય વિકાસ તેમજ પ્રવાસન વિકાસ જેવા નવા કાર્યક્રમો ઉપર વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

બીજા સત્રમાં ભારતીય મૂળના વિશિષ્ટ સિધ્ધિ મેળવનારા મહાનુભાવો સાથે ગોષ્ઠીનું આયોજન થયું હતું. જ્યારે અંતિમ સત્ર ભારતના વૈશ્વિક સંબંધો ઉપર હતું. આ ઉપરાંત વિતેલી શતાબ્દીમાં મહાત્મા ગાંધીના વિચારોની પ્રાસંગિકતા ઉપર પણ ખાસ પરિસંવાદ યોજાયો હતો.

૧૩મા પ્રવાસી ભારતીય દિવસના અંતિમ દિવસે સમાપન સમારોહ ઉપરાષ્ટ્રપતિ શ્રી મોહમદ હામિદ અન્સારીના મુખ્ય મહેમાન પદે યોજાયો હતો. જેમાં વિવિધ ક્ષેત્રે ઉલ્લેખનીય અને મહત્વપૂર્ણ પ્રદાન કરનાર ભારતીય મૂળના વિદેશી નાગરિકો તેમજ બિન નિવાસી ભારતીયને પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.



**ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી પ્રસંગે પ્રવાસી ભારતીયોને એવોર્ડ અર્પણ કરતા ઉપરાષ્ટ્રપતિ શ્રી મોહંમદ હામીદ અન્સારી.**

આ પુરસ્કાર પ્રાપ્ત કરનાર મહાનુભાવોમાં ભારતીય મૂળના લોકો માટે ગયાનામાં ઉલ્લેખનીય પ્રદાન કરનાર ગયાનાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ આર. રામોતર, ઓસ્ટ્રેલિયામાં હિન્દી ભાષા માટે કાર્ય કરનાર માલા મહેતા, ભારતમાં જન્મેલા મેક્સિકોના વૈજ્ઞાનિક ડોક્ટર રાજારામ સંજય, ન્યૂઝીલેન્ડના સંસદ સભ્ય શ્રી કંવલજીત સિંઘ બક્ષી, રાજમલ પારેખ, દુરાઈકાનું કરૂણાકરન, ભરત કુમાર જયંતિલાલ શાહ, અશરફ પલ્લાર કુનુમલ, યુગાન્ડાના વ્યાપારી મહેન્દ્ર નાનજી મહેતા, ભારતીય મૂળના માઈક્રો સોફ્ટના સીઈઓ સત્ય નડેલા, પ્રોફેસર નથુરામ પુરી, ડોક્ટર નંદીની ટંડન, ડોક્ટર કમલેશ લુલા, તેમજ શ્રી રાજ લૂમ્બા અને બરોન લૂમ્બાનો સમાવેશ થાય છે. સમાપન સમારોહ પહેલા વિવિધ સત્રનું આયોજન થયું હતું. જેમાં મુખ્યમંત્રીઓના સત્રમાં રાજયમાં રોકાણની તકો, અખાતના દેશોમાં શ્રમ અને રોજગારના પ્રશ્નો તેમજ ભારતીય મૂળના લોકોના સંગઠનોની ભૂમિકા વગેરેનો સમાવેશ થાય છે.

**લેખકશ્રી આકાશવાણી, અમદાવાદ ખાતે સમાચાર વિભાગમાં સંવાદદાતા છે.**

# સ્પષ્ટ જનાદેશ અને સમવાયતંત્ર

• ડૉ. પી. એસ. હિરાણી •

વિશ્વના સૌથી મોટા લોકશાહી રાજ્યતંત્રમાં ભારતનું નામ છે. ભારતમાં સમવાયતંત્રી લોકશાહી છે. સમવાયતંત્ર બંધારણમાં જ સ્પષ્ટ રીતે સામેલ કરવામાં આવેલ છે. બંધારણના ઘડવૈયાઓની દૂરંદેશિતા સમવાયતંત્રની જોગવાઈમાં પ્રતિબિંબિત થાય છે. રાષ્ટ્રની અખંડિતતા અને ઐકતાની સુરક્ષા અને પ્રત્યેક ભારતીયનું ગૌરવ બંને અહીં સ્પષ્ટ જોવા મળે છે. બંધારણમાં ત્રિસ્તરીય જોગવાઈ છે. સમગ્ર રાષ્ટ્રને એક તાંતણે બાંધી રાખવા માટે કેન્દ્ર સરકાર પ્રત્યેક પ્રાંતોને સ્વઓળખ અને સ્વગૌરવ માટે પ્રાંતીય સરકાર તથા કેન્દ્રશાસિત પ્રદેશો, વિકાસની વ્યૂહરચના તરીકે બંધારણમાં કેટલાક વિષયો જેવા કે સંરક્ષણ, વિદેશ, અણુઊર્જાને સ્પષ્ટ રીતે કેન્દ્રની યાદીમાં દર્શાવેલા છે. પ્રાંત હસ્તક ગૃહ, નાણું, વ્યાપાર, કૃષિ વગેરેની જોગવાઈ છે તો કેટલાક વિષયોના નિર્ણયો માટે રાજ્ય તથા કેન્દ્રની સંયુક્ત જવાબદારી નિર્ધારિત કરવામાં આવેલ છે. કેન્દ્ર દ્વારા લેવાતા નિર્ણયોની પરિપક્વતાને ધ્યાનમાં લઈ સંસદના પણ બંને ગૃહોની રચના કરવામાં આવી છે. નીચલા ગૃહમાં જનતા દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓ નિર્ણાયક ભૂમિકા ભજવે છે તો ઉપલા ગૃહમાં પ્રાંતોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા ચૂંટણીથી નિર્ધારિત સદસ્યો પ્રતિનિધિત્વ કરે છે.

સમવાયતંત્રની લોકશાહી - સંસદીય લોકશાહી છે, અમેરિકાની માફક પ્રમુખશાહી પદ્ધતિ નથી. આ સંજોગોમાં સંસદ વિશેષ મહત્ત્વની બને છે. ભારતીય લોકશાહીમાં સમવાયતંત્રના ભાગરૂપે રાજનીતિનું મહત્ત્વ વિશેષ એટલા માટે છે કે માત્ર કેન્દ્રની સર્વોપરિતા મહત્ત્વ ધરાવતી નથી. કેન્દ્ર સરકારની મજબૂતાઈનો આધાર કેવળ નીચલા ગૃહ ઉપર નહિ પરંતુ ઉપલા ગૃહ ઉપર પણ છે. લોકશાહી પ્રક્રિયા પ્રમાણે રાજ્યોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા ઉપલા ગૃહના પ્રતિનિધિઓની ચૂંટણી થાય છે તેથી રાજનીતિના સંદર્ભે રાજ્યોમાં કઈ વિચારધારા બહુમત પ્રસ્થાપિત કરે છે તે અને તેની સાથોસાથ કેન્દ્રમાં એટલે કે સંસદના નીચલા ગૃહમાં કઈ વિચારધારા બહુમત પ્રસ્થાપિત કરે છે તે બંનેનું મહત્ત્વ છે. ભારતીય લોકશાહીના ઈતિહાસમાં ૧૯૯૫ પછી એક એવો તબક્કો આવ્યો જેમાં રાષ્ટ્રીય કક્ષાએ પણ 'મિશ્ર સરકાર'ની રચના થઈ.

૧૯૫૧ થી ૧૯૯૦ સુધીના સમયગાળા દરમિયાન મોટેભાગે ભારતીય સંસદમાં સ્પષ્ટ બહુમતીથી શાસન ચાલતું હતું. રાષ્ટ્રીય પક્ષોની જ બોલબાલા હતી. જેના કારણે નીતિવિષયક નિર્ણયોમાં પ્રદેશવાદનો ઓછાયો ભાગ્યે જ જોવા મળતો હતો. બહુમતીથી લેવાતા તત્કાલીન નિર્ણયો સર્વમાન્ય ન હતા પરંતુ તે નિર્ણયોથી પ્રાદેશિક અસમતુલા પક્ષાપક્ષી - ઓછી જોવા મળતી હતી. ૧૯૮૪ પછી લોકશાહી કસોટીના એરણે ચઢી જે તે રાજ્યોમાં વિધાનસભાઓમાં રાષ્ટ્રીય ફલક ધરાવતા પક્ષો નબળા પડતા ગયા. દક્ષિણ ભારતમાં લાંબા સમયથી આ પ્રતિબિંબિત થતું હતું. તામિલનાડુ પછી આંધ્ર પ્રદેશમાં પ્રાદેશિક પક્ષોએ માથું ઊંચક્યું. લોકશાહી રાજ્યતંત્રમાં સ્વતંત્ર વિચારધારા આધારિત રાજકીય પક્ષો આવકાર્ય છે, આવશ્યક પણ છે. લોકશાહીની મજબૂતાઈ માટે 'મતમતાંતર' જરૂરી પણ છે, નિર્ભય રીતે વિકાસલક્ષી વિચારધારાને વરેલા રાજકીય પક્ષો પોતાનું ફલક વિસ્તારે, સામર્થ્ય વધારે તે પણ આવશ્યક છે, પરંતુ 'રાષ્ટ્ર'માં લગીર પણ મૂળિયા ન હોય અને પ્રાદેશિકતાની લાગણીને બહેકાવીને આકાર પામતા રાજકીય પક્ષોની બોલબાલા સમવાયતંત્રની રાજનીતિ માટે ઘાતક છે, ભયજનક છે.

સંયુક્ત કુટુંબમાં સંયુક્તપણું ટકાવી રાખવા માટે 'વડિલો'ની મક્કમતા, ધીરજ અને શાણપણ અનિવાર્ય છે. વર્તમાન સમાજરચનામાં વિભક્ત રહીને પણ સંયુક્તપણે જવાબદારીનું વહન થતું હોય તેમ જોવા મળે છે, પરંતુ ભારતની લોકશાહીમાં મક્કમ, શાણપણ ધરાવતા કેન્દ્રીય નેતૃત્વના અભાવે છૂટાછવાયા

ગણાતા પ્રાદેશિક પક્ષોએ સ્વાર્થની રાજનીતિથી સમવાયતંત્રને પડકાર કર્યો. સંસદમાં માત્ર પાંચ-સાતની સંખ્યા ધરાવતા પ્રાદેશિક પક્ષો નિરપેક્ષ કે નિસ્પૃહી રીતે નહિ, પરંતુ સાપેક્ષ રીતે સ્વાર્થથી સહભાગી થાય, પ્રદેશની મજબૂતાઈ માટે, સ્વાર્થની રાજનીતિને પોષવા માટે સમવાયતંત્રમાં વિક્ષેપ ઊભો કરે, લોકશાહીની તંદુરસ્તી જોખમાવે, તે પ્રકારની હરકતોએ ભારતની સમવાયતંત્રી લોકશાહીને બટ્ટો લાગ્યો.

સમવાયતંત્રની રાજનીતિમાં આંતરિક સમજૂતિ, પ્રાદેશિક સમતુલા વિશેષ કાળજી માંગી લે છે. ભારતીય મતદારોની કસોટી પણ અહીં છે. ગરીબી, બેરોજગારી, મોંઘવારી જેવી આર્થિક સમસ્યાઓ, સાંસ્કૃતિક ભિન્નતા, સામાજિક પરંપરાઓમાં અલગતા આ બધા પરિબળો ભેગા થાય ત્યારે 'ચૂંટણી' પ્રજાતંત્રની આકરી કસોટી બને છે. એક તબક્કે ભારતમાં પ્રદેશોનું જનમાનસ પણ જાણ્યે-અજાણ્યે અલગતાવાદી બનતું ગયું. ચૂંટણીપ્રચારની પ્રક્રિયામાં, શાસકીય નીતિમાં પણ પ્રાદેશિકતાને પ્રોત્સાહન મળે તેની કાળજી લેવામાં આવતી હતી. કેન્દ્રની નબળી સ્થિતિ - મર્યાદાનો ગેરલાભ ઉઠાવતા પ્રદેશવાદના તત્ત્વોને વિવિધ પ્રાંતોમાં જનસમર્થન મળતું ગયું. તામિલનાડુનો પવન ઉત્તરના ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ જેવા પ્રાંતોમાં ફૂંકાવા લાગ્યો. એકંદરે સમવાયતંત્ર નબળું પડતું જતું હતું. રાજનીતિમાં સમવાયતંત્રની લોકશાહી મજબૂત તો જ બને જો 'રાષ્ટ્રીય પક્ષો'નું પ્રભુત્વ પ્રસ્થાપિત થાય.

ભારતીય લોકશાહીમાં ૨૫ વર્ષ બાદ સૌપ્રથમ વખત સંસદમાં રાષ્ટ્રીય પક્ષને સ્પષ્ટ જનાદેશ પ્રાપ્ત થયો. ૨૦૧૪નો રાષ્ટ્રીય પક્ષ માટેનો સ્પષ્ટ જનાદેશ સમવાયતંત્રી લોકશાહી - સમવાયી રાજનીતિના ઊજળા સંકેત સમાન છે. સમવાયતંત્રી રાજનીતિમાં રાષ્ટ્રીય અખંડિતતા અકબંધ રહે અને સાથોસાથ વિકેન્દ્રીત વહીવટથી પ્રાદેશિક વિશ્વસનિયતાનો અભિગમ આગામી વર્ષોમાં સમવાયતંત્રની રાજનીતિના ઉદાત્ત અભિગમને પ્રસ્થાપિત કરશે તેવા સંકેત અત્યારે સાંપડતા રહ્યા છે. સમવાયતંત્રી રાજનીતિનો મૂળ ઉદ્દેશ કેન્દ્ર અને પ્રાંતો વચ્ચેની સમતુલા વધે, ભિન્ન પ્રાંતો વચ્ચે સમતુલા વધે, પ્રાપ્ય આર્થિક સાધનોની વહેંચણીમાં વિસંગતતા ન થાય, વિકેન્દ્રીકરણ થકી સંસદીય લોકશાહીની ગરિમા વધે તેવો છે. આ માટેનું પ્રથમ સોપાન સિદ્ધ થયું છે. રાષ્ટ્રીય પક્ષમાં સ્વાભાવિક રીતે જ પ્રાંતોના સંઘબળનું સમતુલિત મિશ્રણ હોય છે. રાષ્ટ્રીય પક્ષોનું નીતિવિષયક ફલક મર્યાદિત રહી શકતું નથી.

નવા પ્રાંતોની રચના કરવા માટે કે તેનો વિરોધ કરવા માટે 'વિભાજન'નો ઉદ્દેશ હોય, સગવડીયો સ્વાર્થ હોય તો તે પણ સમવાયતંત્રને પડકાર છે, સંસાધનોની તંદુરસ્ત ન્યાયી વહેંચણી માટે જે વિભાજન કરવામાં આવે તે લાંબાગાળે ન્યાયી સમાજરચનાનો માર્ગ મોકળો કરે છે.

સમવાયતંત્રી રાજનીતિનો અર્થ સંકુચિત પણ નથી કરવાનો. રાષ્ટ્રમાં એટલે કે કેન્દ્રમાં પક્ષને બહુમત પ્રાપ્ત થાય, જનાદેશ પ્રાપ્ત થાય તે જ પક્ષ ભારતના બધા રાજ્યોમાં હોય તેવો અર્થ તે સંકુચિત છે. સમવાયતંત્રી રાજનીતિમાં 'સમવાયીપણું' મહત્ત્વનો મુદ્દો બને છે. રાષ્ટ્રીય ફલક ઉપર પ્રસ્થાપિત વિચારધારા ધરાવતો પક્ષ કેન્દ્રમાં હોય અને રાજ્યોમાં પણ 'રાષ્ટ્રીયતા'ને સમર્થન આપતા પક્ષો હશે તો તે સમવાયતંત્રી રાજનીતિનું સૂચક મહત્ત્વ સૂચવે છે.

બ્રિટનમાં પરંપરાગત બે જ પક્ષો વચ્ચે ચૂંટણી થાય છે. અમેરિકામાં પણ તેમજ થાય છે. આમ ઘણા બધા પક્ષો કરતા રાષ્ટ્રીય સુગ્રથન ધરાવતા રાજકીય પક્ષોનું ચલણ ભારતીય સમવાયતંત્રની લોકશાહી માટે મહત્ત્વનો મુદ્દો બનેલ છે. ૨૦૧૪ના જનાદેશ પછી પ્રાંતોમાં પણ આ પ્રવાહ શરૂ થયો છે. લાંબાગાળા સુધી રાષ્ટ્રીય પક્ષોનું ચલણ જળવાઈ રહે તો સમવાયતંત્રી રાજનીતિના મૂળિયા મજબૂત થશે. કયો પક્ષ છે તે કરતાં તે પક્ષનું ફલક, દૃષ્ટિ, અભિગમ કેટલો ઉદાત્ત છે તે મહત્ત્વનું છે. આપણા દેશમાં નદીઓના જળનો પ્રશ્ન, વીજપ્રાપ્યતાનો પ્રશ્ન, યોજનાકીય સાધનોની ફાળવણીનો પ્રશ્ન, આતંકવાદનો પ્રશ્ન વગેરે માટે સમવાયતંત્રી રાજનીતિમાં સુગ્રથન, સંકલન અને સમરસતા જરૂરી છે અને આ સિદ્ધ કરવા માટે રાષ્ટ્રીય પક્ષોના મૂળિયા ઊંડા જાય, મજબૂત થાય તે જરૂરી છે.

**લેખક કચ્છ યુનિવર્સિટી, ભૂજમાં એસોસિએટ પ્રોફેસર છે.**

# સમવાયતંત્ર અને કેન્દ્ર-રાજ્યો વચ્ચેના નાણાકીય સંબંધો

• કિશોર વી. ગજેરા •

**કો**ઈ પણ દેશમાં રચવામાં આવતી સરકારના સ્વરૂપને આધારે તેને બે વિભાગોમાં વિભાજિત કરી શકાય. એક તંત્રીય સરકાર અને સમવાયતંત્રીય સરકાર. જેમાં કેન્દ્ર સરકાર હસ્તક બધી જ સત્તા પ્રાપ્ત થયેલી હોય અને સ્થાનિક સરકાર કેન્દ્ર સરકારની પ્રતિનિધિ તરીકે કામ કરતી હોય તેને એકતંત્રીય સરકાર કહેવામાં આવે છે. ઈંગ્લૅન્ડ, ફ્રાન્સ, જર્મની, ઑસ્ટ્રેલિયા અને સ્વિટ્ઝરલૅન્ડ અને એશિયાના ઘણાં દેશોમાં એકતંત્રીય પ્રકારની સરકારો જોવા મળે છે. જે વ્યવસ્થામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે સમાન રીતે સત્તાની વહેંચણી કરવામાં આવે છે તેને સમવાયતંત્રીય સરકાર કહેવામાં આવે છે. અમેરિકા, કેનેડા, ભારત વગેરે દેશોમાં સમવાયતંત્રી વ્યવસ્થા જોવા મળે છે. ભારતમાં બ્રિટિશ અમલ દરમિયાન યોજાયેલી ગોળમેજી પરિષદમાં સમવાયીતંત્રની વ્યવસ્થા વિશે સૌપ્રથમ ચર્ચા થયેલી હતી. પરિણામે ૧૯૩૫ના કાયદાથી ભારતમાં સમવાયીતંત્રની સ્થાપના કરવામાં આવી. ભારતમાં સમવાયી એટલે કે રાષ્ટ્ર અને રાજ્ય એમ બે કક્ષાની સરકાર છે. રાષ્ટ્રકક્ષાની સરકારને 'કેન્દ્ર કે સંઘ સરકાર' કહે છે, તે સમગ્ર ભારતનો વહીવટ કરે છે. રાજ્ય કક્ષાએ વહીવટ કરતી સરકારને 'રાજ્ય સરકાર' કહેવામાં આવે છે.

પ્રાંતીય સ્વાયત્તતા વ્યવહારમાં અમલી બને તે માટે ૧૯૩૫ના કાયદામાં નાણાકીય સત્તાનું પ્રાંતો અને કેન્દ્ર વચ્ચે વિભાજન કરવામાં આવ્યું. પ્રાંતોને આપવાના હિસ્સાની વહેંચણી અંગે તેમજ સૈદ્ધાંતિક વિચારણાનો અમલ કરવામાં કેન્દ્રને મુશ્કેલી ન પડે તે હેતુથી હિન્દીવજીરે બ્રિટનનાં નાણાંખાતાના નિષ્ણાત સર ઑટો નિમિયરની આ અંગે સૂચનો કરવા નિમણૂક કરી હતી. સર ઑટો નિમિયરે ૧૯૩૭માં પોતાની ભલામણો તૈયાર કરી ભારત સરકારને સુપરત કરી હતી. બ્રિટિશ સરકારે સર ઑટો નિમિયરની ભલામણોનો સ્વીકાર કર્યો હતો. ભારત આઝાદ થયું ત્યાં સુધી નજીવા સુધારા સાથે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાંની વહેંચણીની વ્યવસ્થા ચાલુ રહી હતી.

આઝાદી બાદ દેશના ભાગલાને પરિણામે ઉદ્ભવેલી વિશિષ્ટ પરિસ્થિતિના સંદર્ભમાં ૧૯૪૮માં સરકારે શ્રી એસ. આર. સરકારના અધ્યક્ષપણા નીચે એક સમિતિની રચના કરી હતી. આ સમિતિની ભલામણ અનુસાર આવકવેરામાં રાજ્યોનો હિસ્સો ૫૦ ટકાથી વધારી ૬૦ ટકા કરવાની ભલામણ કરી હતી. કેટલાંક રાજ્યોએ આ ભલામણ સામે પોતાની નાપસંદગી દર્શાવતા સરકારે આ ભલામણનો અસ્વીકાર કર્યો હતો.

૧૯૪૯માં સરકારે એ વખતના રિઝર્વ બેંકના ગવર્નર શ્રી ચિંતામણી દેશમુખના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની રચના કરી. દેશમુખ સમિતિની ભલામણથી ઘણા રાજ્યોને આવકવેરામાંથી મળતો હિસ્સો વધારી આપવામાં આવ્યો હતો. ૧૯૫૦થી ભારતમાં નવું બંધારણ અમલમાં આવ્યું છે. આપણા બંધારણમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના અન્ય સંબંધોની માફક નાણાકીય સંબંધોની સ્પષ્ટતા બંધારણની કલમ ૨૬૮ થી ૩૦૦ સુધીમાં કરવામાં આવી છે.

**કેન્દ્ર અને રાજ્ય સરકારોના નાણાકીય સંબંધોને આવરી લેતી જોગવાઈઓ :**

**૧. કેન્દ્રની આવકના સ્વતંત્ર સાધનો**

કેન્દ્ર સરકાર પોતાના ખર્ચને પહોંચી વળે તે માટે કેન્દ્ર સરકારને પોતાની આવકના વિશિષ્ટ સાધનો ફાળવવામાં આવેલ છે. જેમાં ખેતી સિવાયની આવક પરનો આવકવેરો, આબકારી જકાતો, સંપત્તિવેરો, આયાત-નિકાસ જકાત, સરચાર્જ, કંપનીવેરો, શિક્ષણ ઉપકર, સેવાકર વગેરેનો સમાવેશ થાય છે. ધંધાકીય અને વ્યાવસાયિક સેવાઓના મૂલ્ય પર કર વસૂલવાની ભલામણ ડૉ. રાજા ચેલૈયાની કમિટીએ કરી. ૧૯૯૪માં ત્યારના કેન્દ્રીય નાણામંત્રી ડૉ. મનમોહન સિંઘે 'સર્વિસ ટેક્ષ' સૌપ્રથમ ભારતીય કરમાળખામાં દાખલ કર્યો. નાણાકીય ધારા, ૧૯૯૪ના અન્વયે દાખલ કરાયેલી સર્વિસ ટેક્ષની જોગવાઈઓમાં સૌપ્રથમ ત્રણ સેવાઓ પર પાંચ ટકાના દરે સર્વિસ ટેક્ષ નાખવાની

શરૂઆત કરી. જેમાં સ્ટોકબ્રોકર, ટેલિફોન સેવાઓ અને સામાન્ય વીમાની સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો. ૧૯૯૪-૯૫ પછી સર્વિસ ટેક્ષને પાત્ર સેવાઓની યાદીમાં વર્ષોવર્ષ ઉમેરો કરાતો ગયો છે અને આજે લગભગ ૧૨૦ સેવાઓને સર્વિસ ટેક્ષના વ્યાપમાં સમાવી લેવામાં આવી છે.

**૨. રાજ્યોની આવકના સાધનો**

ભારતમાં કેન્દ્રની જેમ રાજ્યોને પણ આવકના કેટલાક સ્વતંત્ર સાધનો ફાળવવામાં આવ્યા છે. રાજ્યોને ફાળવવામાં આવેલા સ્વતંત્ર સાધનોમાં જમીન મહેસૂલ, રાજ્ય સરકારોની આબકારી જકાતો, મિલકતવેરો, ખેતીની આવક પરનો કર, સ્ટેમ્પવેરો, વેચાણવેરો (વેટ), મનોરંજનકર, વ્યવસાયવેરો વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યોને સોંપવામાં આવેલાં આવકના સાધનોનો ઉપયોગ જે તે રાજ્ય જ કરી શકે છે. આ કરવેરા નાખવાનું, ઉઘરાવવાનું તેમજ તેનો વપરાશ કરવાનું કાર્ય રાજ્યોનું હોય છે.

**૩. કેન્દ્ર સરકાર કર નાખે, પરંતુ રાજ્ય સરકારો ઉઘરાવે અને વાપરે**

કેટલાક એવા વિશિષ્ટ કરવેરા છે જે કેન્દ્ર સરકાર નાખે છે, પરંતુ તેને વસૂલીને તેનો ઉપયોગ કરવાની કામગીરી રાજ્ય સરકારો કરે છે. આમાં સ્ટેમ્પ ડ્યુટી, સૌંદર્યપ્રસાધનો પરની આબકારી જકાત, દવાઓ વગેરે ઉપર કર કેન્દ્ર સરકાર નાખે છે અને રાજ્ય સરકારો તે કરની વસૂલાત કરી તેનો ઉપયોગ રાજ્યના વિકાસ માટે કરે છે.

**૪. કેન્દ્ર સરકાર નાખે, ઉઘરાવે, પરંતુ સઘળી આવક રાજ્યોને વહેંચી આપે**

કેટલાક કરવેરામાં સમાન ધોરણ જાળવવા અને વસૂલાતમાં કરકસર કરવા માટે કેન્દ્ર સરકાર આવા કર નાખે છે, ઉઘરાવે છે પણ તેમાંથી પ્રાપ્ત થતી બધી જ આવક રાજ્યો વચ્ચે વહેંચી દેવામાં આવે છે. આમાં ખેતી સિવાયની સંપત્તિ પર લેવાતો વારસાવેરો, વાયદા પરના સોદા પરનો વેરો, સ્ટેમ્પવેરો, અખબારોના ખરીદ-વેચાણ પરનો વેરો તેમજ જાહેરખબર પરનો વેરો વગેરે કરવેરા આ પ્રકારના ગણાવી શકાય.

**૫. કેન્દ્ર સરકાર કર નાખે, ઉઘરાવે અને તેમાંથી રાજ્યોને હિસ્સો આપે.**

ખેતી સિવાયની આવક પરનો આવકવેરો નાખવાનો તથા વસૂલ કરવાનો હક્ક કેન્દ્ર સરકારનો છે, પરંતુ આ વેરામાંથી પ્રાપ્ત થતી આવકના અમુક ટકા નાણાંપંચોની ભલામણો મુજબ રાજ્યો વચ્ચે વહેંચવામાં આવે છે. ભારતમાં અંગ્રેજ શાસકોએ પ્રથમ વખત ૧૮૬૦માં આવકવેરો દાખલ કર્યો. કામચલાઉ સ્વરૂપમાં નાખવામાં આવેલ આ આવકવેરો સમય જતાં ૧૮૮૬માં કાયમી સ્વરૂપે દાખલ થયો અને વધુ વિસ્તૃત બનતો ગયો. ૧૯૧૮માં પ્રથમ વખત બધી આવક ભેગી કરીને કુલ આવક પર આવકવેરો લેવાની પદ્ધતિ દાખલ કરવામાં આવી. હાલમાં આવકવેરા અંગે સમગ્ર ભારતમાં 'આવકવેરા ધારો, ૧૯૬૧' અમલમાં છે.

**૬. રાજ્યોને મદદ**

ભારતના બધાં જ રાજ્યોની આર્થિક સ્થિતિ એકસરખી નથી. ભારતના કેટલાક રાજ્યો આર્થિક દૃષ્ટિએ વિકસિત તો કેટલાક રાજ્યો ઓછા વિકસિત અને પછાત જોવા મળે છે. પરિણામે આ પછાત રાજ્યોને આર્થિક મદદની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી આર્થિક અને પ્રાદેશિક અસમાનતામાં ઘટાડો કરી શકાય અને સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરી શકાય.

**૭. સંચિત નિધિની વ્યવસ્થા**

ભારતીય બંધારણમાં કેન્દ્ર સરકાર અને દરેક રાજ્ય માટે અલગ સંચિત નિધિ સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી છે. સંચિત નિધિના નાણાંનો ઉપયોગ કાયદામાં કરેલી જોગવાઈ મુજબ જ કરવાનો હોય છે. દરેક રાજ્ય માટે પણ આગવી સંચિત નિધિની જોગવાઈ કરવામાં આવી છે.

**૮. સંકટનિધિ**

ભારતના સમવાયી બંધારણમાં અણધારી આફતોને પહોંચી વળવા માટે તાત્કાલિક નાણાકીય સગવડો મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો એમ દરેકને માટે સંકટનિધિ સ્થાપવાની જોગવાઈ છે. આ સંકટનિધિ માટે સંસદ કે ધારાસભા નક્કી કરે તેટલી રકમ ફાજલ પાડવામાં આવે છે. જેથી સંકટના સમયે યોગ્ય કામગીરી કરી શકાય. આ વર્ષે જમ્મુ-કાશ્મીરમાં પૂરે તબાહી સર્જી હતી. લગભગ ૬૦ ટકા વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. આ પરિસ્થિતિમાં કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીર રાજ્યને ૨૧ હજાર કરોડની સહાય કરી હતી.

**૯. નાણાકીય કટોકટી**

ભારતીય બંધારણમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો રાષ્ટ્રપતિને એવી ખાતરી થાય કે દેશમાં અગર દેશના કોઈપણ ભાગમાં નાણાકીય સદ્ધરતા ભયમાં છે તો નાણાકીય કટોકટી જાહેર કરવાનો તેને અધિકાર છે. આ

માટે આવા સમયે રાષ્ટ્રપતિ કટોકટીનું જાહેરનામું બહાર પાડે છે.

સમવાયી નાણાતંત્રમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાકીય પ્રશ્નો અતિ મહત્ત્વના હોય છે. જેવા કે કરવેરાનું પ્રમાણ, કરવેરાની વસૂલાત, કરવેરાની વહેંચણી, રાજ્યોને અપાતું અનુદાન, અનુદાનની ફાળવણી તેમજ સમવાયીતંત્રીય આયોજન વગેરે પ્રશ્નો મહત્ત્વના હોય છે. અમેરિકાના સમવાયતંત્રમાં રાજ્યો વધુ સત્તા ધરાવે છે. તેથી ખર્ચ કરવાની બાબતમાં કેન્દ્ર અને રાજ્યોના કાર્યક્ષેત્રો સમાન રહેતા હોય છે. ભારતીય સમવાયીતંત્રમાં કેન્દ્ર શક્તિશાળી હોવાથી કરવેરાના પ્રશ્નો વધુ જટિલ બન્યા છે. કોઈ પણ દેશનું સમવાયી બંધારણ સાધનો અને જવાબદારીઓનું તદ્દન યોગ્ય રીતે સમાયોજન સાધી શકે નહીં તે સાવ સ્પષ્ટ હકીકત છે. ભારતમાં આવકની બાબતમાં કેન્દ્રની તરફેણમાં સમવાયી માળખું જોવા મળે છે. કેન્દ્ર અને રાજ્યોનો આવકનો ગાળો અસમાન છે. એટલે કે કેન્દ્રને આવક વધુ અને રાજ્યોને આવક ઓછી મળે છે. કેન્દ્ર સરકાર પાસે ઉત્પાદક અને પરિવર્તનશીલ એવા આવકના સાધનો છે. આ ઉપરાંત દેશમાં અને વિદેશમાં અમર્યાદિત રીતે દેવું પ્રાપ્ત કરવાની વિશાળ સત્તા ધરાવે છે. જંગી ખાધ પૂરવણીનો કેન્દ્ર સરળતાથી ઉપયોગ કરી શકે છે. રાજ્યોએ કેન્દ્ર પર વધુ ને વધુ પ્રમાણમાં આધાર રાખવો પડે છે. કારણ કે મોટાભાગની આર્થિક સત્તાઓ કેન્દ્ર હસ્તક છે. બંધારણના ઘડતર વખતે એ બાબતનો ખ્યાલ હતો કે જવાબદારીઓ સાથે નાણાકીય સાધનોનું સમાયોજન થઈ શકશે નહીં. આથી બંધારણની ૨૮૦ની કલમમાં નાણાંપંચની જોગવાઈ દ્વારા જવાબદારીઓ અને નાણાકીય સાધનો વચ્ચેનું 'સમતોલ પરિબળ' પ્રસ્થાપિત કરેલ છે.

વિશ્વના અન્ય રાષ્ટ્રોના સમવાયી બંધારણ કરતાં ભારતનું સમવાયી બંધારણ ઘણી બધી બાબતોમાં વિશિષ્ટ છે. સમવાયી નાણાંતંત્ર અંગેનો પ્રબંધ જોતા રાજ્યો અને કેન્દ્રને જુદા જુદા નાણાકીય સાધનો ફાળવવામાં આવ્યા છે. છતાં ઘણા કરવેરા એવા છે કે જે કેન્દ્ર સરકાર ઉઘરાવે છે, પણ તેમાંથી રાજ્યોને હિસ્સો આપવામાં આવે છે. રાજ્યોને તેની વધતી જવાબદારીઓ સામે પૂરતી સહાય, અનુદાન, લોન અને ઓવરડ્રાફ્ટની સગવડો આપવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાકીય સંબંધો જાળવવા અને તેમાં ફેરફાર કરવા બંધારણ દ્વારા નાણાંપંચની જોગવાઈ કરવામાં આવી છે. એકંદરે જોતાં કેન્દ્ર સરકારમાં નાણાકીય કેન્દ્રીકરણ થયેલું જણાય છે. રાજ્યોની જવાબદારીના સંદર્ભમાં તેમને પ્રાપ્ત થતા નાણાકીય સાધનો અને સહાય અતિ અલ્પ પુરવાર થયેલ છે.

**લેખક સૌરાષ્ટ્ર જ્ઞાનપીઠ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બરવાળા, જૂનાગઢ જિલ્લો ખાતે અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા છે.**





**Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal**

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :
**Business Manager (Journals)**
Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી આકર્ષણ**
**માર્ચ ૨૦૧૫**
**અંદાજપત્ર (વિશેષાંક) ૨૦૧૫-૧૬**

શું આપ જાણો છો ?

# સિબિલ સ્કોર

ઑગસ્ટ ૨૦૦૦માં સ્થપાયેલી ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો (ઇન્ડિયા) લિમિટેડ (ટૂંકમાં સિબિલ) એટલે કે ધિરાણ માહિતી બ્યુરો લિમિટેડ, ભારતની સૌપ્રથમ ધિરાણ માહિતી કંપની છે. એની સ્થાપના, લોન પૂરી પાડનારી વિવિધ નાણાકીય સંસ્થાઓને એમના કારોબારના વ્યવસ્થાપનને સહાયભૂત બની, લોન મેળવનારાઓ - ઉપભોક્તાઓને વધુ ઝડપથી અને વધુ સારી શરતોએ ધિરાણ મેળવવામાં સહાયક બનીને ભારતની નાણાકીય સીસ્ટમમાં મહત્ત્વની ભૂમિકા ભજવવા કરવામાં આવી હતી. સિબિલ વ્યક્તિની, લોનની ચૂકવણી તથા એના ક્રેડિટ કાર્ડનો રેકોર્ડ એકત્ર કરી જાળવે છે. સિબિલની સભ્ય એવી બેંકો અને ક્રેડિટ સંસ્થાઓ એમનો રેકોર્ડ દર મહિને સિબિલને પૂરો પાડે છે, જેનો ઉપયોગ ધિરાણ અંગેની માહિતી હેવાલો - ક્રેડિટ ઈન્ફોર્મેશન રિપોર્ટ - તથા ક્રેડિટ સ્કોર બનાવવામાં થાય છે. આ હેવાલો તથા ક્રેડિટ સ્કોરની વિગતો ધિરાણ સંસ્થાઓને પૂરી પાડવામાં આવે છે, જે ગ્રાહકોની લોન અરજીઓનું મૂલ્યાંકન કરી એને મંજૂર કરવામાં મદદરૂપ બને છે. સિબિલ એના દ્વારા એકત્ર કરાયેલા કોઈપણ રેકોર્ડમાં કોઈપણ ફેરફાર કરી શકતી નથી તેમજ એમાંથી કોઈ વિગતો દૂર પણ નથી કરી શકતી અને જે તે પાર્ટીની ધિરાણ યોગ્યતા સારી કે ખરાબ એવી કોઈ યાદી પણ જાળવતી નથી. સિબિલ દ્વારા તૈયાર કરવામાં આવતો ક્રેડિટ સ્કોર, ધિરાણ પૂરું પાડનારી સંસ્થા માટે, જે તે પાર્ટી અંગે પ્રથમ છાપ ઊભી કરે છે. પાર્ટીનો ક્રેડિટ સ્કોર જેમ વધુ સારો એમ એની લોન માટેની અરજીની સમીક્ષાના અને એ મંજૂર થવાના ચાન્સ વધુ રહે છે.

સિબિલ દ્વારા તૈયાર કરવામાં આવતાં ક્રેડિટ સ્કોર ઉપર જેની અસર થાય એવાં પરિબળો ઘણાં છે. સૌથી પ્રથમ બાબત, તમારો ધિરાણનો ઈતિહાસ છે, જેની તમારા ક્રેડિટ સ્કોર ઉપર ૩૫ ટકા અસર કે પ્રભાવ પડે છે. તમારી લોનની પરત ચૂકવણી અને બિલોની ચૂકવણી નિશ્ચિત કરાયેલી સમય મર્યાદામાં થઈ જવી જોઈએ. એમાં માત્ર એક જ વાર થયેલી ચૂક પણ તમારા સ્કોર ઉપર નકારાત્મક અસર પાડી શકે છે. તમે જે રકમ તમને ધિરાણ કરનારને ચૂકવવા બંધાયેલ છો, એ તમારા સ્કોરનો ૩૦ ટકાના હિસ્સા બરાબર છે. બે મહત્ત્વની બાબતો છે, તમારા ક્રેડિટ કાર્ડની તમને અપાયેલી કુલ મર્યાદા અને એની સામે તમે જેટલા નાણાં વાપરતાં હો એની ટકાવારી. તમે જેટલા સમયથી ક્રેડિટ કાર્ડ વાપરતા હો એ સમય સ્કોરમાં ૧૫ ટકા વેઈટેજ ધરાવે છે. જો તમે સમયસર ચૂકવણી કરતાં હો, તો એની તમારા સ્કોર ઉપર હકારાત્મક - સારી અસર પડે છે. તમે જે રકમની નવી ક્રેડિટ / લોન માટે અરજી કરી હોય એનો હિસ્સો ૧૦ ટકા છે. તમે મેળવેલાં ધિરાણ અને એની ચૂકવણીની તમારી શક્તિ ચકાસવા બેંકો દ્વારા તમારા ક્રેડિટ સ્કોર અંગે કરાયેલી ગણતરીની પૂછપરછ તમારા ક્રેડિટ સ્કોર ઉપર નકારાત્મક અસર પાડી શકે છે. સલામત લોન અને ક્રેડિટ કાર્ડનું સમતોલ મિશ્રણ તમને એક જ પ્રકારનું ધિરાણ મેળવનાર કરતાં વધુ ઊંચો ક્રેડિટ સ્કોર મેળવવામાં મદદરૂપ બનશે. (આનો તમારા સ્કોર ઉપર ૧૦ ટકા પ્રભાવ પડે છે.) ક્રેડિટ સ્કોર ૩૦૦ થી ૯૦૦ પોઈન્ટનો હોય છે અને ૭૦૦ પોઈન્ટ ઉપરનો કોઈપણ સ્કોર ધિરાણનું સારું વ્યવસ્થાપન સૂચવે છે.

એક મોજણી અનુસાર, મોજણીનો પ્રતિભાવ પૂરો પાડનારા લોકોમાંથી ૯૨ ટકાને આ ક્રેડિટ સ્કોર અને લોન-ધિરાણના હપ્તા વગેરે ન ચૂકવવાના, સ્કોર ઉપર પડતા પ્રભાવ અંગે કોઈ જાણકારી નહોતી. આમ ભારતમાં ધિરાણ અંગે જાગૃતિ કેળવવાની દિશામાં હજી ઘણું બધું કરવાની આવશ્યકતા છે.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૧૫
પોસ્ટિંગ તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૧૫


## પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો

| પુસ્તકનું નામ | કિંમત |
|---|---|
| માદામ ભિખાઈજી રુસ્તમજી કામા | ૬૦-૦૦ |
| ઠક્કરબાપા | ૮૦-૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦-૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ | ૭૦-૦૦ |
| વૈજ્ઞાનિકો | ૪૫-૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦-૦૦ |
| આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫-૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬-૦૦ |
| સૌંદર્ય મીમાંસકો | ૫૦-૦૦ |
| કાલીદાસ કહાની | ૩૨-૦૦ |
| વાલ્મીકિ અને વ્યાસ | ૨૨-૦૦ |
| સી. એફ. એન્ડ્રુયુઝ | ૧૫૦-૦૦ |
| રામાયણ, મહાભારત અને ભાગવત લેખકો | ૮૫-૦૦ |
| દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮-૦૦ |
| તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮-૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | ૧૦૦-૦૦ |
| રાજકુમારી નિહાલદે | ૧૨-૦૦ |
| દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦-૦૦ |
| સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮-૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦-૦૦ |
| સંગીતજ્ઞો | ૪૫-૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦-૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેર | ૭૨-૦૦ |
| | રૂ. ૧૭૪૩-૦૦ |

ઉપર જણાવેલ પુસ્તકોના વેચાણમાં ૫૦% કમિશન
૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી ઉપલબ્ધ છે.

| | |
|---|---|
| લાલબહાદુર શાસ્ત્રી | ૭૦-૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦-૦૦ |
| ગુરુનાનક થી ગુરુગ્રંથ સાહેબ સુધી | ૧૬૦-૦૦ |
| ગાંધી-સચિત્ર જીવનકથા | ૧૨૫-૦૦ |
| નાના સાહેબ પેશ્વા | ૧૨૦-૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફુલે | ૧૫૦-૦૦ |
| | રૂ. ૭૦૫-૦૦ |

કુલ રૂ. ૧૭૪૩-૦૦ + ૭૦૫-૦૦ = ૨૪૪૮-૦૦

## યોજના કાર્યાલય

લોંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅન્ક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail : yojanagujarati@gmail.com


O.I.G.S.

YOJANA (GUJARATI), February 2015

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેન્કની ઉપર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

**Printed and Published by Dr. (Ms) Sadhana Rout, Additional Director General and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, Lodhi Road, New Delhi-110003**

Printed By : **Sahitya Mudranalaya Pvt. Ltd.,** 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 • Phone : 25469101-02

**Director & Chief Editor : Rajesh K. Jha** **Dy. Director : Amita Maru**

For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 26100207 / 26105590**